પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
16
# અબતક ®
સાંધ્ય દૈનિક
વાંચકોનો અખંડ વિશ્વાસ જ અમારી સફળતાનો સિમ્બોલ
શહેર આવૃત્તિ પાનાઃ૧૬
તા. ૧૬-૧૦-૨૦૨૬, શુક્રવાર વર્ષઃ ૧૫, અંક : ૧૯૧
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia




તુકારામનો 'તુક્કો'...?

## છૂટક મસાલાના વેચાણ ઉપર મહારાષ્ટ્રમાં પ્રતિબંધ લગાવાયો

### કેન્સરકારક રંગો અને કેમિકલની ભેળસેળ પકડાતા કાર્યવાહીઃ આ નિર્ણયથી નાના વેપારીઓમાં ભારે કચવાટ

**અબતક, નવી દિલ્હી**

મહારાષ્ટ્રમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખુલ્લા મસાલાના વેચાણ પર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્યના વિવિધ ભાગોમાંથી લેવાયેલા મસાલાના સેમ્પલોમાં કેન્સર નોતરે તેવા ઔદ્યોગિક રંગો અને હાનિકારક કેમિકલની ભેળસેળ હોવાનું સામે આવ્યા બાદ આ મોટો નિર્ણય લેવાયો છે. બીજી તરફ એવી પણ ચર્ચા ઉઠી છે કે શુ છૂટક મસાલા વેચવા વાળા જ હરામી ? નાના વેપારીઓ જે પોતાની બ્રાન્ડ ઉભી કરી શકવા સક્ષમ નથી તેઓને આ નિર્ણયથી મોટો માર પડવાનો છે. બીજી તરફ અનેક મોટી બ્રાન્ડ માટે પણ હરિફાઈનું મેદાન મોકળું થઈ ગયાની ચર્ચાએ જોર પકડ્યું છે.

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેએ ગુરુવારે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યભરના વિક્રેતાઓ પાસેથી લેવામાં આવેલા મસાલાના નમૂનાઓમાં સુદાન ડાઈ, મેટાનીલ યલો અને લીડ ક્રોમેટ જેવા ખતરનાક ઔદ્યોગિક રંગો મળી આવ્યા છે. આ તમામ તત્વો કેન્સરકારક છે, જે માનવ શરીર માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. મસાલાના જથ્થાને વધારવા માટે તેમાં લાકડાનો વેર, કૃત્રિમ સ્ટાર્ચ અને ઈંટોના પાવડર જેવી વસ્તુઓ ઉમેરનારાઓ સામે પણ હવે લાલ આંખ કરવામાં આવી છે. મસાલામાં કૃત્રિમ રંગો અને રસાયણોનો ઉપયોગ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

નવા આદેશ મુજબ, એફડીએ દ્વારા મસાલા બનાવતા એકમો અને ફેક્ટરીઓના પરિસરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે. ઉત્પાદકોને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ આ નિર્દેશોનું ઉલ્લંઘન કરતા ઝડપાશે, તો તેમની સામે કડક કાનૂની કાર્યવાહી થશે અને તેઓ પોતાનું ઉત્પાદન લાયસન્સ પણ હંમેશા માટે ગુમાવી શકે છે. આ ઉપરાંત, મસાલા અને કૃત્રિમ રંગો કે કેમિકલ્સ જો એક જ જગ્યાએ સંગ્રહિત થયેલા જોવા મળશે, તો પણ ફેક્ટરી માલિકો કે વેપારીઓ સામે તંત્ર દ્વારા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

મસાલાના ઉત્પાદન અને સંગ્રહની પ્રક્રિયામાં સ્વચ્છતાના ધોરણો જાળવવા માટે પણ કડક સૂચનાઓ અપાઈ છે. રાજ્યમાં હવેથી રસ્તાઓ પર, ગટરોની નજીક અથવા અન્ય કોઈપણ અસ્વચ્છ સ્થળોએ મસાલા સુકવવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ સાથે જ મસાલાના સ્ટોરેજ (સંગ્રહ) માટેના નિયમો પણ કડક બનાવવામાં આવ્યા છે. ભૂતકાળમાં મસાલામાં કૃત્રિમ રંગોના ઉપયોગથી નાગરિકોના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચ્યું હોવાના અનેક કિસ્સાઓ સામે આવતા લોકોના જીવના જોખમને ટાળવા માટે તંત્રએ આ આખરી અને સખત નિર્ણય લીધો છે.

## SIR વિવાદ વચ્ચે ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની જાહેરાત

### ૧ જાન્યુઆરી ૨૦૨૭ને લાયકાતની તારીખ ગણીને નવા મતદારોને જોડાવા અને ભૂલો સુધારવા તક મળશેઃ આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ

**અબતક, નવી દિલ્હી**

દેશમાં ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીમાં ખાસ સુધારો કરવા માટે 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ' (એસએસઆર) યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને વધુ સચોટ બનાવવાનો અને નવા યુવા મતદારોને તેમાં જોડવાનો છે. ચૂંટણી પંચે આ પ્રક્રિયા માટે ૧ જાન્યુઆરી ૨૦૨૭ને લાયકાતની તારીખ તરીકે નક્કી કરી છે, જેના આધારે મતદાર યાદી અપડેટ કરવામાં આવશે. આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ

(અનુ. આઠમા પાને)

**એસઆઈઆર અને એસએસઆર પ્રક્રિયા વચ્ચે શું તફાવત છે?**

એસએસઆરમાં મુખ્યત્વે નવા પાત્ર લોકોને ઉમેરવા અને સામાન્ય સુધારા કરવા પર ધ્યાન અપાય છે, જેમ કે સરનામું બદલવા માટે જાતે ફોર્મ ભરવું પડે છે. જ્યારે એસઆઈઆર એક બહુ વ્યાપક પ્રક્રિયા છે.

(અનુ. આઠમા પાને)













## વારસો અને વિશ્વાસ અમારી જવાબદારીને વધુ મહત્વપૂર્ણ બનાવે છે, નાણાકીય શિસ્ત અમારા ડીએનએમાંઃ ઈશા અંબાણી

### નબળી ઈન્ટરનેટ કનેક્ટિવીટીના અનુભવ બાદ 'જિયો'ની શરૂઆતનો વિચાર જાગ્યો





**અબતક, રાજકોટ**

ઈસા અંબાણીએ જણાવ્યું હતું કે, આ વાત લગભગ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની છે. આકાશ અને હું અમેરિકામાં કોલેજમાં અભ્યાસ કરતા હતાં. રજાઓ દરમિયાન અમે મુંબઈમાં ઘરે આવ્યાં હતાં. મારે એક અસાઈનમેન્ટ ઑનલાઈન સબમિટ કરવાનું હતું. મેં અસાઈનમેન્ટ સબમિટ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ દુર્ભાગ્યવશ ઈન્ટરનેટ કામ કરતું નહોતું અને હું મારું અસાઈનમેન્ટ સબમિટ કરી શકી નહીં. ત્યારબાદ અમારી વચ્ચે એક ચર્ચા શરૂ થઈ-ભારત વિકાસની આ દોડમાં પાછળ કેમ રહે? પશ્ચિમી દેશોમાં અમને જે પ્રકારની કનેક્ટિવિટીનો અનુભવ થતો હતો, તેવી કનેક્ટિવિટી ભારતમાં કેમ ઉપલબ્ધ નહોતી?

આકાશને દૃઢ વિશ્વાસ હતો કે આ સમસ્યાનો જવાબ અને ઉકેલ એક એવી ડિજિટલ ટેકનોલોજી પ્લેટફોર્મ કંપની બનાવવામાં છે, જે ભારતની આ જરૂરિયાત પૂરી કરી શકે.

વર્ષ ૨૦૧૬માં જિયોની શરૂઆત થઈ અને આજે આપણે વર્ષ ૨૦૨૬માં છીએ. સૌપ્રથમ, અમારા દરેક વિચારની પાછળ લાંબા ગાળાની દૃષ્ટિ હોય છે. રિલાયન્સમાં અમે માત્ર આજના કે આવતીકાલના દિવસ માટે બિઝનેસ ઊભો કરતા નથી. અમે દાયકાઓ પછી શું થવાનું છે અને ભવિષ્યમાં કઈ તકો ઊભી થશે, તે વિશે પણ ઊંડાણપૂર્વક વિચારીએ છીએ. બીજું મહત્ત્વપૂર્ણ પાસું છે-સ્કેલ એટલે કે વિશાળ પાયે કામગીરી અને વિકાસ. અમારા માટે મુખ્ય પ્રશ્ન એ હોય છે કે આપણે કયા સ્તરનો વ્યાપ અને ક્ષમતા ઊભી કરવી જોઈએ, જેથી જે ઉદ્યોગમાં અમે કાર્ય કરીએ છીએ તેની આર્થિક વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તન લાવી શકાય. ત્રીજું પાસું છે-અમલીકરણ રિલાયન્સને સમજવા માટે એ સમજવું જરૂરી છે કે અમે મૂળભૂત રીતે એક ટેકનોલોજી અને એન્જિનિયરિંગ આધારિત કંપની છીએ.

અમારી સમગ્ર સંસ્થામાં અસરકારક અમલીકરણ એક મજબૂત આદત બની ગયું છે. આ જ ક્ષમતા અમને અમારા લક્ષ્યો હાંસલ કરવામાં અને અમારા મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતા જાળવવામાં મદદ કરે છે. નાણાકીય શિસ્ત અમારા ડીએનએમાં જ વણાયેલી છે. વર્ષ ૨૦૧૯માં મારા પિતાએ રિલાયન્સના તમામ શેરહોલ્ડર્સને એક પ્રતિબદ્ધતા આપી હતી. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૧ સુધીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને નેટ ડેટ-ફ્રી કંપની બનાવવામાં આવશે, એટલે કે કંપનીનું ચોખ્ખું દેવું શૂન્ય કરવામાં આવશે. ત્યારબાદ વર્ષ ૨૦૨૦ આવ્યું અને તેની સાથે કોવિડ-૧૯ મહામારી તથા વૈશ્વિક આર્થિક મંદી પણ આવી. આટલા મોટા પડકારો હોવા છતાં, નિર્ધારિત સમયમર્યાદા કરતાં નવ મહિના વહેલાં આ વચન પૂરું કરવામાં આવ્યું. રિલાયન્સમાં શેરહોલ્ડર્સને આપેલી પ્રતિબદ્ધતાનો અર્થ અમારા માટે આ જ છે-પરિસ્થિતિ ગમે તેવી હોય, આપેલું વચન પૂરું કરવું. નાણાકીય કામગીરીની બાબતમાં અમે અમારા વ્યવસાયને બે મુખ્ય ધ્યેયો તરફ દોરીએ છીએ.

પ્રથમ, અમે એવી મજબૂત બેલેન્સ શીટ ઊભી કરવા અને તેને સુરક્ષિત રાખવા માગીએ છીએ, જે કોઈપણ પડકારજનક પરિસ્થિતિનો સામનો કરી શકે. બીજું, અમે અમારા વ્યવસાયને એવી દિશામાં આગળ વધારીએ છીએ કે તે સતત વધતો રહે અને લાંબા ગાળે ફ્રી કેશ ફ્લોનું સર્જન કરે. વર્ષો દરમિયાન આ અભિગમે અમને એક સતત વિકાસચક્ર ઊભું કરવામાં મદદ કરી છે-બિઝનેસનું નિર્માણ કરવું, તેમાં રોકાણ કરવું, તેનો વ્યાપ વધારવો, રોકડ પ્રવાહ ઊભો કરવો અને ત્યારબાદ ફરીથી વિકાસમાં રોકાણ કરવું. 'ગ્રોથ ઈસ લાઈફ'-વિકાસ એ જ જીવન છે-અમારું સૂત્ર છે. રિલાયન્સમાં અમે હંમેશાં આ સૂત્રને ધ્યાનમાં રાખીને આગળ વધીએ છીએ. વર્ષ ૧૯૭૭માં મારા દાદા ધીરુભાઈ અંબાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને શેરબજારમાં લિસ્ટેડ કંપની બનાવી હતી. આજે એ ઘટનાને લગભગ ૫૦ વર્ષ થવા આવ્યાં છે. ત્યારથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ વાર્ષિક ધોરણે ૨૯%નું વળતર આપ્યું છે.

આજે હું મારા દાદાને ખૂબ જ પ્રેમ અને કૃતજ્ઞતા સાથે યાદ કરું છું. તેમના માટે રિલાયન્સ માત્ર એક કંપની નહોતી. રિલાયન્સ એક પ્રતિજ્ઞા હતી-દરેક ભારતીયને ભારતના વિકાસમાં ભાગ લેવાની, દેશની સમૃદ્ધિમાં પોતાનો હિસ્સો મેળવવાની અને વધુ સારા ભવિષ્યમાં વિશ્વાસ રાખવાની તક મળવી જોઈએ. મારા દાદા ફૂટબોલનાં વિશાળ સ્ટેડિયમોમાં હજારો લોકોને એકત્રિત કરતા અને તેમને વધુ મજબૂત, આત્મવિશ્વાસુ અને સમૃદ્ધ ભારતનું સ્વપન જોવાની પ્રેરણા આપતા હતા. તેમનો સંદેશ સરળ હતો, પરંતુ ખૂબ જ શક્તિશાળી હતો, મોટાં સપનાં જોવાની હિંમત રાખો, નિર્ભય બનો, વિશાળ દૃષ્ટિકોણ સાથે વિચારો અને સતત નવીનતા દ્વારા શ્રેષ્ઠતા હાંસલ કરો.

ત્રણ પેઢીઓ પછી પણ આકાશ, અનંત અને હું અમારા સૂત્ર 'ઋદ્ધિ વિં શત કશરય' પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. અમે માત્ર અમારા દાદાનું વિઝન જ આગળ ધપાવી રહ્યાં નથી, પરંતુ લાખો શેરહોલ્ડર્સના વિશ્વાસને પણ આગળ લઈ જઈ રહ્યાં છીએ. આ શેરહોલ્ડર્સે તેમના વિઝનમાં વિશ્વાસ મૂક્યો અને તેને પોતાનું વિઝન બનાવ્યું. આ જ વારસો અને વિશ્વાસ અમારી જવાબદારીને વધુ મહત્ત્વપૂર્ણ બનાવે છે.



### જિયો પ્લેટફોર્મ્સ લીમીટેડનો આઈપીઓ આવી રહ્યો છે ત્યારે ડિરેક્ટર ઈશા અંબાણીએ જિયોની શરૂઆત અંગે માહિતી આપી હતી

### મ્યાઉં બોલતી મમતાની ભાષા, જીવદયા શીખવતી કુદરતની પરિભાષા

# બિલાડીની મીઠાશમાં માનવતાનો મહેકતો અહેસાસ: વિશ્વમાં ૭૦થી વધુ પ્રજાતિઓ

## બિલાડીઓ મ્યાઉં, પ્યુરિંગ, શરીરની સ્થિતિ અને પૂંછડીની હિલચાલ દ્વારા વાતચીત કરે છે: ભારતમાં સામાન્ય રીતે જોવા મળતી દેશી બિલાડી, ઉપરાંત પર્શિયન, સિયામીઝ, મેઈન કૂન, બંગાળ, રશિયન બ્લુ અને સ્કોટિશ ફોલ્ડ જેવી વિદેશી નસલો પ્રખ્યાત છે

બાળપણમાં આપણે એક બિલાડી જાડી આ ગીત ઘણી વખત ગાયું છે, આપણા આંગણાના પશુઓ માં તે પણ આપણી સાથે પ્રાચીન કાળથી રહે છે. મોટાભાગના લોકોને પ્રશ્ન થાય કે કાળી બિલાડીને અશુભ કેમ ગણવામાં આવે છે ? ભારતમાં કાળી બિલાડી આડી ઉતરે તો અપશુકન મનાય છે, પણ આ માન્યતા વૈજ્ઞાનિક નથી. આ માન્યતાનું મૂળ મધ્યયુગીન યુરોપમાં છે, ત્યાં કાળી બિલાડીને ડાકણ અને દુષ્ટ શક્તિઓ સાથે જોડવા માં આવતી હતી. રાત્રે કાળી બિલાડી દેખાતી ન હોવાથી અકસ્માતનો ભય રહેતો, તેથી લોકો રોકાઈ જતા. ભારતમાં આ વાત વહેમ તરીકે આવી. હકીકતમાં ઈંગ્લેન્ડ અને જાપાનમાં કાળી બિલાડીને શુભ અને નસીબદાર માનવામાં આવે છે. તેનો રંગ માત્ર મેલેનિન પિગમેન્ટને કારણે કાળો હોય છે.

ઈતિહાસકારોના મતે બિલાડીને સૌપ્રથમ ઈ.સ. પૂર્વે ૭૫૦૦ આસપાસ સાયપ્રસ ટાપુ પર પાળવામાં આવી હતી. પરંતુ સંગઠિત રીતે પાળવાની શરૂઆત પ્રાચીન ઈજિપ્તમાં થઈ, જ્યાં તેને દેવી બાસ્ટેટનું સ્વરૂપ માની પૂજા થતી હતી. ઈજિપ્તમાં બિલાડીને મારવી એ ગુનો હતો. ત્યાંથી વેપારી જહાજો મારફતે બિલાડી ગ્રીસ અને રોમ પહોંચી. ભારતમાં સંસ્કૃત ગ્રંથોમાં તેને માર્જાર કહેવામાં આવી છે. ૧૯૬૦ના દાયકા સુધી બિલાડીને માત્ર ખેતી ઉપયોગી પ્રાણી ગણવામાં આવતી, હવે તે વિશ્વનું બીજું સૌથી લોકપ્રિય પાલતુ પ્રાણી બની ગઈ છે. વિશ્વમાં બિલાડીઓના મુખ્ય બે વર્ગ છે, જંગલી અને પાળતુ. વૈજ્ઞાનિક રીતે ઘરની બિલાડીને ફેલીસ કેટ કહેવાય છે. પાળતુ બિલાડીઓમાં ૭૦થી વધુ માન્ય પ્રજાતિઓ છે. ભારતમાં સામાન્ય રીતે જોવા મળતી દેશી બિલાડી, ઉપરાંત પર્શિયન, સિયામીઝ, મેઈન કૂન, બંગાળ, રશિયન બ્લુ અને સ્કોટિશ ફોલ્ડ જેવી વિદેશી પ્રજાતિઓ જાણીતી છે. પર્શિયન બિલાડી તેના લાંબા વાળ અને શાંત સ્વભાવ માટે, જ્યારે સિયામીઝ તેની વાતોડી પ્રકૃતિ અને વાદળી આંખો માટે જાણીતી છે. દરેક નસલનો સ્વભાવ, રોગપ્રતિકારક શક્તિ અને આયુષ્ય અલગ હોય છે.

માણસ અને બિલાડીનો સંબંધ લગભગ ૧૦ હજાર વર્ષ જૂનો છે. શરૂઆતમાં બિલાડી ખેતરોમાં અનાજને ઉંદરથી બચાવવા માટે પાળવામાં આવી હતી. આજે તે માત્ર ઉંદર પકડનાર પ્રાણી નથી, પણ એક કુટુંબના સભ્ય તરીકે સ્થાન પામી છે. મનોવિજ્ઞાનના અભ્યાસો કહે છે કે બિલાડીને પંપાળવાથી માનસિક તણાવ ઘટે છે અને બ્લડપ્રેશર નિયંત્રણમાં રહે છે. બિલાડી ક્યારેય માલિકની ગુલામ નથી બનતી, તે સહજીવનમાં માને છે, એટલે જ તેને સ્વતંત્રતાનું પ્રતીક પણ કહેવાય છે. જંગલી બિલાડી જેવી કે જંગલ કેટ, કેરાકલ કેટ બોબકેટ, કદમાં મોટી, વધુ આક્રમક અને નિશાચર શિકારી હોય છે. તેના પગના પંજા મજબૂત અને કાન સતેજ હોય છે. જ્યારે ગામ કે શહેરની પાળતુ બિલાડી હજારો વર્ષના પાલનને કારણે માણસ પર નિર્ભર બની છે. તેનો શિકારનો વિસ્તાર નાનો છે, અવાજ ધીમો છે અને તે મ્યાઉં અવાજ ખાસ માણસ સાથે વાતચીત કરવા માટે જ વિકસાવ્યો છે. જંગલી બિલાડી એકલી રહે છે, જ્યારે શહેરી બિલાડી કોલોનીમાં પણ અનુકૂલન સાધી લે છે. તે તેના બચ્ચાને લઈને અલગ અલગ ઘર ફરે છે. છેલ્લા દસકામાં ભારતમાં પેટ કલ્ચરમાં મોટો બદલાવ આવ્યો છે. કૂતરા કરતાં બિલાડી પાળવી સરળ છે. તેને ફરવા લઈ જવાની જરૂર નથી, નાની જગ્યામાં રહી શકે છે, અને દિવસમાં ૧૨ થી ૧૬ કલાક ઊંઘે છે, જે નોકરિયાત વર્ગ માટે અનુકૂળ છે. સોશિયલ મીડિયા પર કેટ વીડિયો અને મીમ્સે યુવાનોમાં તેનો ક્રેઝ વધાર્યો છે. ઉપરાંત, બિલાડીનો ખર્ચ કૂતરા કરતાં ૩૦ થી ૪૦ ટકા ઓછો આવે છે, અને તે વધુ સ્વચ્છ પ્રાણી છે, જે પોતાની જાતે જ સાફ સફાઈ કરી લે છે. બિલાડીને 'નવ જીવ' કહેવાની પાછળ વૈજ્ઞાનિક કારણ છે. તેની રોગપ્રતિકારક શક્તિ તેજ હોય છે. બિલાડીના શરીરમાંથી નીકળતો ઘુરઘુરાટ અવાજ ૨૫ થી ૧૫૦ હર્ટ્ઝની ફ્રિકવન્સી પર હોય છે, જે તેના હાડકા અને સ્નાયુઓને ઝડપથી રિપેર કરે છે. તે અત્યંત ચપળ છે અને ઊંચાઈ પરથી પડતી વખતે શરીરને સંતુલિત કરી લે છે. વળી, તે ખાવા-પીવામાં ખૂબ જ પસંદગી યુક્ત હોય છે, વાસી કે શંકાસ્પદ ખોરાક તરત સૂંઘીને છોડી દે છે, જેનાથી ચેપનું જોખમ ઘટે છે. સામાન્ય ઘરેલુ બિલાડીઓ પણ રંગ, કદ, સ્વભાવ અને રૂંવાટીની દૃષ્ટિએ એકબીજાથી અલગ હોય છે. બિલાડીઓની રાત્રિદૃષ્ટિ મનુષ્ય કરતાં ઘણી સારી હોય છે, તેમની મૂછો આસપાસની જગ્યાનો અંદાજ મેળવવામાં મદદ કરે છે અને કાનની મદદથી તેઓ અત્યંત ઝીણા અવાજો પણ સાંભળી શકે છે. તેમની જીભ પરના નાના, કાંટા જેવા પેપિલા રૂંવાટી સાફ કરવામાં મદદ કરે છે. તેમનું 'મ્યાઉં' બોલવું ઘણી વાર માણસ સાથે સંવાદ સાધવાનું માધ્યમ બને છે, પ્રત્યેક પ્રજાતિનો પોતાનો એક અલગ જ અનોખો મિજાજ હોય છે, જે ઘરના વાતાવરણને જીવંત અને આનંદિત બનાવે છે.




**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### પર્શિયન બિલાડી તેના લાંબા વાળ અને શાંત સ્વભાવ માટે, જ્યારે સિયામીઝ તેની વાતોડી પ્રકૃતિ અને વાદળી આંખો માટે જાણીતી છે: દરેક નસલનો સ્વભાવ, રોગપ્રતિકારક શક્તિ અને આયુષ્ય અલગ હોય છે

### બિલાડીઓ વિશે રસપ્રદ તથ્યો

બિલાડીઓ દિવસમાં ૧૨ થી ૧૬ કલાક ઊંઘે છે, જે લગભગ કોઈપણ સામાન્ય પાલતુ પ્રાણી કરતાં વધુ છે.બિલાડીના નાકની પેટર્ન દરેક વ્યક્તિ માટે અનન્ય હોય છે જેમ માનવ ફિંગરપ્રિન્ટ હોય. બિલાડીઓ મ્યાઉં, પ્યુરિંગ, શરીરની સ્થિતિ અને પૂંછડીની હિલચાલ દ્વારા વાતચીત કરે છે.બિલાડી ઓ ખૂબ ઓછા પ્રકાશમાં પણ સ્પષ્ટ જોઈ શકે છે.

આ લક્ષણ તેમના જંગલી પૂર્વજો પાસેથી વારસામાં મળ્યું છે.પ્રાચીન ઈજિપ્તમાં, બિલાડીઓ ને આદરણીય અને રક્ષણાત્મક દેવતાઓ સાથે સાંકળવામાં આવતી હતી, જે ઈતિહાસમાં સૌથી પ્રાચીન માનવ-બિલાડીના બંધનોમાંના એકને પ્રતિબિંબિત કરે છે. વિશ્વભરમાં અંદાજે ૬૦૦ મિલિયન બિલાડીઓ છે, જેમાંથી મોટાભાગની બિલાડીઓને ઘરેલુ પાલતુ તરીકે રાખવામાં આવે છે.

# નિષ્ફળતાનો ડર અને ભવિષ્યની ચિંતા આપે છે માનસિક તણાવ

## માનસિક તણાવમાંથી મુક્તિ મેળવવા માટે વિચારસરણી બદલાવવી ખૂબ જ જરૂરી

**ડો.બી.આર.વાઘેલા**
**પ્રમુખ : શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ - રાજકોટ**

માનસિક સ્વાસ્થ્ય એ માનસિક રોગ કે બીમારીનો કોઈ અભાવ જોવા મળતો નથી. પણ તે આપણે શું અને કેવું વિચારીએ? આપણે શું અનુભવીએ? કે પરિસ્થિતિનું આપણે સામનો કરીએ છીએ,એ વિવિધ ક્ષમતાઓ છે. જે આપણા શરીરને સ્વસ્થ કેવી રીતે રહેવું તે જરૂરી બતાવે છે.તેમજ જીવનમાં ઘણીવાર માનસિક તણાવ માટે આપણે વ્યક્તિગત વ્યવસાયિક અને સમાજને લગતા કારણોને જોતા હોઈએ છીએ. આજના યુગમાં લોકોનો માનસિક તણાવ ખૂબ જોવા મળે છે. છે ગંભીર રીતે લોકો તેનાથી પીડાય છે આપણા રોજિંદા જીવનને કઈ રીતે સુધારવું, કઈ રીતે કામ કરવું એ બધી જ વાત પર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. લોકોના જીવન પર ખૂબ જ ખરાબ અસર થાય છે. આપણા જીવનની નિષ્ફળતાનો ડર આપણને બીવડાવતો હોય છે ભવિષ્યમાં શું થશે એ ચિંતા અથવા ખરાબ ઘટનાઓ વિશેનું સતત વિચારવું એ પણ આપણને તણાવ ગ્રસ્ત બનાવે છે. આપણે જે કામ કરતા હોઈએ તે નોકરી કે વ્યવસાયમાં વધુ કામથી કે સમય મર્યાદા ને ધ્યાનમાં રાખીને કામ પૂરતું ન થાય તો તે કામથી સંતોષ પણ નથી મળતો અને એ ચિંતાથી માનસિક તણાવ થાય છે. એવી જ રીતે કુટુંબ-પરિવાર કે જીવનસાથી,મિત્રો કે કર્મચારીઓ સાથેના અણુ બનાવતી પણ ચિંતા થતી જોવા મળે છે. એવી જ રીતે આપણી પોતાની જીવનશૈલી પણ સરખી ના હોય જેમ કે પૂરતી ઊંઘ નથી મળતી કે આપણે આરોગ્યને ધ્યાનમાં રાખવા માટેના યોગ્ય સારો ખોરાક ન લઈ શકતા હોય કે જીવનમાં આપણે કસરત ને સારું એવો સમય પણ ભાગ ભજવે છે જે આપણે નથી કરતા એ કસરત યોગ ધ્યાન માટે સમય કાઢતા નથી. એથી પણ માનસિક તણાવ થતો જણાય છે. જેમાંથી વધુ રોગનો ભોગ આપણે બની શકીએ છીએ. માનસિક તણાવતી રોગપ્રતિકારક શક્તિમાં પણ ઘટાડો જોવા મળે છે. જેનાથી શરીર નબળું પડે છે અને આપણે રોગનો ભોગ બનીએ છીએ.

આપણને જીવનમાં ઘણીવાર રિજેક્શન પણ જોવા મળે છે. એમાં હતાશા પણ આપણને ખાવા દોડે છે. જેનાથી આપણે સતત ઉદાસ રહીએ છીએ, અને અસ્વસ્થાને આપણે અનુભવીએ છીએ. જેનાથી ચીડિયા પણું થાય છે અને વાત વાતમાં ગુસ્સો આવે છે. આપણે મનથી અકળાઈ ગયા હોય એમ થવું, જેનાથી સતત વિચારવું, બેસી રહેવું, રડવું,કોઈ સાથે વાત ન કરવી. એ બધાથી આપણને પીઠ કે સ્નાયુનો ખેંચાણ થવું છે એનાથી દુખાવો રહે થાકનો અનુભવ કરવો માથું દુખવું એ વગેરે આપણે અનુભવતા હોઈએ છીએ. આ બધા માનસિક તણાવની નિશાની છે.

આપણે આ બધી જ માનસિક સમસ્યાથી પીડાતા હોય એ છીએ. એમાં આપણે બહાર નીકળવું ખૂબ જરૂરી છે. આમાં આપણે આપણી જીવનશૈલી બદલવી ખૂબ જરૂરી છે. જેમાંથી એકલાપણું ને મૂકી, અને આપણે પરિવારના સભ્યો વચ્ચે રહેવું ખૂબ જરૂરી, જેમાં લોકો સાથે વાત કરવી, હળી મળીને રહેવું, આપણા મનને હંમેશા અટકેલું મન રાખ્યા વગર લોકો વચ્ચે રહેવું જરૂરી છે. આપણા મનને કામમાં પરોવાની કોશિશ કરવી. સવારે વહેલા ઊઠીને કસરત કરવી, ચાલવું, દોડવું, પ્રાણાયામ યોગ કરવા. જેનાથી શરીરના હોર્મોન્સ રિલીઝ થાય અને નબળા માંથી આપણે સબળા બન્યા.

આપણી શ્વાસ લેવાની પ્રક્રિયાને આપણે સમજીને સુધાર કરવો જેમાં પ્રાણાયામ દ્વારા પ્રયાસ કરી શકાય છે. રોજ આપણે આરોગ્યને ધ્યાનમાં રાખીને સંતુલિત આહાર નો ઉપયોગ કરવો. ચા કોફીનો ઉપયોગ ઓછો કરવો. કઠોળ, લીલા શાકભાજી, તથા સારા સિઝનલ ફળોનો ઉપયોગ કરવો.

જે વ્યક્તિ તણાવયુક્ત છે એ વ્યક્તિએ પોતાની માનસિક અને શારીરિક પરિસ્થિતિને બદલવાનો ખૂબ પ્રયાસ કરવો જોઈએ. સાથોસાથ વિચારસરણીને પણ બદલવી ખૂબ જરૂરી છે.

આપણે લોકોનું તથા પોતાનું સાચું અને સારું અને સકારાત્મક વિચારવું જે પરિસ્થિતિ હાથમાં છે તે પરિસ્થિતિને સુધારી અને કામ કરવું. જે સમસ્યાનો ઉકેલ નથી તેમાં મથવું નહીં. અને જે પરિસ્થિતિને આપણે બદલી જ નથી શકવાના એ પરિસ્થિતિની ચિંતા કરવી નહીં. આપણે કામના ભારણને સમજીને ના પાડતા શીખવું જોઈએ. જેનાથી આપણે માનસિક તણાવ ઘટાડી શકીએ છીએ. ખુદની લાગણીઓને સમજવી લોકો પ્રત્યે પ્રેમભાવના રાખીને પરિવાર તથા મિત્રો સાથે વાતો શેર કરવી. પોતાના શોખ શું છે જેમ કે પુસ્તકો વાંચવા,સંગીત સાંભળવું, ફરવા જવું,સારી રસોઈ કરવી,વગેરે આપણને તળાવ મુક્ત કરી શકે છે. જેમાં સ્ક્રીન ટાઈમ ને આપણે જીવનમાં થોડું ઘટાડવું જરૂરી છે. જેમાં પિક્ચર જોવું સીરીયલ જોવી ગેમ્સ રમવી મોબાઈલમાં રીલ જોવી વગેરે ઓછું કરવુ સોશિયલ મીડિયાનો અતિશય ઉપયોગ થી આપણે મન તથા માનસિક રોગી બની જાય છે પ્રકૃતિને ધ્યાનમાં રાખીને રહેવું પણ જરૂરી છે.

વધુ સમય આપણે નેચર માં પણ વિતાવો જોઈએ આપણે ઘરમાં વધુ સમય જે જગ્યાએ હોય એ જગ્યા ને વધારે નેચરયુક્ત રાખવી જેમાં ફૂલ છોડ વાવેલા હોય,હવા ઉજાસ હોય, પૂરતો સૂર્યપ્રકાશ આવતો હોય આ આ જગ્યાએ તણાવયુક્ત માણસે સમય વિતાવો ખુબ જરૂરી છે. ઘણીવાર માનસિક રોગીને એક મનોચિકિત્સક સુધારી શકે છે એ વાત વિચારવી ખોટી છે. એવું જરૂરી પણ નથી. આપણે જીવનશૈલી આપણે સુધારીએ તો આપણે પોતે તળાવ મુક્ત થઈ શકીએ છીએ.

# માઁ આશાપુરા મંદિરે સોમવાર હોમાદિક ક્રિયા ઉત્સવ



**અબતક, રાજકોટ**

માં આશાપુરા મંદિર સોમવાર આસો સુદ-૮ ના રાજકોટ ઠાકોર સાહેબ માંધાતાસિંહજી તથા રાજકુમાર રામરાજા તેમજ રાજવી પરિવાર દ્વારા સવારે વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા સવારે હવન વિધિ થશે. પુજારી ભરતભાઈ ભટ્ટ તથા વિશ્વેશભાઈ ભટ્ટની ઉપસ્થિતીમાં કાર્યક્રમ થશે. બપોરના ૦૪:૩૦ કલાકે ઠાકોર સાહેબ માંધાતાસિંહજી તથા રાજકુમાર રામરાજા તેમજ રાજવી પરિવાર દ્વારા હવનકુંડમાં બીડું હોમવામાં આવશે. મંદિરનું વાતાવરણ ભકિતમય બની જશે. માં આશાપુરાના નાદથી પેલેસ રોડ ગુંજી ઉઠશે. માં આશાપુરાના દર્શનમાત્રથી મનોકામના પૂર્ણ થાય છે.

# દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સાથે પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયાની શુભેચ્છા મુલાકાત



**અબતક, રાજકોટ**

નવી દિલ્હી ખાતે પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયાએ દેશના કેન્દ્રીય ગૃહમંત્રી તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રસંગે રામભાઈ મોકરીયા તથા મારૂતિ ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અજયભાઈ મોકરીયા (તેમના પુત્ર) પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ શુભેચ્છા મુલાકાત દરમિયાન રામભાઈ મોકરીયાના સાંસદ તરીકેના કાર્યકાળ દરમિયાન વિકાસ માટે પ્રાપ્ત થયેલી કુલ રૂ.૧૯.૬૦ કરોડની ગ્રાન્ટ અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૧૦-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેનીલા હની પેન કેક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ દિકરીના સપનાની નવરાત્રી -
**અબતક સુરભી રાસોત્સવ ૨૦૨૬ (લાઈવ)**

**તારીખ ૧૭-૧૦-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ) લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૭-૧૦-૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુદ સાતમ સાતમુ નોરતુ વૃધ્ધિ તિથિ
**નક્ષત્ર** મૂળ
**યોગ** અતિગંડ **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૪૫ **સુર્યાસ્ત:** ૬.૨૦
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧૨.૫૬

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | ૬ | ૨ | | | | |
| | | | ૩ | | | | | ૬ |
| | ૩ | | | | ૯ | | ૪ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| | ૫ | | | | | ૭ | | |
| | ૪ | ૮ | | ૬ | ૧ | | | |
| ૬ | | | ૪ | | | | ૨ | |
| | ૧ | | | ૮ | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |

## તા.૧૭/૧૦ ને શનિવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, આસો સુદ સાતમ, મૂળ નક્ષત્ર, અતિ, યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્ય ની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.
**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**કર્ક (ડ,હ) :** શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.
**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.
**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
**કુંભ (ગ,સ,શ ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# પાકિસ્તાનના પાસપોર્ટ કરતાં રાજકોટના ગરબાના પાસનું મૂલ્ય વધુઃ હર્ષ સંઘવી

## ‘‘મુસ્કુરાઈએ આજ સે આપ ભારત કે નાગરિક હૈ..’’ નાયબ મુખ્યમંત્રીના હસ્તે ૩૧૯ વિસ્થાપિતોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત

**અબતક, રાજકોટ**

‘‘મુસ્કુરાઈએ આજ સે આપ સબ ભારત કે નાગરિક હૈ..‘‘ પાકિસ્તાનમાંથી વિસ્થાપિત એવા ૩૧૯ લોકોને જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉપરના શબ્દો સાથે નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યું ત્યારે તેઓના આનંદનો પાર ન રહ્યો.. તેમના જીવનમાં આજે જાણે ‘‘દશેરા પહેલા જ દિવાળી‘‘નો માહોલ સર્જાયો. અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ તો અનેક ગળગળા થઈ ગયા.

રાજકોટમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતેના આજના કાર્યક્રમમાં ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે અહીં ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ યોજવામાં આવ્યો હતો.

પાકિસ્તાનમાં વર્ષો સુધી યાતના અને પીડા વેઠીને, જીવ




બચાવીને ગુજરાતમાં આશ્રય લેનાર પરિવારોને સુરક્ષાનું આશ્વાસન આપતા યુવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ‘‘મુસ્કુરાઈએ આજ સે આપ સબ ભારત કે નાગરિક હૈ..‘‘

આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરનાર ૩૧૯ પરિવારો માટે આજે પાંચમા નોરતાનો દિવસ દિવાળીના ઉત્સવ સમાન ગણાવ્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, આપ સૌના ઘરમાં આજે દિવાળીના દીપ પ્રગટાવવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મક્કમ નિર્ણય અને સી.એ.એ.ના અમલીકરણથી થયું છે.

પાકિસ્તાનમાંથી વિસ્થાપિત

(અનુ. આઠમા પાને)













# વ્યાજખોરીનાં દુષણ સામે આરપારની લડાઈ લડવા રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર : હર્ષ સંઘવી

### શાપરમાં નવનિર્મિત વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું નાયબ મુખ્યમંત્રીનાં હસ્તે લોકાર્પણ

### આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો દૂર કરી ૭૦૦થી વધુ લોકોને કાઉન્સેલિંગ દ્વારા નવું જીવન પૂરૂ પાડનારી રાજકોટ ગ્રામ્ય પોલીસની વિશેષ પહેલ પ્રેરણા- નવા જીવનની અહેવાલનું વિમોચન





**અબતક, રાજકોટ**

રાજ્યના નાયબ મુખ્યમંત્રી ગઈકાલે રાજકોટનાં પ્રવાસે આવ્યા હતા. ત્યારે હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજકોટના શાપર ખાતે વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ભુમાફિયા અલ્પેશ દોંગા આણી ટોળનીનો ભોગ બનેલા ૫૫ ખેડૂતોની રૂ. ૧૦૦ કરોડથી વધુ કિંમતની ૫૦૦થી વધુ વિઘા જમીનના દસ્તાવેજો ખેડૂતોને પરત સોંપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, વ્યાજખોરી કરતા દૂષણખોરો સામે આરપારની લડાઈ લડવાનો ગુજરાત સરકારનો મક્કમ નિર્ધાર છે. રાજકોટ પોલીસે ૫૫ ખેડૂતોની અંદાજે ૧૦૦ કરોડથી વધુ રકમની જમીન પરત અપાવવામાં ઐતિહાસિક સફળતા મેળવી છે. દેશના ઈતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં ખેડૂતોને જમીનો પરત અપાવવાનો આ પ્રથમ કિસ્સો છે.

સાથે જ, નાયબ મુખ્યમંત્રીએ ઉપસ્થિત ખેડૂતો અને નાગરિકોને અપીલ કરી હતી કે, વ્યાજખોરોને હંમેશા પોલીસ અને કાયદાનો ભય રહેવો જોઈએ. ખેડૂત પોતાની આખી જિંદગી મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હોય છે. મુશ્કેલીના સમયે વ્યાજે લીધેલા નાણાં સામે વિશ્વાસઘાત કરીને વ્યાજખોરો અને ભૂમાફિયાઓ ખેડૂતોની જીવનભરની મૂડી સમાન જમીનો કબજે કરી લેતા હોય છે. ખેડૂતોએ વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે નાણાં લેવાને બદલે સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ અને વ્યાજખોરોના વિષચક્ર સામે સાવચેત રહેવું જોઈએ. દસ્તાવેજોમાં જો સહી કરતી વખતે સાવચેતી ન રાખવામાં આવે તો ભવિષ્યમાં ન્યાય અપાવવો ખૂબ મુશ્કેલ બને છે. આ પ્રસંગે તેમણે પોલીસમિત્રો અને તેમના પરિવારોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.

શાપર, પડવલા, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સૌજન્યથી નિર્માણ પામેલી વિભાગીય પોલીસ અધિકારી, રાજકોટ ગ્રામ્ય ડિવિઝન કચેરી કાર્યરત થવાથી શાપર-વેરાવળ સહિતના મહત્વના ઔદ્યોગિક તેમજ ગ્રામીણ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી વધુ સુદૃઢ બનશે અને સ્થાનિક નાગરિકોને જરૂર પડ્યે પોલીસની સેવાઓ વધુ ઝડપથી મળી રહેશે.

આ તકે નાયબ મુખ્યમંત્રીએ ઈશ્વરની આરાધના સાથે દીપ પ્રજ્વલિત કરી નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત નાયબ મુખ્યમંત્રીના હસ્તે રાજકોટ પોલીસે સબ રજિસ્ટ્રાર કચેરીના સહયોગથી ભૂમાફિયાઓ તેમજ વ્યાજખોરો સામે ચલાવાયેલી કડક ઝુંબેશના ભાગરૂપે, દગાબાજી અને છેતરપિંડીથી પડાવી લેવાયેલી ૫૫ જેટલા ખેડૂતોની અંદાજે રૂ.૧૦૦ કરોડની ૫૦૦થી વધુ વિઘા જમીનના ૫૫ દસ્તાવેજો મૂળ માલિક ખેડૂતોને સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત લોકોમાં આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો દૂર કરી ૭૦૦થી વધુ લોકોને કાઉન્સેલિંગ દ્વારા નવું જીવન પૂરું પાડનારી રાજકોટ ગ્રામ્ય પોલીસની વિશેષ પહેલ પ્રેરણા- નવા જીવનની અહેવાલનું પણ આ તકે નાયબ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ પૂર્વે રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા નાયબ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની સ્વાગત વિધિ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા કરવામાં આવી હતી તેમજ આભારવિધિ મદદનીશ પોલીસ અધિક્ષક, ધોરાજી ડિવિઝન સીમરન ભારદ્વાજે કરી હતી. આ પ્રસંગે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડિયા, ઉદયભાઈ કાનગડ, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા સહિતના પદાધિકારીઓ, રાજકોટ ડીઆઈજી નિર્લિપ્ત રાય, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને નાગરિકો સહભાગી થયા હતા.

## મંદિરોમાં જવાથી જેટલાં આશિર્વાદ ન મળે એટલા આશિર્વાદ આજે એસપી વિજયસિંહને ખેડૂતોએ આપ્યા

### ભુમાફિયાએ પડાવી લીધેલી ૧૦૦ કરોડથી વધુ કિંમતની જમીનો ખેડૂતોને પરત આપવાની કામગીરીને હર્ષ સંઘવીએ બિરદાવી

શાપર મુકામે હર્ષ સંઘવીની ઉપસ્થિતમાં અનેક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મુખ્યત્વે કુખ્યાત ભુમાફિયા અલ્પેશ દોંગા આણી ટોળકીએ ખેડૂતોને ધિરાણનાં નામે ફસાવી દગાખોરીથી જગતનાં તાતની જમીનો પડાવી લીધી હતી. તે તમામ ૫૫ ખેડૂતો પાસે ભુમાફિયાએ જમીનના કરાવી લીધેલા દસ્તાવેજો રદ્દ કરાવી રૂ. ૧૦૦ કરોડથી વધુ કિંમતની ૫૨૨ વીઘા જમીનના દસ્તાવેજો ખેડૂતોને પરત આપવામાં આવ્યા હતા. ત્યારે હર્ષ સંઘવીએ રાજકોટ ગ્રામ્ય પોલિસની કાબિલેદાદ કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, જે ખેડૂતોએ પોતાની જમીન પરત મેળવવાની આશા પણ છોડી દીધી હતી તેવા ખેડૂતોનો પોલીસે સામેથી સંપર્ક કરી તેમને જમીન પરત અપાવી છે. આ સાથે જ હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરને કોઈપણ મંદિરમાં જવાથી જેટલા આશિર્વાદ નહીં મળ્યા હોય તેના કરતા વધુ આશિર્વાદ ખેડૂતોએ આપ્યા હશે.

## રાજકોટ ગ્રામ્ય પોલીસની સિદ્ધિ : આઈએસઓ પ્રમાણપત્ર મેળવનાર રાજ્યનો પ્રથમ જિલ્લો

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનાં અધ્યક્ષસ્થાને ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં સમગ્ર રાજકોટ જિલ્લા પોલીસ તંત્રને આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ ૨૪ પોકીસ સ્ટેશન, કચેરીઓ અને અલગ અલગ શાખાઓને ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રમાણપત્ર મેળવનારો રાજકોટ જિલ્લો સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ જિલ્લો બન્યો છે.

## ભુમાફિયા અલ્પેશ દોંગાએ દગાખોરીથી પડાવી લીધેલી ૫૫ ખેડૂતોની ૧૦૦ કરોડથી વધુ કિંમતની જમીનનાં દસ્તાવેજ પરત અપાયા

# દશેરાએ આતશબાજી સાથે રાવણ, મેઘનાથ અને કુંભકર્ણના પુતળાનું દહન

### મંગળવારે સાંજે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે વિહિપ દ્વારા 'ધર્માંતરણના રાક્ષસનો અંત' થીમ પર આયોજનઃ બજરંગ દળના રાષ્ટ્રીય સંયોજક કિશન પ્રજાપત હાજર રહેશે




**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત 'દશેરા મહોત્સવ સમિતિ' દ્વારા આ વર્ષે દશેરા મહોત્સવની વિશેષ થીમ ''ધર્માંતરણના રાક્ષસનો કરીએ અંત, સંસ્કૃતિ અને સંસ્કારોનો કરીએ જયઘોષ'' નક્કી કરવામાં આવી છે.અશોક સિંહલના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તેમના પરાવર્તન કાર્યને યાદ કરી સમાજ માટે ખતરા રૂપ બનેલા ધર્માંતરણના દૂષણ સામે જાગૃતિ લાવવાનો સંકલ્પ કરાયો છે. જરૂરિયાતમંદ લોકોને લાલચ અને પ્રલોભનો આપી કરાતા ધર્માંતરણ સામે આપણી ગૌરવશાળી સનાતન પરંપરા, સ્ત્રી શક્તિનું સન્માન અને વસુધૈવ કુટુંબકમના સંસ્કારોનું જતન કરવા આહ્વાન કરાયું છે.

મંગળવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે રેસકોર્સ ગ્રાઉન્ડ, ખાતે રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના પુતળાના દહન સાથે નયનરમ્ય 'ધર્માંતરણ રૂપી રાક્ષસ દહન' કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે શાસ્ત્ર પૂજન અને ભવ્ય આતશબાજી (ફાયર ક્રેકર્સ શો) નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં બજરંગ દળના રાષ્ટ્રીય સંયોજક અને વિહિપના કેન્દ્રીય મંત્રી કિશન પ્રજાપત મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહી શહેરીજનોને ધર્માંતરણ મુકત સમાજના નિર્માણ માટે આશુરી શક્તિઓ સામે એકજૂટ થવાનો પ્રેરણાદાયી સંદેશ આપશે.

મહોત્સવ સમિતિના વનરાજભાઈ ગૈરૈયા, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, પરેશભાઈ રૂપારેલિયા સહિતના અગ્રણીઓ અને વિહિપના કાર્યકર્તાઓ સુરક્ષા, સ્ટેજ, શાસ્ત્ર પૂજન અને પ્રદર્શન વ્યવસ્થા માટે આયોજનને આખરી ઓપ આપી રહ્યા છે. શહેરના તમામ ધર્મપ્રેમી નાગરિકો, સંતો-મહંતો તેમજ ધાર્મિક અને સામાજિક શ્રેષ્ઠીઓને આ વિજયાદશમી મહોત્સવને નિહાળવા તથા માણવા માટે ભાવભર્યું જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વિજયાદશમીનો પાવન ઉત્સવ એટલે અસત્ય પર સત્યના વિજય અને આસુરી શક્તિના નાશનું પ્રતીક છે. નવરાત્રીના નવ દિવસના સમાપન બાદ આસો મહિનાના શુક્લ પક્ષની દશમે ભગવાન રામે રાક્ષસ રાજ રાવણનો પરાભવ કર્યો હતો, જે ત્રેતાયુગથી લઈને આજ સુધી કરોડો લોકોમાં ધર્મ અને સત્ય પ્રત્યે શ્રદ્ધા અકબંધ રાખે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં દર્શાવ્યા મુજબ જ્યારે અધર્મ વધે છે ત્યારે ધર્મની સ્થાપના માટે ભગવાનનો અવતાર થાય છે, અને દશેરાનો આ પર્વ લોકોને હકારાત્મક તેમજ સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

### ખોડલધામ ટ્રસ્ટ અને સરદાર પટેલ કલ્ચર ફાઉન્ડેશન દ્વારા

# અદ્યતન ડાયગ્નોસ્ટિક સેન્ટરનો મંગળવારથી શુભારંભ

### સોનાગ્રાફી, એકસ-રે, મેમોગ્રાફી, ઈસીજી ઈકોકાર્ડિયોગ્રાફી સહિતની તપાસોની સુવિધાઓ રાહતદરે મળશે


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં સરદાર પટેલ કલ્ચરના ફાઉન્ડેશન સભ્યોએ આપી માહિતી

**અબતક,રાજકોટ**

આરોગ્ય સેવાઓને વધુ સુલભ, ગુણવત્તાયુકત અને સામાન્ય નાગરિકોને પરવડે તેવી બનાવવાના ઉદ્દેશ્ય સાથે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન - રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજકોટમાં સૌરાષ્ટ્રનું એકમાત્ર અદ્યતન ટેકનોલોજીથી સજ્જ SPCF ડાયગ્નોસ્ટિક સેન્ટર શરૂ કરવામાં આવી રહ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને આધુનિક નિદાન સેવાઓ વ્યાજબી દરે ઉપલબ્ધ કરાવવાનો છે. આગામી તારીખ ૨૦ ઓક્ટોબર ને મંગળવારના રોજ દશેરાના દિવસે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે આ ડાયગ્નોસ્ટિક સેન્ટરનો પ્રારંભ કરવામાં આવશે.

આજના સમયમાં રોગનું સમયસર નિદાન અને યોગ્ય તબીબી સારવાર અત્યંત મહત્ત્વ ધરાવે છે. અનેક વખત નિદાન પરીક્ષણોના ખર્ચને કારણે સામાન્ય પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી રહેલું SPCF ડાયગ્નોસ્ટિક સેન્ટર વ્યાજબી દરે કાર્યરત રહેશે, જેથી વધુમાં વધુ લોકોને ગુણવત્તાયુકત નિદાન સેવાઓનો લાભ મળી શકે.

સેન્ટરમાં અત્યાધુનિક મેડિકલ સાધનો અને ટેકનોલોજીની મદદથી નિષ્ણાત ડોકટર્સ તથા પેરા મેડિકલ સ્ટાફ દ્વારા વિવિધ પ્રકારનાં નિદાન પરીક્ષણોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમાં સોનોગ્રાફી, ડિજિટલ એક્સ-રે, મેમોગ્રાફી, કલર ડોપ્લર, ટીએમટી, ઈસીજી, ઈકોકાર્ડિયોગ્રાફી સહિત વિવિધ લેબોરેટરી તપાસોની સુવિધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બ્લડ ટેસ્ટ, બાયોકેમિસ્ટ્રી, હોર્મોનલ તપાસો અને અન્ય જરૂરી નિદાન સેવાઓ પણ ઉપલબ્ધ રહેશે.

આ અત્યાધુનિક SPCF ડાયગ્નોસ્ટિક સેન્ટર રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં ન્યૂ માયાણીનગર ખાતે આવેલા સરદાર પટેલ ભવન ખાતે કાર્યરત થશે છે. સેન્ટર ખાતે દર્દીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિવિધ તપાસની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જરૂરિયાતમંદ દર્દીઓ માટે હોમ કલેક્શનની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

ખોડલધામ ટ્રસ્ટ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશનની આ પહેલ આરોગ્ય ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું બની રહેશે. સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને વાજબી દરે વિશ્વસનીય નિદાન સેવાઓ મળી રહે તથા સમયસર તપાસ દ્વારા રોગની ઓળખ કરવામાં મદદ મળે તેવા આશય સાથે આ સેન્ટર શરૂ કરવામાં આવી રહ્યું છે.

SPCF ડાયગ્નોસ્ટિક સેન્ટર ખાતે રેડિયોલોજિસ્ટ, પેથોલોજિસ્ટ, કાર્ડિયોલોજિસ્ટ સહિતના પોત પોતાના ક્ષેત્રના નિષ્ણાત ડોક્ટર્સ સેવા આપશે. વધુ માહિતી ૭૪૩૪૮ ૨૯૨૯૮, ૭૪૩૪૮ હોમ કલેકશન માટે ૭૪૩૪૮૨૯૨૯૭ સંપર્ક કરવો

અબતકની શુભેચ્છા મુલાકાતમાં હરેશભાઈ પરસાણા, કે.એલ. રામાણી, વિજય સિયાણી, શાંતનુભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# કલબ યુવીના આંગણે રાત પડે ને 'દિ' ઉગે: જામ્યો નોરતાનો રંગ





## સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મંત્રી કાંતિભાઈ અમૃતિયા મહેમાન બન્યા: વિશાળ પાર્કીંગ, ટાઈટ સીક્યોરીટી વચ્ચે વિશાળ ગ્રાઉન્ડમાં રાસોત્સવમાં ઝુમતા ખેલૈયાઓ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં સેકન્ડ ૧૫૦ ફુટ રીંગ રોડ પર શિલ્પન સાગાની બાજુમાં, કોકોનેટ પાર્ટી પ્લોટની સામે કલબ યુવી નવરાત્રી મહોત્સવ રંગ જમાવી રહ્યો છે. સૌરાષ્ટ્રનું સૌથી મોટું ગ્રાઉન્ડ ૧,૦૦,૦૦૦ સ્કેવર ફુટ મેદાનમાં ૧૦,૦૦૦ ખેલૈયાઓ રંગબેરંગી ટ્રેડીશ્નલ ડ્રેસમાં સજજ થઈ રાસોત્સવની રંગત માણી રહ્યા છે. ખલૈયાઓને નિહાળવા દર્શકોની ભીડ જામી રહી છે. કંઈક નોખુ અનોખું કરવાની નેમ ધરાવતા કલબ યુવીમાં સુર સંસ્કાર અને શિસ્તનનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે. સંપૂર્ણ પારીવારીક માહોલમાં સમાજની બહેનો -દિકરીઓ સુરક્ષીત અને ભકિતસભર નવરાત્રીનો આનંદ માણી રહી છે. કબલ યુવીમાં સીસીટીવી કેમેરા અને ટાઈટ સીકયોરીટીનું પ્લાનીંગ અમલી બનાવાયું છે.ઉમિયાધામ સિદસર પ્રેરીત કકલબ યુવી નવરાત્રી મહોત્સવમાં ગઈકાલે પાંચમા નોરતે એન્જલ ગ્રુપના શિવલાલભાઈ આદ્રોજા, જીગ્નેશભાઈ આદ્રોજા, અશ્વિનભાઈ આદ્રોજા, કીરીટભાઈ આદ્રોજા પરિવાર, ઉધોગપતિઓ સનફોર્જના નાથાભાઈ કાલરીયા, વલ્લભભાઈ વડાલીયા, જીવનભાઈ વડાલીયા, અગ્રણી બિલ્ડર મુળજીભાઈ ભીમાણી, મનસુખભાઈ ભીમાણી, જમનભાઈ રોજીવાડીયા, ડીએમઆઈ ગ્રુપના ચિરાગ લખાણી, દર્શન લખાણી, શેઠ બ્રધર્સના ઋષભશેઠ, પરીન ગ્રુપના પરીન નંદાણી, ગીરીરાજ હોસ્પિ. ના રમેશભાઈ, ડો. મયંકભાઈ ઠકકર, હાર્મની ગ્રુપના વિનુભાઈ આડોદરીયા, રાજકોટ એન્જી. એસોસીએશનના નરેન્દ્રભાઈ પાચાણી, રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સના વી.પી.વૈષ્નવ, ડો. ચેતનભાઈ લાલસેતા, સયાજી હોટેલના દિગુભા જાડેજા, રાજદિપસિંહ જાડેજા- વાવડી, બાબુભાઈ ગોપાણી, એ માતાજીની આરતીનો લ્હાવો લીધો હતો.

ગઈકાલે પાંચમા નોરતે કલબ યુવીના રાસોત્સવમાં ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મંત્રી કાંતિભાઈ અમૃતિયા, જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, પૂર્વ મેયર પ્રદિપભાઈ ડવ, કોર્પોરેટર કીશનભાઈ ટીલવા, મનીષભાઈ ભટ્ટ, પ્રવીણભાઈ સેગલીયા, જીજ્ઞેશભાઈ કાલાવડીયા, મહેમાન તરીકે ઉપસ્થિત રહી રાસની રમઝટ માણી હતી.

કલબ યુવીમાં દરરોજ કેટેગરી વાઈસ વિજેતા ખેલૈયાઓને ઈનામ આપવામાં આવે છે. કલબ યુવીના નવરાત્રી મહોત્સવ માં પાચમા નોરતે ચિલ્ડ્રન વેલ ડ્રેસ પિન્સેસ આર્વી બાણુગરીયા, મારૂ વંશીકા, ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સ મકવાણા સમર્થ, રૂદ્ર ત્રાંબડીયા, ચિલ્ડ્રન પ્રિન્સેસ અસિતા ડેડાણીયા, કક્ષા વાઘાણી, ચિલ્ડ્રન પ્રિન્સ ધૈર્ય કણસાગરા, સદક ઘેટીયા, એડલ્ટ વેલ ડ્રેસ પ્રિન્સેસ જીલ માંકડીયા, કોમલ પોશીયા, ખુશી સાદરીયા વેલ ડ્રેસ પ્રિન્સ ભવ્ય અઘેરા, ધૈર્ય ફળદુ, ધ્યાન રોકડ પ્રિન્સેસ તરીકે રીતુ મોડીયા, માનસી ઘેટીયા, ધ્રુવી પોશીયા, પ્રિન્સ તરીકે કાલરીયા દિપેન, કર્મ ફળદુ, મણવર યુગ વિજેતા બન્યા હતા. કલબ યુવીના પાંચમા નોરતે વિજેતા ખેલૈયાઓને એડીકો ગ્રુપના વિપુલભાઈ સંતોકી તથા પ્રીતીબેન, સ્પોન્સર શીતાંશુભાઈ ભાલોડીયા તથા રત્નાબેન, જવલતભાઈ ઝાંઝરુકીયા, નીલેશભાઈ આકોલા, ચિરાગભાઈ, કલબ યુવીના ડાયરેકટર જીજ્ઞેશભાઈ આદ્રોજા તથા તૃપ્તીબેન, મુન્નાભાઈ ઘેટીયા તથા હિનાબેન, વિજયભાઈ ડઢાણીયા તથા સોનલબેન, બેસ્ટ મયુરના જસ્મીનભાઈ, આકાશ કેટરર્સના રવિભાઈ, ઝેડ ઈવેન્ટના ધર્મેશ મકાતી, કૈલાસ કલબના અશ્વિનભાઈ દેસાઈ, જજ માધવીબેન, નીધીબેન, ક્રિષ્નાબેન તથા ભાર્ગવભાઈ નેહલભાઈ, ભાવેશભાઈ શહેર ભાજપના ઉપપ્રમુખો કૌશીકભાઈ ચાવડા, મેહુલભાઈ નથવાણી, સંજયભાઈ દવે, ભાર્ગવભાઈ મિયાત્રા, મંત્રી કિશનભાઈ પટેલ, શૈલેષભાઈ દવે, શ્યામ ડાભી, વોર્ડ નં.૧૧ ના પ્રભારી રજનીભાઈ ગોલ તથા શ્યામ કટા, એ વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા.


### પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

**LCs ને બદલે RUB/LHS ની જોગવાઈ અને વિવિધ અન્ય કામ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૪૧ અને ૪૨ (ઈએલ) તારીખ : ૧૪-૧૦-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૪૧ | (A) રાજકોટ ડિવિઝન - લુણસરીયા-વાંકાનેર વચ્ચે કિ.મી. ૬૯૮/૧-૨ ખાતે LC નં. ૯૨ ને બદલે LHS ની જોગવાઈ (B) રાજકોટ ડિવિઝન : LC નં. ૨૬ (કિ.મી. ૬૦૪/૦-૧), ૩૩ (કિ.મી. ૬૧૬/૮-૯), ૪૧ (કિ.મી. ૬૩૨/૩-૪), ૪૨ (કિ.મી. ૬૩૩/૯-૬૩૪/૦), ૪૯ (કિ.મી. ૬૪૦/૨-૩) ખાતે RUB/LHS ની જોગવાઈ (C) રાજકોટ ડિવિઝન :- વિરમગામ-ઓખા :- કિ.મી. ૬૦૨/૯-૬૦૩/૦ ખાતે LC નં. ૨૫ ખાતે RUB/LHS ની જોગવાઈ (D) રાજકોટ ડિવિઝન : LC નં. ૬૧ (કિ.મી. ૬૫૭/૪-૫), ૬૫ (કિ.મી. ૬૬૩/૨-૩), ૬૬ (૬૬૪/૫-૬), ૮૦ (કિ.મી. ૬૮૭/૨-૩), ૮૧ (કિ.મી. ૬૮૮/૭-૮) ખાતે RUB/LHS ની જોગવાઈ, (E) રાજકોટ ડિવિઝન : LC નં. ૯૩ (કિ.મી. ૬૯૯/૫-૬), ૯૪ (કિ.મી. ૭૦૦/૬-૭), ૧૦૪ (૭૧૯/૧-૨), ૧૧૫ (કિ.મી. ૭૩૩/૩-૪) ખાતે RUB/LHS ની જોગવાઈ, (F) રાજકોટ ડિવિઝન : LC નં. ૧૧૩, કિ.મી. ૭૨૭/૪-૫ ખાતે RUB/LHS ની જોગવાઈ અને (G) રાજકોટ ડિવિઝન : 'C' ક્લાસ LC ગેટ્સ (i) ભાટેલ-ભોપલ્કા સેક્શનના કિ.મી. ૯૧૧/૯-૯૧-૨૧૦ ખાતે LC -૨૫૮, (ii) ખંભાડિયા સેક્શનના કિ.મી. ૮૯૨/૪-૫ ખાતે LC ગેટ - ૨૪૧ અને (iii) જામનગર-લાખાબાવળ સેક્શનના કિ.મી. ૮૩૩/૬-૭ ખાતે LC ગેટ - ૨૦૩ ના LC - ઈન્ટરલોકિંગના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. | ૪૩,૩૫,૬૫૫/- | ૮૬,૭૦૦/- |
| ૦૨ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૪૨ | (A) રાજકોટ ડિવિઝન :- મકનસર-મોરબી વચ્ચે કિ.મી. ૨૬/૧-૨ ખાતે 'C' ક્લાસ LC ગેટ નં. ૨૮ નું ઈન્ટરલોકિંગ (B) રાજકોટ ડિવિઝન - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી LC ગેટ નં. ૨૭, ૩૦ અને ૩૩ (વિરમગામ-સુરેન્દ્રનગર) ખાતે નવી LC ગેટ હટ સુધી S&T ગીયર્સનું સ્થળાંતર અને LC ગેટ - ૨૬, ૩૦, ૩૧ અને ૩૨ (વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શન) ના ૪ નંગ ખાતે ELB અને અન્ય ગેટ ઉપકરણનું બદલીકરણ કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા, (C) રાજકોટ ડિવિઝન - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી LC ગેટ નં. ૨૬૧, ૨૬૮, ૨૮૫ અને ૨૯૦ (રાજકોટ-ઓખા સેક્શન) ખાતે S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા, (D) જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી LC ગેટ નં. ૩૪,૫૨, ૬૪ અને ૭૦ ખાતે નવી LC ગેટ હટ સુધી ખાતે S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા અને (E) રાજકોટ ડિવિઝન - LC ગેટ નં ૨૭ અને ૩૩ (વાંકાનેર-નવલખી સેક્શન) - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી S&T ગીયર્સનું સ્થળાંતરણ કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા. | ૩૫,૧૮,૩૬૧/- | ૭૦,૪૦૦/- |

**ઉપરોક્ત બંને ટેન્ડરો માટે : ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: તા.૦૫-૧૧-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી. **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

RJT-164

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



પોઝિટિવ ન્યુઝ ઈન્ફોર્મેટિવ ન્યુઝની ટેગ લાઈન સાથે પ્રસિધ્ધ થતા અબતક દૈનિકને દિલથી શુભકામના



શ્રી કિશન જે. ટીલવા
કોર્પોરેટરશ્રી, વોર્ડ નં. ૧૨
રાજકોટ મહાનગરપાલિકા



સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શુભેચ્છા



શ્રી કેતનભાઈ પટેલ
ચેરમેનશ્રી શિશુ કલ્યાણ, ખાસ ગ્રાન્ટ સંચાલીત યોજના અને અગ્નિ શામક દળ સમિતિ
રાજકોટ મહાનગરપાલિકા



મૂલનિષ્ઠ પત્રકારત્વને વરેલા અબતક દૈનિકને અઢળક શૂભકામના



શ્રી કિશોરભાઈ રાઠોડ
પૂર્વ મહામંત્રી શ્રી
રાજકોટ શહેર ભાજપ



સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શુભેચ્છા



શ્રી વીરેન્દ્રસિંહ ઝાલા
પૂર્વ મહામંત્રીશ્રી
રાજકોટ શહેર ભાજપ
ક્ષત્રિય સમાજના આગેવાન



પ્રજાનાં પ્રહરી સમા સાંધ્ય દૈનિક અબતકને જન્મ દિવસની હાર્દિક શુભકામના...



શ્રી રાજુભાઈ ધ્રુવ
સૌરાષ્ટ્ર કચ્છ ભાજપ પ્રવકતા
પૂર્વ ઉપાધ્યક્ષશ્રી
યાત્રાધામ વિકાસ બોર્ડ ,ગુજરાત સરકાર



RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY
SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT

**જાહેર હિતની નોટીસ**

આથી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે મુજબની સાઇટ ખાતે ફાળવેલ આવાસો પૈકી નીચેની યાદી મુજબના આવાસધારકો દ્વારા રૂડાનાં હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવેલ નથી. આ બાબતે લાભાર્થીશ્રીઓને અત્રેની કચેરીએથી વારંવાર જાણ કરવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી આવાસધારકો દ્વારા રૂડામાં રકમ જમા કરાવેલ નથી. તેથી સદરહુ બાબતે રૂડાની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આ પ્રકારના આવાસધારકોનાં આવાસ રદ કરવામાં આવે છે.

| ક્રમ | સોસાયટીનું નામ | ફ્લેટ નંબર |
|---|---|---|
| ૧ | અવધ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૮૯) | B-705 |
| ૨ | વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૯૫) | C-803 |
| ૩ | ઓમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૩૩/એ) | D-1002 |
| ૪ | આદર્શ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૦, એફ.પી.૩૨/એ ) | B-804 |

આ બાબતે કોઇપણ પ્રકારનાં વાંધાવચકા કે રજુઆતો હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં રૂડા કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવો.

-SD-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

માહિતી -રાજ-૯૭૪ -૨૬-૨૭



મૂલનિષ્ઠ પત્રકારત્વને વરેલા અબતક દૈનિકને અઢળક શુભકામના



શ્રી નરેન્દ્રસિંહ જાડેજા
પૂર્વ ડેપ્યુટી મેયર, કોર્પોરેટરશ્રી
વોર્ડ નં.૩ રાજકોટ મહાનગરપાલિકા



વાંચકોને અડિખમ અવાજ એવા "અબતક" દૈનિકને શુભકામના



શ્રી અશ્વિનભાઈ પાંભર
પૂર્વ ચેરમેનશ્રી – વોટર વર્ક્સ સમિતિ
રાજકોટ મહાનગરપાલિકા

તંત્રી લેખ

# હળદરના ગાંઠીએ ''ગાંધી'' ન થવાય

ગુજરાતીમાં કહેવત છે કે હળદરના ગાંઠીએ ''ગાંધી''ન બની જવાય એટલે કે માત્ર આદુના ગુણધર્મ માત્રની જાણકારીથી ઈલાજ કરીને ગાંધી એટલે કે વેદ બની ન શકાય આજે દેશમાં માહિતી આદાન-પ્રદાનની આધુનિક ટેકનોલોજીના આવિષ્કારથી ખબરી બનવાનું કામ સાવ સહેલું થઈ ગયું છે.સુપ્રીમ કોર્ટે એ વાત પર ભાર મૂક્યો છે કે આજના જમાનામાં પત્રકાર બનવાની હોડ જામી છે પરંતુ પત્રકારત્વની લાયકાત અને જવાબદારી નજર અંદાજ ન કરી શકાય,

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાના વ્યાપ અને સ્માર્ટફોનની ઉપલબ્ધતાને કારણે દરેક વ્યક્તિ માહિતીના આદાન-પ્રદાન સાથે પત્રકારત્વના ક્ષેત્રમાં સક્રિય થઈ ગઈ છે. તાજેતરમાં 'સુપ્રીમ કોર્ટે આ અંગે ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ગંભીર ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, જો દેશનો દરેક નાગરિક પત્રકાર બનવા લાગે, તો તે દરેક માટે પારાવાર સમસ્યાઓ સર્જી શકે છે. આ અવલોકન માત્ર પત્રકારત્વના વ્યાવસાયિક ધોરણો જ નહીં, પરંતુ સામાજિક વ્યવસ્થા અને માહિતીના પ્રવાહ સામે પણ મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે.

જ્યારે વિરોધ પ્રદર્શનો કે સંવેદનશીલ સ્થળો પર નોંધાયેલા મીડિયા હાઉસના અધિકૃત પત્રકારોની સાથે મોટી સંખ્યામાં ફ્રીલાન્સર્સ, સ્વતંત્ર પત્રકારો અને રીલ-મેકર્સ ઉતરી આવે છે, ત્યારે વ્યવસ્થા જાળવવી મુશ્કેલ બને છે. સોશિયલ મીડિયા પર લોકપ્રિયતા મેળવવા કે નાણાં કમાવવાની ઘેલછામાં અનેક વખત એકપક્ષીય, અધૂરી કે સનસનાટીભરી માહિતી ફેલાવવામાં આવે છે. તેનાથી સામાજિક સોહાર્દ બગડવાની અને ખોટી અફવાઓ ફેલાવવાની સંભાવના અનેકગણી વધી જાય છે.

સુપ્રીમ કોર્ટ અને ન્યાયાધીશોએ યોગ્ય જ ભાર મૂક્યો છે કે, અભિવ્યક્તિની સ્વતંત્રતા નો અર્થ એ નથી કે દરેક નાગરિક વ્યાવસાયિક પત્રકાર બની જાય. પત્રકારત્વ એ કોઈ માત્ર શોખ કે મનોરંજન નથી, પરંતુ તે જવાબદારી, ચોકસાઈ, નૈતિકતા અને સત્યતાનો ગંભીર વિષય છે. નોંધાયેલા મીડિયા ઘરો અને અધિકૃત પત્રકારો માટે ચોક્કસ નિયમો, જવાબદારીઓ અને રક્ષણની કાનૂની જોગવાઈઓ હોય છે (જેમ કે વર્કિંગ જર્નાલિસ્ટ્સ એક્ટ). પરંતુ કોઈ પણ પ્રકારની જવાબદારી કે તાલીમ વગર ગમે તે વ્યક્તિ દ્વારા કરાયેલું પ્રસારણ સમાજમાં અરાજકતા અને અવિશ્વાસ પેદા કરી શકે છે.અભિવ્યક્તિની સ્વતંત્રતા દરેક ભારતીય નાગરિકનો મૂળભૂત અધિકાર છે, પરંતુ પત્રકારત્વ જેવું ગંભીર ક્ષેત્ર ચોક્કસ વ્યાવસાયિક ધોરણો અને જવાબદારીઓની માંગ કરે છે. જો નિયંત્રણ કે જવાબદારી વિના દરેક વ્યક્તિ પત્રકાર બની બેસે, તો તે સામાજિક વ્યવસ્થા અને ન્યાય પ્રક્રિયા માટે મોટું જોખમ બની જશે.

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સ્ટાર્ટઅપ અને નવીનતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા, કૃત્રિમ બુદ્ધિમત્તા, ડિજિટલ માર્કેટિંગ, બૌદ્ધિક સંપદા અધિકારો અને નાણાકીય આયોજન અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું

**અબતક, રાજકોટ**

અમદાવાદ સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે કુલગુરુ પ્રો. એમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને નિયામક પ્રો. મનોજ શાહના દિશાનિર્દેશ હેઠળ તા. ૮ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ 'વિકાસ સપ્તાહ ૨૦૨૬-એસએસઆઈપી ૨.૦ સ્ટાર્ટઅપ અને નવીનતા જાગૃતિ કાર્યક્રમ' યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવીન વિચારસરણી અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો તેમજ તેમના વિચારોને વ્યવહારુ વ્યવસાયમાં રૂપાંતરિત કરવા માર્ગદર્શન આપવાનો હતો.



કાર્યક્રમના ઉદઘાટન સત્રમાં ભારતીય સનદી હિસાબી સંસ્થાની પશ્ચિમ ભારત પ્રાદેશિક પરિષદના અધ્યક્ષ સીએ રિકેશ શાહ, વિનસ એન્જિનિયરિંગ વર્ક્સના નિયામક અનય મશરૂવાલા અને ગુજરાત સરકારના ઉદ્યોગસાહસિકતા વિકાસ કેન્દ્રના વ્યવસ્થાપક ધર્મેન્દ્ર પંડયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. મનોજ શાહે સ્ટાર્ટઅપ ક્ષેત્રના પડકારો અને તેમાં રહેલી તકો વિશે માહિતી આપી હતી, જ્યારે યુનિવર્સિટીના એસએસઆઈપી પ્રકલ્પ સલાહકાર તેજેન્દ્ર પરમારે શાબ્દિક સ્વાગત કર્યું હતું.

સીએ રિકેશ શાહે વિકસિત ભારતના નિર્માણમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની ભૂમિકા સમજાવી હતી. અનય મશરૂવાલાએ વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિક તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા, જ્યારે ધર્મેન્દ્ર પંડયાએ સ્ટાર્ટઅપના પાયાના સિદ્ધાંતો અને સરકારી યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. સીએ ફેનિલ શાહે ટેક્નિકલ કૌશલ્યો અને કૃત્રિમ બુદ્ધિમત્તાના મહત્ત્વ અંગે સમજ આપી હતી. કરમજીતસિંહ બિહોલાએ નવીન વિચારો વિકસાવવાની પ્રક્રિયા અને રચનાત્મક વિચારસરણી અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત લૉ સોસાયટી યુનિવર્સિટીના ઉદ્યમ પ્રોત્સાહન કેન્દ્રનાં વડાં ડો. હિંમા ત્રિવેદીએ બજાર સંશોધન, સ્પર્ધાત્મક વિશ્લેષણ, બ્રાન્ડ નિર્માણ, સંચાર અને ડિજિટલ માર્કેટિંગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

'સ્ટાર્ટઅપ સ્થાપકો સાથે સંવાદ' સત્રમાં સત્ય મહેતા અને હેલી સોપારકરે પોતાના ઉદ્યોગસાહસિક અનુભવો રજૂ કર્યા હતા. તેમણે સ્ટાર્ટઅપની સ્થાપના અને વિકાસ દરમિયાન આવેલા પડકારો, ધીરજ, સતત પ્રયત્નો, યોગ્ય આયોજન અને સરકારી સહાયની ભૂમિકા અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

ડો. પ્રીતિ ચોથાણીએ પેટન્ટ, વેપારચિહ્ન, સ્વામિત્વ અધિકાર અને ઔદ્યોગિક રચનાના કાનૂની રક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રો. મનોજ શાહે સ્ટાર્ટઅપ માટે નાણાકીય આયોજન, ખર્ચનું વ્યવસ્થાપન, ધિરાણ અને સાહસ મૂડીના મહત્ત્વ અંગે સમજ આપી હતી.

કાર્યક્રમના અંતે સહભાગી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. ગુજરાત સરકારના વિકાસ સપ્તાહ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપી તેમના વિચારોને વ્યવહારુ સાહસોમાં રૂપાંતરિત કરવાની દિશામાં પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પહેલ 'વિકસિત ભારત'ના સંકલ્પમાં યુવાનોના યોગદાનને પ્રોત્સાહિત કરવા ઉપયોગી બની હતી.

# ''આપા ગીગાના ઓટલે'' મંગળવારે ૧૦ હજાર બાળાઓને કરાશે લ્હાણી વિતરણ

## ઉત્સવના ભંડારા પ્રસંગે દરેક સંતો, મહંતો, બ્રહ્મદેવતાને મહાપ્રસાદ ભોજન બાદ રોકડ ભેટ પણ અપાશે

**અબતક, રાજકોટ**

''શ્રી આપાગીગાનો ઓટલો'' દ્વારા શ્રી આપાગીગાના ઓટલા દ્વારા દિવ્યાતિદિવ્ય તેમજ ભવ્યાતિ ભવ્ય નવરાત્રી અનુષ્ઠાન તેમજ નવરાત્રી મહોત્સવનું દર વર્ષની માફક આ ૨૦મીએ ધાર્મિક મહોત્સવની ઉજવણી કરાશે. ભગવતીના અન્નકોટ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ત્યારબાદ સમગ્ર અન્નકોટનું પ્રસાદનું આવેલ માં ભગવતીના સ્વરૂપ દરેક દિકરીઓ તેમજ મહેમાનોને અન્નકોટ પ્રસાદ તેમજ મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે. ''શ્રી આપાગીગાના ઓટલો''ના મહંત નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુએ આગામી દશેરાના દિવસે યોજાનારા ખાસ વિવિધ ગરબી મંડળની બાળાઓને લ્હાણી વિતરણ તેમજ પ્રસાદી સ્વરૂપે રોકડ (ભેટપૂજા) આપવાના ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવેલ છે. શ્રી આપાગીગાના ઓટલે આયોજીત આ દિવ્ય મહોત્સવમાં દરેક ગરબી મંડળની બાળાઓને આગામી મંગળવારે (દશેરા)ના દિવસે સવારે ૯-૦૦ કલાકથી કાર્યક્રમ શરૂ કરવામાં આવશે તેમજ બપોરે ૩-૦૦ વાગ્યે પુર્ણાહુતી બાદ શ્રી નરેન્દ્રબાપુ ગુરુશ્રી જીવરાજબાપુ મહંત શ્રી, ''શ્રી આપાગીગાના ઓટલો'' ચોટીલા તેમજ સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી પધારેલા અન્ય સંતો - મહંતોના વરદ્ હસ્તે લ્હાણી વિતરણ તેમજ રોકડ (ભેટ પુજા) પ્રસાદી સ્વરૂપે આપવામાં આવશે.નવરાત્રી મહોત્સવમાં દિવ્ય તેમજ ભવ્યાતિભવ્ય નવરાત્રી અનુષ્ઠાન મહામાંગલ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હોવાનું ભાર્ગવભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

આ મહોત્સવમાં સવારે ૯-૦૦ વાગ્યાથી સાંજે ૫-૦૦ વાગ્યા સુધી ગુજરાતના નામાંકીત લોક ગાયિકા પૂનમ ગોંડલીયા અને લોક ગાયક વિશાલ વરૂ વગેરે ઓરકેસ્ટ્રા ગ્રુપ સાથે માતાજીની આરાધના કરાવશે.ભાર્ગવભાઈ સોલંકી દ્વારા દરેક ગરબી મંડળના આયોજકોને જણાવવામાં આવે છે કે ગરબી મંડળની દિકરીઓને (બાળાઓને) સાથે રાખી અને પાસ સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધીમાં જ આપવામાં આવશે અને જે તે સ્થળ ઉપરથી જ મેળવી લેવાના રહેશે. બાળાઓને તેમજ ગરબી મંડળના આયોજકોને પાસ આપવામાં આવ્યા હશે. તેઓને જ લ્હાણી તેમજ રોકડ ભેટ પુજા આપવામાં આવશે.



# બિહારમાં નદીમાં ડૂબી ગયેલા ૧૩ બાળકોને પૂ.મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

**અબતક, રાજકોટ**

બિહારનાં વૈશાલી જીલ્લામાં રાઘોપુર ગામ પાસે એક દુઃખદ ઘટના બની હતી જેમાં પ્રાપ્ત માહિતી મુજબ ૧૩ બાળકોનાં મોત નિપજયા છે. આ કરુણ ઘટનામાં વિગતો મળી છે તે પ્રમાણે એક જ પરિવારના સભ્યો બોટમાં બેસીને ભોજન સમારંભ માં ભાગ લેવા ગયા હતા તે દરમિયાન ગંગા નદીમાં બોટ પલટી જતાં રામ પ્રવેશ રાય પરિવારનાં ૧૩ સભ્યો મોતને ભેટ્યાં હતાં. એક જ પરિવારના ૧૩ સભ્યોનાં મોતને કારણે પરિવાર પર આભ તુટી પડ્યું હતું.



પૂ મોરારિબાપુ હાલમાં ભારત સ્વસ્તિક યાત્રા પર છે જે દરમિયાન તેમને આ દુઃખદ ઘટના બની તેની વિગતો પ્રાપ્ત થઈ હતી. પૂ બાપુએ આ કરુણાંતિકા સર્જાઈ છે તેના હતભાગી લોકોનાં પરિવારનો રુપિયા ૨,૦૦,૦૦૦ (બે લાખ ની) સહાયતા રાશિ અર્પણ કરી છે જે રામકથાના મુંબઈ સ્થિત શ્રોતા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ પહોંચાડવામાં આવશે. પૂ બાપુએ હનુમાનજીનાં ચરણોમાં સૌનાં નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમનાં પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# ''સરગમ ગોપી''માં બહેનોના લયબદ્ધ રાસથી વૃંદાવન જેવો માહોલ





## મહાનુભાવોના હસ્તે વિજેતાને લાખેણાં ઈનામોની લહાણી

**અબતક, રાજકોટ**

સરગમ લેડીઝ કલબ દ્વારા આયોજિત ગોપી રાસોત્સવમાં બહેનોનો ઉત્સાહ અને જોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ડી.એચ. કોલેજના મેદાનમાં સેંકડો બહેનો લયબદ્ધ રીતે રાસ-ગરબે રમતી હોય ત્યારે જાણે વૃંદાવનનો માહોલ સર્જાયો હોય તેવો નજારો જોવા મળે છે. સ્ટેજ પરથી પ્રાચીન અને અર્વાચીન ગરબાની રમઝટ સાથે બહેનો માતાજીની આરાધનામાં લીન બની રહી છે.

રાસોત્સવ દરમિયાન દરરોજ મહાનુભાવોના હસ્તે બહેનોને લાખેણાં ઈનામો આપવામાં આવે છે.

પાંચમા નોરતે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ ઉપસ્થિત રહી આયોજનની સરાહના કરી હતી. સંગીતની રમઝટ મનસુરભાઈ ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ઓર્કેસ્ટ્રા, કીબોર્ડ પર નુષારભાઈ ગોસાઈ અને ગાયક કલાકારો આસિફ જેરિયા, હેમંત પડ્યા, નિર્વેશ પડ્યા, પ્રિયા જોશી તથા વિજયાબેન ટીમાણિયાના સથવારે જામી રહી છે.

આ રાસોત્સવને સફળ બનાવવા સરગમ પરિવારના માર્ગદર્શક વજભાઈ વાળા અને પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ કાર્યકરો તથા લેડીઝ કલબના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. આ રાસોત્સવમાં માત્ર બહેનો માટે એક દિવસના પ્રવેશ પાસનો ચાર્જ રૂ. ૧૦૦ રાખવામાં આવ્યો છે.

# અરવિંદભાઈ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને વસ્ત્રોનું વિતરણ કરાયું



આ સેવાકીય કાર્યને સફળ બનાવવા રાજુલભાઈ દવે, રમેશભાઈ પરમાર, શિલ્પાબેન મહેતા, મયંકભાઈ ત્રિવેદી,તથા કલ્પેશભાઈ ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી. આ તકે તમામ દાતા પરિવાર તથા જેમણે થેલીઓ આપેલ છે તેવા જે.પી.જ્વેલર્સનો ટ્રસ્ટ આભાર વ્યક્ત કરે છે.

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ચાલતા ''વસ્ત્ર સેવા સેતુ'' પ્રોજેક્ટ અંતર્ગત અટીકા ફાટક તથા લાલબાગ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને કુલ ૨૫૦ જોડી કપડા ઉપરાંત સાડી તેમજ નવરાત્રી પર્વને અનુલક્ષીને રંગબેરંગી વસ્ત્રો આપવામાં આવેલ. આ પ્રોજેકટના અગ્રણી કલ્પકભાઈ મણિઆર તથા જૂના પરંતુ સારી સ્થિતિના કપડા, વધારાના વસ્ત્રો અને ગરમ કપડાં સ્વીકારવામાં આવશે. સ્થળ : ઓફિસ નં. ૧૦૦૪, ૧૦ મો માળ, આલાપ-બી, સરોવર પોર્ટિકો હોટેલની બાજુમાં, શાસ્ત્રી મેદાન સામે, લીમડા ચોક, રાજકોટ. સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ (સોમવાર થી શનિવાર) સંપર્ક : પ્રોજેકટ મેનેજર શિલ્પાબેન મહેતા, મોબાઈલ : ૯૧૦૬૧ ૫૩૯૦૨

# સોનમ ગરબા રાસોત્સવમાં રોજેરોજ વિજેતાઓ ઉપર લાખેણા ઈનામોનો વરસાદ



## વિશ્વ વણિક સમાજીક સંગઠન અને જૈન વિઝન આયોજિત ગરબામાં પાંચ દિવસમાં નવનાત સમાજના હજારો લોકોએ ગરબા માણ્યા

**અબતક, રાજકોટ**

નવરાત્રીમાં ખેવૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. નવરાત્રીની શરૂઆતથી જ નંબર-વનનું બિરુદ મેળવી વૈનાર વિશ્વ વણિક સમાજીક સંગઠન અને જૈન વિઝન આયોજિત સોનમ ગરબામાં આ વખતે રેકોર્ડબ્રેક મુલાકાતીઓ આવ્યા છે અને હજુ આવનારા દિવસોમાં પણ ખુબ જ ભીડ રહેવાની સંભાવના છે.

આ રાસોત્સવની અનેક વિશેષતા છે અને એટલે જ નવનાત સમાજના હજારો લોકોએ આ રાસોત્સવની મુલાકાત વીષી છે. અહી સુંદર બેઠક વ્યવસ્થા છે. ટાઈટ સિક્યોરિટી છે અને સંપૂર્ણ ભક્તિમય વાતાવરણ છે. સંપૂર્ણ પારિવારિક માહોવમાં આ રાસોત્સવ યોજવા બદલ આયોજકોને અભિનંદન પણ મળ્યા છે.

અહીં રોજેરોજ શહેરના મહાનુભાવો હાજરી આપે છે અને તેમના હસ્તે વિજેતા ખેવૈયાઓને વાખેણા ઈનામ આપવામાં આવે છે.

પાંચમા નોરતે સોનમ ગરબાના આંગણે મોટી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.ભાજપ અગ્રણી મુકેશભાઈ દોશી, રાજદીપસિંહ જાડેજા કરણીસેના ના તીર્થરાજસિંહ ગોહિલ જયભાઈ ખારા, કિશન ગજેરા, સિનરજી હોસ્પિટલના ડો.જયેશભાઈ ડોબરીયા, રાજકોટના જગ વિખ્યાત ભગત પેંડાના માલિક રત્નાબેન જયવંતભાઈ સેજપાલ, વરઝન કોમ્પ્યુટરના કેતન દોશી (સમ)રાજ ટાઈલ્સ ના બ્રિજેશ મહેતા,સ્માઈલ ગ્રુપના જયેશભાઈ વ્યાસ, મુંબઈ સમાચારના બ્યુરો ચીફ મિલનભાઈ ત્રિવેદી, દિનેશભાઈ વિરાણી, સેન્ટ ગાર્ગી સ્કૂલના રમાબેન હેરભા, પૂજા હોબી સેન્ટરના પુષ્પાબેન રાઠોડ, રવિ ગુરુ ટ્રસ્ટના કિરીટભાઈ દોશી, સંદીપભાઈ બાવીસી, રોયલ એકેડમીના ડાયરેક્ટરો નયનાબેન મોદી, સોનાબેન શાહ, અલકાબેન શેઠ, સોનલબેન ચાવડા, સમીરભાઈ શાહ અને રોયલ એકેડમીના ૨૦૦ થી વધુ સભ્યો, તેમજ જૈન વિઝન મહિલા વિગના મોભી, અમિષાબેન બોબીભાઈ દેસાઈ,સ્માર્ટ સુખડીયા સમાજ પ્રોવ ના નીતિનભાઈ માંડલીયા, સ્વિમિંગ કોચ અને દાંડિયા જજ વિપુલભાઈ ભટ્ટ. રાસલીલા ટીમના મોનિલભાઈ શાહ, ઈશાનભાઈ દોશી, અજયભાઈ મેસવાણિયા, અવિનાશ સ્ટીલના, હીમાબેન રાજુભાઈ શાહ, સહિતના અનેક મહેમાનોએ આ રાસોત્સવ માણ્યો હતો.

# નાગરિક સહકારી બેંકની 'બુક-ટોક'માં ચાર્લી ચેપ્લિનના જીવનની રસપ્રદ વાતો ગુંજશે

## શનિવારે અભિમન્યુ મોદી વિશ્વવિખ્યાત કલાકારની આત્મકથા અને કલાયાત્રા પર વક્તવ્ય આપશે

**અબતક, રાજકોટ**

રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા દર મહિને યોજાતી જાણીતી 'બુક-ટોક' શ્રેણીમાં આ શનિવારે, તા. ૧૭ ઓકટોબરના રોજ વિશ્વવિખ્યાત કલાકાર ચાર્લી ચેપ્લિનના જીવન અને આત્મકથા પર વિશેષ વક્તવ્ય યોજાશે.આ કાર્યક્રમમાં જાણીતા કોલમિસ્ટ, વાર્તાકાર અને થિયેટર આર્ટિસ્ટ અભિમન્યુ મોદી આશરે ૬૦ મિનિટ સુધી ચાર્લી ચેપ્લિનના જીવનપ્રવાસ, તેમની અભિનયકલા અને નાટક-સિનેમામાં પ્રદાન વિશે રસપ્રદ વાતો રજૂ કરશે. વક્તવ્ય બાદ પ્રશ્નોત્તરીનું આયોજન પણ કરવામાં આવ્યું છે.રાજકોટ નાગરિક સહકારી બેંકની મુખ્ય કચેરીના સભાખંડમાં સાંજે ૬:૩૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં સાહિત્યપ્રેમીઓ, રંગકર્મીઓ, નાટ્યકારો, સંગીતપ્રેમીઓ અને કલારસિકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આર્યસમાજ દ્વારા રવિવારે ૧૧ કુંડી યજ્ઞ અને વિશેષ પ્રવચનનું આયોજન

## હાથીખાના અને માયાણીનગર આર્યસમાજ દ્વારા ધ્યાનશંકર પ્રગટેશ્વર મહાદેવ મંદિરે આયોજન

**અબતક, રાજકોટ**

આર્યસમાજ હાથીખાના તેમજ આર્યસમાજ માયાણીનગર દ્વારા આશ્વિન માસની શરદ નવરાત્રીની આઠમના પાવન અવસરે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૧ કુંડી યજ્ઞ તથા આર્યસમાજનો સાપ્તાહિક સત્સંગ કાર્યક્રમ યોજાનાર છે. આ ધાર્મિક મહોત્સવમાં યજ્ઞ અને વિશેષ પ્રવચનનો લાભ લેવા માટે સર્વ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને પરિવાર સહિત પધારવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ રવિવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાક દરમિયાન ધ્યાનશંકર પ્રગટેશ્વર મહાદેવ મંદિર, પ્રકાશ સોસાયટી શેરી નં. ૨, નિર્મલા રોડ, ખાતે યોજાશે.

આ આયોજનના સફળ સંચાલન માટે પ્રકાશ સોસાયટી કમિટી તથા ગરબી મંડળ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે આર્યસમાજના હોદ્દેદારો પ્રમુખ નટવરસિંહ પરમાર, કોષાધ્યક્ષ વલ્લભભાઈ પિપરીયા, મંત્રી વિજયભાઈ બોરીયા, ઉપપ્રમુખ ભરતભાઈ ઓડેસરા અને સહમંત્રી મૌલિકભાઈ ડોડીયા દ્વારા તમામ ધર્મપ્રેમીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# રોટરી કલબ અને ડીવાઈન ચેરી. ટ્રસ્ટ દ્વારા રવિવારે ધંધુકા ખાતે દંત યજ્ઞ કેમ્પ

**અબતક, રાજકોટ**

રોટરી કલબ રાજકોટ પ્રાઈમ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દંત યજ્ઞ કેમ્પનું તા.૧૮-૧૦-૨૬ને રવિવારે સેનેટોરીયમ દવાખાનું, બસ સ્ટેશન પાસે ધંધુકા ખાતે સવારે ૯ થી ૧૨ રાખવામાં આવેલ છે. આ કેમ્પ રોટરી કલબ રાજકોટ પ્રાઈમના અમિત કોટક (પ્રમુખ) અને યશ જસાણી (મંત્રી)ના સેવા સહયોગથી યોજાશે. જેમાં દાંતના કેમ્પમાં ડો.જયસુખ મકવાણા, ડો.દિપાલી સોની, ડો.સંજય અગ્રાવત તેમજ મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, હસુભાઈ મકવાણા, રાજુભાઈ વરિયા વિ. સેવા આપશે.

વધુ વિગત માટે મો.નં.૯૪૦૯૭ ૭૩૬૭૪ નો સંપર્ક કરવાનો રહેશે.

### આજી જીઆઈડીસીમાં થયેલી લૂંટ વિથ મર્ડરનાં ગુનાનો ભેદ ઉકેલાયો

# નવ કલાકનું દિલધડક ઑપરેશન : ૧૦ આરોપીઓની ધરપકડ, રૂ. ૧.૫૭ કરોડનો મુદ્દામાલ કબ્જે

## ફાસ્ટટેગ ડિટેક્ટ થતાં ટાટા ટીગોર કાર પાલનપુર નજીક હોવાની માહિતી મળી : તાત્કાલિક નાકાબંધી કરાઈ, રાજસ્થાન પોલીસને એલર્ટ કરતા લૂંટારુઓ ઝડપાયા





### ભેજાબાજ લૂંટારૂ ટોળકીએ સોનુ-ચાંદી બુટ અને કારની સીટમાં સંતાડી દીધું'તું

આજી જીઆઈડીસીમાં લૂંટને અંજામ આપી નાસી છૂટેલા લૂંટારુઓએ ચોટીલા નજીક તમામ મુદ્દામાલ કીયા સોનેટ કારમાં ટ્રાન્સફર કરી દીધો હતો. જે બાદ તેમાં સવાર બે શખ્સોએ સોનુ અને ચાંદી પોતાના શુઝમાં અને કારની સીટમાં અલગ અલગ જગ્યાએ સંતાડીને યુપી જવા રવાના થઈ ગયા હતા.

### યુપીની લૂંટારૂ ગેંગ

અશ્વિનીકુમાર ઉર્ફે લંકેશ મનોજસીંગ રાજપુત (ઉ.વ.૨૭, રહે. કમ્હરીયા ગામ,ચન્દૌલી ઉત્તરપ્રદેશ), અનુરાગસીંગ ઓમપ્રકાશસીંગ રાજપુત (ઉવ.૨૧, ધંધો રેપીડો ડીલવરી બોય, રહે. મીર્જાપુરગામ, બહરીયાબાદ ઉત્તરપ્રદેશ), વિસાલસીંગ વિનોદસીંગ રાજપુત (ઉવ. ૨૩ ધંધો અભ્યાસ (રહે. બીખેપુરગામ પોસ્ટ ધરીકલા, સાદિયાબાદ ઉત્તરપ્રદેશ), શીવમ ગીરીશચંદ્ર ગૃપ્તા (ઉવ.૧૯, ધંધો રેપીડો ડીલવરી બોય રહે. મખદુમપુરગામ, ગાજીપુર ઉત્તરપ્રદેશ), વેદાંત કાંત ઉર્ફે અમન રમાકાંત પાંડે (ઉવ. ૨૮ ધંધો ટ્રાન્સોર્ટ,રહે. ઓઈની ચૌબેગામ, સોનભદ્ર ઉત્તરપ્રદેશ), પનવકુમાર શિવપ્રસાદ ચૌબે (ઉવ. ૩૯, રહે. ધુવાસમહોલ્લા,, સોનભદ્ર ઉત્તરપ્રદેશ), અરવીંદ ઉર્ફે નીરજ હરીશંકર તીવારી (ઉવ.૩૫ ધંધો ટ્રાન્સપોર્ટ, રહે. વિશુનપુરા ગામ, મિર્ઝાપુર ઉત્તરપ્રદેશ), શૈલેષકુમાર કર્મવીરભાઈ ખરવાર (ઉવ.૩૧ રહે. મોચીબજાર, મટન-મચ્છી બજારની બાજુમાં રાજકોટ, મુળ વતન- કમ્હરીયા ગામ, ચન્દૌલી, ઉતરપ્રદેશ) અજીતકુમાર રામશપથ પાંડે (ઉ.વ.૨૪ રહે. ડેડવાલિયા ગામ, ચંદૌલી, ઉત્તરપ્રદેશ) અને શિવમ અશોક પાંડે (ઉવ. ૨૬, રહે. ડેડવાલિયા, ચંદૌલી, ઉત્તર પ્રદેશ) ની ધરપકડ કરવામાં આવી છે.

### વિડીયો કોન્ફરન્સથી લૂંટારુઓની પૂછપરછ કરતા મુદ્દામાલ કીયા સોનેટ કારમાં ટ્રાન્સફર કરી દીધાનું આરોપીઓએ કબૂલ્યું : ઉદયપુર નજીકથી બે શખ્સોને કીયા કાર સાથે ઝડપી મુદ્દામાલ રિકવર કરાયો

### નોકરીમાંથી કાઢી મુક્યાનો ખાર રાખી પૂર્વ કર્મચારી અશ્વિનીકુમારે લૂંટનું કાવતરૂ ઘડ્યું

સમગ્ર મામલે સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર લૂંટની ઘટનાનું આખેઆખું કાવતરું અગાઉ તન્વી ગોલ્ડ પેઢીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો અશ્વિનીકુમારે ઘડ્યું હતું. અશ્વિની સતત ઝગડા કરવાની ટેવ ધરાવતો હોય માટે અગાઉ ફેક્ટરીમાંથી તેને અઢી વર્ષ પૂર્વે જ કાઢી મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ તે એક કોન્ટ્રાકટર મારફતે ફરીવાર ફેક્ટરીમાં નોકરી પર લાગી ગયો હતો પણ અશ્વિનીકુમારે પોતાનો સ્વભાવ નહિ બદલાવતા કોન્ટ્રાકટરે પણ તેને છ મહિના પૂર્વે રજા આપી દીધી હતી. જેથી નોકરીમાંથી કાઢી મુક્યાનો ખાર રાખી અહીં લૂંટ કરીશું તો મોટી મતા હાથ લાગશે તેવું વિચારી અશ્વિનીએ લૂંટનું કાવતરું ઘડ્યું હતું.

### મેનેજર મોટી મતા સાથે બહાર નીકળો છે : ફેક્ટરીમાં કામ કરતો શૈલેષ ખરવારે ટીપ આપી'તી

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર પોલીસને પ્રાથમિક તબક્કે જ કોઈ ઘરનો જ ભેદી હોવાની શંકા ઉપજી હતી. જેથી પોલીસે ફેક્ટરી કર્મચારીઓ સહીત ૮૦૦ લોકોને વેરીફાઈ કરવાનું શરૂ કર્યું હતું. પોલિસની તપાસમાં ફેક્ટરી કર્મચારી શૈલેષકુમાર કર્મવીરભાઈ ખરવારે જ સમગ્ર લૂંટની ટીપ આપ્યાનું ખુલ્યું હતું. મેનેજર લાલજીભાઈ સરધારા મોટી મતા સાથે બહાર નીકળી રહ્યા છે તેવી ટીપ પણ શૈલેશે જ આપી હતી. વધુમાં ઘટના બન્યા બાદ પણ શૈલેષ પળેપળની અપડેટ સાગરીતોને આપી રહ્યો હતો તેમજ પોલિસની તપાસના પોતે કશું જાણતો જ ન હોય તેમ ફેક્ટરીમાં કામ કરવાનું ચાલુ રાખ્યું હતું.

### લૂંટારૂ ટોળકીનાં સાગરીતો હત્યાની કોશિશ સહિતનાં ગુનામાં સંડોવાયેલા

લૂંટારુ ટોળકીનાં સાગરીતો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેમાં આરોપી અજીતકુમાર પાંડે વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, અશ્વિનીકુમાર ઉર્ફે લંકેશ રાજપુત વિરુદ્ધ હત્યાનો પ્રયાસ અને મારામારી તેમજ અનુરાગસીંગ રાજપુત સામે સાપરાધ મનુષ્ય વધના ગુનો નોંધાયેલ છે.

### ચકચારી ઘટનાનો ભેદ ઉકેલનાર પોલીસની ટીમો

લૂંટ વિથ મર્ડરના ગુનાને ભેદવામાં ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની ૧૫ ટીમો કામે લાગી હતી. જેમાંક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ.એસ.ચાવડા, લ એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ, એસઓજી પીઆઈ એન.બી.ચૌધરી, થોરાળા પોલીસ સ્ટેશના પીઆઈ એસ.પી.સોંઢા, ડીસીબી પીએસઆઈ એ.એન.પરમાર, એસ.એમ.રાણા, વી.ડી.ડોડીયા, વી.ડી.રાવલીયા, ડી.પી.ઝાલા, સી.બી.જાડેજા, તથા તમામ ટીમના માણસો તેમજ એલસીબી ઝોન-૧ પીએસઆઈ એમ.કે.મોવલીયા અને એલસીબીની ટીમે મહત્વનીની કામગીરી કરી હતી.

### કારનાં મોડેલ અંગેની મૂંઝવણ ટેક્નોલોજીનાં આધારે દૂર થઈ : એક ફોટો મુકતા જ આખો ડેટા મળી ગયો

લૂંટારુ ટોળકી લૂંટને અંજામ આપી કારમાં નાસી ગયા અંગેના સીસીટીવી ફૂટેજ પોલીસને પ્રાથમિક તબક્કે જ મળી ગયા હતા. જે બાદ લૂંટમાં ઉપયોગમાં લેવાયેલી કાર ખરેખર કંઈ છે તે અંગે પોલીસ અવઢવમાં હતી. ત્યારે પોલીસે તેમની પાસે રહેલ એક સોફ્ટવેરમાં કારની તસ્વીર નાખતા જ સોફ્ટવેરમાં ટાટા ટીગોર કાર અને તેની વિગતો સેકન્ડોમાં મળી ગઈ હતી. જેના આધારે ટાટા ટીગોર કારને ટ્રેક કરવામાં સફળતા મળી હતી.

### ચાર જિલ્લા અને બે રાજ્યની પોલીસની મદદથી ગુનાનો ભેદ ઉકેલાયો

લૂંટારુઓ ગુનાને અંજામ આપી ૧૨૦ કીમી પ્રતિ કલાકની ઝડપે અમદાવાદ હાઈવે પર નાસી છૂટ્યા હતા. જેથી પોલીસે લૂંટારુઓનો પીછો શરૂ કર્યો હતો પણ લૂંટારુઓ હવામાં ઓગળે તે પૂર્વે જ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા પાટણ, બનાસકાંઠા સહિતના જિલ્લાની પોલીસને એલર્ટ કરવામાં આવી હતી. વધુમાં ડીજીપીની મદદથી રાજસ્થાન પોલીસને પણ એલર્ટ કરી દેવામાં હતી. જેનાં પરિણામે ચાર લૂંટારુ સહીત છ શખ્સોને રાજસ્થાન પોલીસે પકડી લીધા હતા. જયારે અન્ય ત્રણ શખ્સોને મોરબી નજીક સામખિયાળી બોર્ડર પાસેથી રાજકોટ પોલીસે દબોચી લીધા હતા.

### વચ્ચે આવે તેને મારી જ નાખવાનો છે : અશ્વિનીએ સાગરીતોને સ્પષ્ટ સૂચના આપી'તી

સમગ્ર મામલે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર લૂંટારુઓ ફક્ત લૂંટનાં જ ઈરાદે અહીં આવ્યા હતા પરંતુ કાવતરાખોર અશ્વિનીએ તમામ સાગરીતોને સ્પષ્ટ સૂચના આપી હતી કે, લૂંટ દરમિયાન જે કોઈ વચ્ચે આવે તેને જાનથી મારી નાખવાનો છે. જેના પરિણામે અનુરાગ નામના શખ્સે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાંથી એક ગોળી મેનેજર લાલજીભાઈ સરધારાને છાતીનાં ભાગે ખુપી જતાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

**અબતક, રાજકોટ**

શહેરના આજી જીઆઈડીસીમાં આવેલી તન્વી ગોલ્ડ ફેક્ટરીનાં કર્મચારીને ગોળી ધરબી હત્યા નીપજાવી રૂ.૧.૫૩ કરોડની મતા લૂંટી ફરાર થઈ જનાર લૂંટારુ ગેંગને ફક્ત નવ કલાકનાં દિલધડક ઓપરેશનમાં ઝડપી લઈ તમામ મુદ્દામાલ કબ્જે કરી લેવામાં આવ્યો છે. મામલામાં ફેક્ટરીનાં જવેલરી વર્કશોપમાં કામ કરતો શખ્સ જ ટીપ આપનાર નીકળતા તેને પણ પકડી કુલ ૧૦ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ ગંભીર ગુનામાં બાહોશ અને ટેક્નોસેવી પોલીસે કારનું ફાસ્ટટેગ ડીટેકટ કર્યું, પાલનપુર ટોલનાકા પાસેથી પસાર થતાં જ હિંટ મળી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ રાજસ્થાન પોલીસ સાથે સંકલન કરી મિનિટોમાં જ બોર્ડર પર નાકાબંધી ગોઠવી દિધી હતી. રાજસ્થાન પોલીસે ટાટા ટિયાગો કારને પકડી મુખ્ય ચાર શખ્સોને દબોચી લીધાં બાદ વટાણા વેરી નાંખ્યા હતાં અને ૨ શખ્સો સોના-ચાંદી સાથે આગળ નીકળ્યાનું કેફિયત આપતાં જ ઉદયપુર પોલીસે તેને પણ દબોચી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો. જ્યારે ચોટીલા હોટલથી ફોન બંધ કરી ભાગેલા અન્ય ૩ રીઢા ગુનેગારોનો હિંમતભેર પીછો કરી ક્રાઈમ બ્રાન્ચે સામખીયાળી પાસેથી પકડી તમામ ખેલ ખતમ કર્યો હતો.

ગુજરાત રાજયના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડિસીપી (કાઈમ) જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલ અને એસીપી (ક્રાઈમ) બી.બી.બસીયા દ્વારા ગઈ તા.૧૪ ના રાત્રીના ૮ વાગ્યાની આસપાસ થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજી જી.આઈ.ડી.સી. મેઈન રોડ, બાવીશી વે-બ્રિજ સામે, ''તન્વિ એક્ષપોર્ટ ઈન્ડીયા લીમીટેડ'' નામના કારખાનાની રીફાઈનરીમાંથી પેઢીના મેનેજર લાલજીભાઈ લવજીભાઈ સરધારા સોનાના અલગ-અલગ વજનના ઢાળીયા જેનુ વજન આશરે ૯૪૬ ગ્રામ જેની રૂ. ૧,૪૮,૯૦,૦૦૦ તથા રિફાઈન ચાંદીનો ડસ્ટ પાવડરની પ્લાસ્ટીકની કોથળીમાં જેનો વજન આશરે ૨ કીલો રૂ.૪.૩૦ લાખ મળી કુલ રિફાઈન સોના-ચાંદીની કુલ રૂ.૧,૫૩,૨૦,૦૦૦ નો સોના ચાંદીનો રીફાઈન માલ થેલામાં રાખી, કારખાનાની રીફાઈનરીમાંથી લઈને નજીકમાં આવેલ તેમના શો રૂમ ખાતે જવા માટે પોતાના એકટીવા ઉપર બેસવા જતા દરમ્યાનમાં અજાણ્યા ચાર શખ્સો એક મરૂન કલરની ટાટા કંપનીની ટીગોર કારમાં ઘસી આવ્યાં હતાં અને ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી લાલજીભાઈને મોતને ઘાટ ઉતારી રૂ. ૧.૫૩ કરોડની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા.બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલીક ઉચ્ચ અધિકારીઓ, ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એલ.સી.બી.ઝોન-૧ ની ટીમ, તેમજ સ્થાનિક પોલીસની ટીમ દ્વારા બનાવ સ્થળ કરી અલગ-અલગ ટીમો બનાવીને સી.સી.ટી.વી. કેમેરાના આધારે તપાસ આદરી હતી. તેમજ ટેકનિકલ સર્વેલન્સ આધારે લુંટમાં ઉપયોગ થયેલ ટાટા ટીગોર ગાડી બનાવ સમયે શંકાસ્પદ જણાય આવેલ જેથી આ બાબતે તપાસ કરતા બહારના રાજયની હોય જેથી બોર્ડર એરીયાના જીલ્લા પોલીસનો સંપર્ક કરી, આંતરરાજ્ય સંકલન કરી, રાજસ્થાન રાજયની અલગ અલગ જીલ્લાની પોલીસને મેસેજ કરવામાં આવેલ હતાં. જે આધારે ગુનામાં ઉપયોગ થયેલ ટાટા ટીગોર ગાડી રાજસ્થાનના સિરોહીના ભીડવાળા પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ગાડીને જનાપુર સર્કલ પીંડવાળા ખાતેથી પકડી ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા.તેઓની વીડીયોકોલ મારફતે પુછપરછ કરતા લુંટમાં ગયેલ મુદામાલ અન્ય બે આરોપીઓ કીયા સોનેટ ગાડીમાં લઈને નાશી ગયેલ હોવાનું જણાય આવતા કીયા ગાડી બાબતે ઉદયપુર કંટ્રોલ રૂમ મારફતે બડગાંવ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી કીયા સોનેટ ગાડી ઉદયપુરના બડગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડી પાડી બે શખ્સોને પકડી પાડ્યા હતાં. પકડાયેલ તમામ આરોપીઓની પુછપરછ કરતા લુંટના ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓને કચ્છ સામખીયાણી ખાતેથી તેમજ આ બનાવમાં ટીપ આપનાર એક શખ્સને રાજકોટ ખાતેથી પકડી કુલ-૧૦ આરોપીઓની ધરપકડ કરી રિફાઈન સોનાના ઢાળિયા (આશરે ૯૪૬ ગ્રામ) રૂ.૧,૪૮,૮૦૦૦૦, રિફાઈન ચાંદીનો ડસ્ટપાવડર રૂ.૪.૩૦ લાખ, ટાટા ટીગોર કાર, કિયા સોનેટ કાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૫૭,૬૭,૫૦૦ નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ન્યારા નજીક લૂંટની ઘટનામાં ફરિયાદી જ આરોપી નીકળ્યો : દેણું થઈ જતાં સ્ટોરી ઘડી

### ચાંદીનું કડુ અને વીંટી સોની બજારમાં વેંચી દઈ લેણદારોને પૈસા ચૂકવી દીધા : આંખમાં સ્પ્રે છાંટી લૂંટારુઓ મતા પડાવી ગયાનું જણાવી પોલીસને ગેરમાર્ગે દોર્યા





**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ઈશ્વરીયા ગામથી ન્યારા ગામ તરફ જતા રોડ પર ટેમ્પો ચાલકને આંતરી આંખમાં સ્પ્રે છાંટી રોકડ અને દાગીનાની લૂંટ ચલાવ્યા અંગે ફરિયાદ નોંધાઈ હતી. જે મામલે એલસીબીની ટીમે ઊંડાણપૂર્વક તપાસ કરતા ફરિયાદી જ આરોપી નીકળ્યો હતો. ફરિયાદીને દેણું થઈ ગયું હોય અને આ વાત પરિવારને કહેવાનો ડર લાગતો હોય જેથી તેણે લૂંટની ખોટી સ્ટોરી ઘડી કાઢી ચાંદીનું કડું અને વીંટી સોની બજારમાં વેચી લેણદારોને રૂપિયા ૫૬,૦૦૦ ચૂકવી દીધા હતા.

જાણવા મળતી વિગતો મુજબ, ગત તા. ૧૨-૧૦-૨૦૨૬ ના રાત્રીના દસેક વાગ્યા આસપાસ પડધરી તાલુકાના ઈશ્વરીયા ગામથી ન્યારા ગામ તરફ જતા રસ્તે જીએમ કારખાના પાટીયા પાસે મોતીભાઈ હેમંતભાઈ ચાવડીયા (ઉ.વ. ૩૬ રહે. ન્યારા) ને ત્રણ અજાણ્યા શખ્સોએ આંતરી તેમના પર સ્પ્રે છાંટી તેમની પાસે ખિસ્સામાં રહેલ રોકડ રૂપિયા ૯,૮૦૦ તથા ચાંદીનું કડું અને વીંટીની લૂંટ ચલાવી હોવાની હેમંતભાઈએ પડધરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવને લઈ એલસીબી પીઆઈ જે.પી. રાવની રાહબરી હેઠળ એલસીબીની ટીમે ઊંડાણપૂર્વક તપાસ કરતા ફરીયાદીએ જણાવેલી હકીકતો શંકાસ્પદ જણાતા ફરિયાદી મોતી ચાવડીયાની સઘન પૂછતાછ કરતા તેણે વટાણા વેરી દીધા હતા. તેણે પોલીસ સમક્ષ એવી કબુલાત આપી હતી કે, પોતાની પૈસાની ભીંસ હોય અને તેણે પરિવારની જાણ બહાર ઉછીના પૈસા દીધા હોય અને લેણદારોને ઉછીના લીધેલા પૈસા ચૂકવવાના હોય જેથી તેણે લૂંટ થયાનું તરકટ રચ્યું હતું.

બાદમાં આરોપીની સઘન પૂછતાછ કરતા તેણે કબુલાત આપી હતી કે, તેણે ચાંદીનું કડું તેમજ ચાંદીની વીંટી ગઈ તા. ૧૨-૧૦ ના જ બપોરના સમયે રાજકોટના સોની બજારમાં સોની દુકાને વેચી રૂપિયા ૫૬,૦૦૦ લેણદારોને ચૂકવી દીધા હતા. જેથી પોલીસે મોતી ઉર્ફે જબ્બો હેમંતભાઈ ચાવડીયા વિરુદ્ધ ચાંદીનું કડું તથા વીંટી સહિત રૂ.૬૨,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કામગીરીમાં એલસીબી પીઆઈ જે.પી. રાવની રાઉન્ડની રાહબરી હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહિલ, કે.એમ.ચાવડા, આર.વી.ભીમાણી, પી.એન.ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા ટીમ સાથે રહી હતી.

# ૧.૦૫ કરોડના સોનાની છેતરપિંડીમાં પૂર્વ ભાગીદાર જુગલ સોનીના આગોતરા જામીન અરજી મંજૂર

### આર.પી. ઓર્નામેન્ટના વેપારી ભાવિક શાહે ૬૫૬ ગ્રામ સોનું આપ્યા બાદ દાગીના ન બનાવી આપ્યાની એ- ફરિયાદ

**અબતક,રાજકોટ**

શહેરના સોની બજાર વિસ્તારની બે પેઢીઓ વચ્ચે સોનાના દાગીના બનાવીને આપવાના વ્યવહારમાં રૂપિયા ૧.૦૫ કરોડનું સોનું ઓળવી જવાના ગુનામા પૂર્વ ભાગીદારની આગોતરા જામીન અરજી મંજૂર કરવામાં આવી છે.

શહેરમા રહેતા અને બોઘાણી શેરીમાં આર.પી. ઓર્નામેન્ટના નામથી જયેશભાઈ રાયચંદભાઈ શાહ સાથે ધંધો કરવા ઉપરાંત ઓરેટ પેઢીમાં શ્યામ સુરેશભાઈ પટણી વગેરે સાથે ભાગીદારીમાં ધંધો કરતા હોય, વહીવટ શ્યામ પટણી સંભાળતા, જેમાં ભાવિક શાહ ફાઈન સોનું આપતા અને શ્યામ સુરેશભાઈ પટણી ઓર્ડર મુજબ દાગીના બનાવી આપતા. છેલ્લે ભાવિક ભાઈએ શ્યામ પટણીને ૬૫૬.૮૧૦ ગ્રામ સોનું તથા ૫૫.૦૯૨ એલોય આપી અલગ અલગ ડિઝાઈન મુજબના દાગીના બનાવવાનો ઓર્ડર આપેલ. પરંતુ અનેક વખત માગણી કર્યા છતાં શ્યામભાઈ પટણીએ દાગીના બનાવી પરત નહી આપતા હોવાનું કહી ભાવિક શાહે 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ અન્વયે તપાસમાં 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાંથી પોલીસ મોકલીને ઓરેટ પેઢીના પૂર્વ ભાગીદાર જુગલ ભાસ્કરભાઈ સોનીને વારંવાર બોલાવવાની ગતિવિધિ ચાલુ થઈ હતી. જેથી જુગલભાઈ સોનીએ પોતાને ખોટી રીતે આરોપી બનાવવાની પેરવી થઈ રહી હોવાની શંકા સાથે રાજકોટ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ અને જણાવેલ કે, તેઓને મુળ ફરિયાદીએ ઓરેટ પેઢીમાંથી મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં છુટા કરેલ છે. જેને કારણે ફરિયાદવાળા વ્યવહારમાં તેમનો કોઈ સીધો કે આડકતરો રોલ નથી. તેથી પોલીસ બળપુર્વક કોઈ ગુનાની કબુલાત ન કરાવે તેના માટે આગોતરા જામીન મંજૂર કરવા કોર્ટમાં જણાવ્યું હતું. કોર્ટે બન્ને પક્ષકારોને સાંભળી જુગલ ભાસ્કરભાઈ સોનીના આગોતરા જામીન મંજુર કર્યા છે. આ કામમાં અરજદાર વતી એડવોકેટ વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, બ્રિજ શેઠ, કેતન પરમાર, સિરાજ ઘાંચી, આસિસ્ટન્ટ રાહુલ મીર તથા પ્રસાદ દવે રોકાયા છે.

# ગુજસીટોકના ગુનામાં થોરાળાની ઓડિયા ગેંગના સૂત્રધાર અવેશ સહિત ૬ વ્યકિતના જામીન મંજુર

### સેશન્સ કોર્ટે જામીન નામંજૂર કરતા હાઈકોર્ટેમા દાદ માંગી 'તી

**અબતક,રાજકોટ**

શહેરના સામા કાંઠા વિસ્તારમાં સંગઠિત ગુનાખોરી આચરતી ઓડિયા ગેંગ સામે ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં પકડાયેલા દસ પૈકીના છ આરોપીને ગુજરાત હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.થોરાળા પોલીસ સ્ટેશનમાં તા.૨૦/ ૦૧/ ૨૦૨૬ના રોજ કુલ ૧૦ ઈસમો સામે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ સંગઠિત ગુનાખોરી આચરતી ટોળકી બનાવી ૨૦૧૬થી ૨૦૨૫ સુધીમાં રાજકોટ શહેર અને ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં કુલ ૧૫ જેટલા ગંભીર ગુના આચર્યા હતા. જેમાં પ્રાણઘાતક હથિયારો વડે ખૂનની કોશિશ, જાહેરમાં ફાયરિંગ કરી ભયનું વાતાવરણ ઊભું કરવું, ગેરકાયદે મંડળી રચી શરીર સંબંધી ગુના, ગૃહ પ્રવેશ કરી તોડફોડ, ધમકીઓ, આર્થિક ફાયદા માટે ગેરકાયદે હથિયાર અને નશાકારક ડ્રગ્સનું વેચાણ, સરકારી મિલકતને નુકસાન અને ઘરફોડ ચોરી જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી. અવેશ અયુબભાઈ ઓડિયા, શબ્બીર ઉર્ફે બોદુ સતારભાઈ ઓડિયા, (૩) અરબાઝ રફીકભાઈ રાઉમા,અબ્દુલ અનવરભાઈ દલ, અનીશ આબીદભાઈ ઓડિયા અને ઈમ્તિયાઝ આબીદભાઈ ઓડિયાએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી, જે નામંજૂર થઈ હતી.

જેથી આરોપીઓએ હાઈકોર્ટમાં અરજી કરતા આરોપી તરફેની દલીલો અને હાઈકોર્ટ-સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ તમામ છ આરોપીના જામીન મંજૂર કર્યા છે.આરોપી વતી એડવોકેટ તુષાર કે. બસલાણી, સંજય પ્રજાપતિ, મનીષ કોટક, એઝાઝ જુણાચ, નેહલ જોશી, જગદીશ પડીયા, ભાવેશ ગોહેલ, વત્સલ ચાવડા, અક્ષય મકવાણા અને દિપ બસલાણી રોકાયા હતા.

# કોર્પોરેશનમાં દશેરા દેખાયા: મીઠાઈ-ફરસાણના ૪૯ નમુના લેવાયા

## લુઝ પનીર, નમીત ગાયનું ઘી, શુધ્ધ ઘી, શ્રધ્ધા કોઠી આઈસ્ક્રીમ સહિત પાંચ ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ ખુલતા નમુના ફેઈલ: ફરસાણ-મીઠાઈના ૭૮ વેપારીઓને ત્યાં ચેકિંગ

**અબતક, રાજકોટ**

દશેરાના તહેવારમાં ફરસાણ અને મીઠાઈનો ઉપયોગ વધુ માત્રામાં થતો હોય છે. વેપારીઓ દ્વારા ગ્રાહકોને પડતર, વાસી કે ભેળસેળયુકત ખાદ્ય સામગ્રી ધાબડી દેવામાં આવતી હોય છે. દશેરા પૂર્વે કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૭૮ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૩૩ કિલો અખાદ્ય વાસી કે એક્સપાયર જથ્થાનો નાશ કરી ત્રણ પેઢીને સ્ટોરેજ અને ફૂડ લાયસન્સ હાઈજેનિક કન્ડીશન અંગે નોટિસ આપવામાં આવી હતી. પાંચ હજારનો દંડ વસુલ કરી ૪૯ સ્થળેથી ફરસાણ અને મીઠાઈના નમુના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

હનુમાનમઢી ચોક પાસે તિરુપતિ નગર-૨ માં આવેલા દાસ ડિપાર્ટમેન્ટ સ્ટોરમાંથી એકસપાયરી ડેટ વીતી ગયેલા ફરસાણના પેકેટ, ચિયા સિડ્સ અને મીઠાઈનો ૧૬ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જે નાશ કરી દેવામાં આવ્યો હતો. મસાલા સેવ અને મેથી પુરી ફરસાણના નમુના લેવામાં આવ્યા હતાં. રામકૃષ્ણ નગર મેઈન રોડ પર પ્રભાવી એન્ટરપ્રાઈઝ (જાનકી લોચો એન્ડ ખમણ હાઉસ)માં ચેકિંગ દરમિયાન ફુગ વાળી ડુંગળી, ફ્રીઝમાં સંગ્રહ





કરીને રાખવામાં અઆવેલા પડતર સમોસા, ખમણનો ૧૭ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરી દેવામાં આવ્યો હતો. સુરતી લોચો, કોથમરીની ચટણીના નમુના લેવામાં આવ્યા હતાં. જ્યોતિનગર ચોકમાં જીજે-૫ સેન્ડવીચ એન્ડ પીઝાને હાઈજેનિક કંડીશન, યોગ્ય સ્ટોરેજ કરવા અને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. રૂા. ૫૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરી લૂઝ બટર, લૂઝ પનિરના નમુના લેવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત ચેકિંગ દરમિયાન જયસીયારામ ફરસાણ, હરભોલે ડેરીફાર્મ, શ્રી હરી નમકીન એન્ડ સ્વીટ, પારસ સ્વીટમાર્ટ, મુરલીધર ફરસાણ, કચ્છ ખાવડા વાળા, સદગુરુ સ્વીટ એન્ડ નમકીન, ઠક્કર સ્વીટ એન્ડ નમકીન, ઠક્કર ગૃહ ઉદ્યોગ, યોગી ફરસાણ માર્ટ, હરભોલે ફરસાણ, પટેલ ડેરી ફાર્મ, ન્યુ શ્રીજી ડેરી ફાર્મ, બજરંગ ફરસાણ, શ્રી મહાજન ફરસાણ એન્ડ નમકીન, રાધે ક્રિષ્ના ડેરી ફાર્મ, ઘનશ્યામ ડેરી ફાર્મ, સોમનાથ ફરસાણ, શક્તિ રાજ સ્વીટ એન્ડ નમકીન, કૈલાશ ફરસાણ, શ્રી પંચનાથ નમકીન સેન્ટર, બજરંગ ફરસામ, જલીયાણ ફરસાણ સહિત કુલ ૪૯ દુકાનોમાંથી વિવિધ ફરસાણ અને મીઠાઈના નમુના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

બજરંગવાડી ચોકમાં શ્રી અમૃત ડેરી ફાર્મ એન્ડ આઈસ્ક્રીમમાંથી લેવામાં આવેલો લુઝ પનિર, કોટેચા ચોકમાં જય ધારેશ્વર ડેરી ફાર્મમાંથી લૂઝ પનિર, વિનાયક નગરમાં જલારામ ઘી ડેપોમાંથી લેવાયેલા નમીત ગાયના ઘીનો નમુનો, દીનદયાલ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કનૈયા ડેરી ફાર્મમાંથી લેવાયેલો શુધ્ધ ઘીનો નમુનો અને અંબિકા ટાઉનશીપમાં શ્રી બાલાજી કોઠી કમ્પાઉન્ડમાંથી લેવાયેલો શ્રધ્ધા કોઠી આઈસ્ક્રીમનો નમુનો ફેઈલ જતાં હવે એજ્યુબીકેશનની કાર્યવાહી કરવામાં આવશે.

---

### ધારાસભ્ય ડો.દર્શિતા શાહ આયોજીત

# નમો નવરંગ રાસોત્સવની બહેનોએ માણી રંગત







**અબતક, રાજકોટ**

ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા ભાજપ મહિલા મોરચાના બહેનો તથા શહેરની તમામ બહેનો દીકરીઓ તથા દિવ્યાંગ બહેનો માટે નમો નવરંગ રાસોત્સવ નું આયોજન કરવામાં આવેલ આ રાસોત્સવમાં બહોળી સંખ્યામાં રાજકોટની બહેનો દીકરીઓ ભાગ લીધેલ તેમજ જુદી-જુદી કેટેગરી વાઈઝ તથા દિવ્યાંગ બાળાઓને ઈનામો આપવામાં આવેલ. આ ભવ્ય નમો રાસોત્સવમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, મેયર ડો.નેહલભાઈ શુક્લ, પ્રદેશ સહ સંગઠન મહામંત્રી અરૂણભાઈ બીન્નડીજી, શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, વલ્લભભાઈ દુધાત્રા, યોગેન્દ્રસિંહ જાડેજા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, કોર્પોરેશન શાસક પક્ષ નેતા હિરેનભાઈ ખીમાણીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના મહામંત્રી માધવીબેન જોગિયા, મયુરીબેન ભાલારા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાનાં વોર્ડના પ્રમુખ, મહામંત્રી, પ્રભારીઓ તથા જુદા-જુદા વોર્ડના કોર્પોરેટરો તથા જુદા-જુદા વોર્ડના પ્રમુખો, મહામંત્રીઓ, પ્રભારીઓ તેમજ જુદી-જુદી શ્રેણીના કાર્યકર્તાઓ પ્રતિષ્ઠીત સંસ્થાના મહાનુભાવોઓ તથા બહોળી સંખ્યામાં શહેરની બહેનો દીકરીઓ તથા દિવ્યાંગ બહેનો ઉપસ્થિત રહ્યા.

---

# જયાનંદધામ રવિવારે શ્રી પદ્માવતી માતાજીનો હવન અને પૂજન



**અબતક, રાજકોટ**

આચાર્ય દેવ જયશેખરસૂરીશ્વરજી મ.સા.આદી ઠાણાં ના આશીર્વાદથી નૂતન જિનાલય શ્રી જયાનંદ ધામ (નવગ્રહ જિનાલય)ના આંગણે પ્રથમ વખત નવલા નવરાત્રીના દિવસો દરમ્યાન પદ્માવતી માતાજીનો આસો સુદ નિજ ૭ના તા. ૧૮/૧૦/૨૬, રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકથી હવન અને પૂજન રાખેલ છે. આ પ્રસંગે સકળ સંઘના ભાઈઓ - બહેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. કાર્યક્રમ પૂર્ણ થયે સાધર્મિક ભક્તિ રાખેલ છે. પૂજાના કપડામાં પધારેલ ભાવિકોને હવન અને પૂજનનો લાભ આપવામાં આવશે. સંપૂર્ણ પૂજન, હવન અને સાધર્મિક ભકિતના લાભાર્થી પરિવાર સુરેશભાઈ ચંદ્રકાન્તભાઈ દોશી (એડવોકેટ) પરિવાર હ: સિધ્ધાર્થ, પારસ, સાધર્મિક ભક્તિ સ્થળ: જૈન ભુવન, જિનાલયની બાજુમાં,વિધિકાર: પ્રિયાંશુભાઈ શાહ જામનગરવાળા અને સંગીતકાર નિલેશભાઈ ટોળીયા પધારશે. જેની મહેશભાઈ મણિયાર, વિપુલભાઈ દોશી, દિલેશભાઈ શાહ મો. ૯૮૨૫૦ ૭૩૦૭૦, નિરવભાઈ શાહ મો. ૬૩૫૭૬ ૫૩૫૫૫, વિશાલભાઈ શાહ મો. ૯૫૧૦૩ ૩૩૭૭૭ જણાવે છે.

---

### વિશ્વ દ્રષ્ટિ દિવસ નિમિતે

# રણછોડદાસજીબાપુ ચેરિટેબલ હોસ્પિટલને નેત્રયજ્ઞ બદલ એવોર્ડ એનાયત

## એક વર્ષમાં પંચાવન હજાર લોકોના મોતિયાની સફળ સર્જરી કરી

**અબતક, રાજકોટ**

રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા સમગ્ર ગુજરાત તથા ભારતભરમાં આંખોના મોતિયા માટે ગરીબ તથા જરૂરીયાતમંદ લોકોની તથા ગરીબ બાળકોની સેવા કરવામાં આવે છે,તથા નિ:શૂલ્ક લેવા થકી ગરીબ અને જરૂરીયાતમંદ લોકો તથા ગરીબ બાળકોને આંખોની નવી રોશની આપીને તેઓને નવી જીંદગી આપે છે.

શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટ દ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં નેત્રયજ્ઞ કેમ્પો કરીને દર્દી ભગવાનનાં મફત આંખના મોતિયાનાં સોફટલ લેન્સ લગાવીને ટાંકા વગરના ઓપરેશન કરવામાં આવે છે, તથા દર્દી ભગવાનને રહેવા, જમવા, ચા, નાસ્તો, શુધ્ધ ઘીનો શીરો,દવા, ટીપા, ચશ્મા, તથા ધાબળો આપીને ઉત્તમોત્તમ સેવા કરવામાં આવે છે.

આમ સમગ્ર ગુજરાત રાજયમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટ નેત્રયજ્ઞો કેમ્પ કરીને વર્ષ-૨૫/૨૬ માં એક વર્ષમાં સૌથી વધારે ૫૫,૦૦૦ (પંચાવન) આંખના મોતિયાનાં મફત ઓપરેશન કરવા બદલ, ગુજરાત સરકાર દ્વારા વિશ્વ દ્રષ્ટિ દિવસ નિમિતે રાજયનાં શહેરી મંત્રી દર્શનાબેન વાઘેલા દ્વારા એવોર્ડ આપીને સન્માનિત કરીને સેવાને બિરદાવી હતી.આ તકે સંસ્થા ટ્રસ્ટી પ્રવિણભાઈ વસાણીએ એવોર્ડ સ્વીકારીને સમગ્ર ગુજરાત રાજયને મોતિયા વિહિન કરવાનો સંકલ્પ કરેલ હતો,અને ગુજરાતને મોતિયામુકત કરવાનો નિર્ધાર કરેલ હતો.



---

# શિવરાજપુરમાં યુવાનની હત્યામાં બે આરોપીના હાઈકોર્ટએ જામીન મંજુર કર્યા

**અબતક, રાજકોટ**

જસદણના શિવરાજપુર ગામે રસ્તામાં વાહન ઉભું રાખવા મામલે ૮ માસ પહેલા ખેલાયેલા ધીંગાણામાં છગનભાઈ ઝાપડીયાની થયેલી હત્યાના ગુનામા જેલ હવાલે રહેલા બે આરોપીના જામીન હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે. જસદણ તાલુકાના શિવરાજપુર ગામે રસ્તામાં વાહન ઉભું રાખવા મુદ્દે થયેલા ઝઘડાના સમાધાન માટે તા. ૧૪/ ૨/ ૨૦૨૬ના રોજ એકઠા થયેલા કોળી અને ભરવાડ જૂથ વચ્ચે ધિંગાણું ખેલાયું હતું. આ જૂથ અથડામણમાં કોળી સમાજના છગનભાઈ ઝાપડીયાનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે શૈલેષભાઈ છગનભાઈ ઝાપડીયાએ જસદણ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં વીરમભાઈ મુંધવા, વજાભાઈ મુંધવા, નારણભાઈ મુંધવા અને સાગરભાઈ મુંધવાના નામો આપ્યા હતા, જ્યારે પોલીસ તપાસ દરમિયાન ગભાભાઈ ધુધાભાઈ ગમારાનું નામ ખુલતા તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. જેમાં અગાઉ એક આરોપીને હાઈકોર્ટે અને એકને રાજકોટ સેશન્સ કોર્ટે જામીન આપી દીધા હતા. ત્યારબાદ વધુ બે આરોપીઓ સાગરભાઈ નથુભાઈ મુંધવા તથા નારણભાઈ રાજાભાઈ મુંધવાએ હાઈકોર્ટમાં જામીન અરજી કરેલ અને ચાર્જશીટના કાગળો તથા આરોપી પક્ષે થયેલ દલીલોને ધ્યાનમાં લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા બંને આરોપીઓને શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ છે. બંને આરોપીઓ વતી અમદાવાદના એડવોકેટ આશીષભાઈ એમ. ડગલી તથા રાજકોટના એડવોકેટ પીયુષ એમ.શાહ, અશ્વીન ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વિજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હર્ષિલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, રવીરાજ વાળા, રાજેન્દ્ર જોષી, ચીરાગ સંચાણીયા, સંજય મેરાણી, મીહીર શાહ, આસિસ્ટન્ટ દક્ષરાજસિંહ જાડેજા તથા રાજાભાઈ ભટ્ટ રોકાયા હતા.

---

(પહેલા પાનાનું ચાલું)

### મતદાર યાદી સુધારણા...

આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંગે તમામ સંબંધિત રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને પત્ર લખીને જાણ કરી દેવામાં આવી છે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ની કલમ ૨૧ મુજબ ચૂંટણી પંચ પાસે વિધાનસભાની મુદત પૂરી થવાના ૬ મહિના પહેલાં પણ ચૂંટણી યોજવાની સત્તા રહેલી છે. જેને પગલે આગામી સમયમાં જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, ત્યાં સમયસર મતદાર યાદી સુધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ ઝુંબેશ અંતર્ગત જે યુવાઓ પહેલીવાર મતદાન કરવાના છે તેમને મતદાર યાદીમાં જોડવામાં આવશે. આ ઉપરાંત જૂની યાદીમાં રહેલી કોઈપણ પ્રકારની ભૂલોને સુધારીને વોટર લિસ્ટને એકદમ અપડેટ કરવામાં આવશે.

ચૂંટણી પંચની આ પ્રક્રિયા જે ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં યોજાશે તેમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર, ગોવા, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, છત્તીસગઢ, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, ૪૦૩ બેઠકો ધરાવતી ઉત્તર પ્રદેશ વિધાનસભાની મુદત આવતા વર્ષે ૨૨ મેના રોજ પૂર્ણ થઈ રહી છે. જ્યારે મણિપુર (૬૦ બેઠકો), ગોવા (૪૦ બેઠકો), પંજાબ (૧૧૭ બેઠકો) અને ઉત્તરાખંડ (૭૦ બેઠકો) વિધાનસભાની મુદત માર્ચ ૨૦૨૭માં પૂર્ણ થશે.

ચૂંટણી પંચે જાહેર કરેલા ટાઈમટેબલ મુજબ, ૦૨ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં મતદાન મથકોનું તર્કસંગતીકરણ કે પુનઃગોઠવણ કરવામાં આવશે. ત્યારબાદ ૧૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ કાચી (ડ્રાફ્ટ) મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ યાદી પર દાવા અને વાંધા રજૂ કરવા માટે ૧૨ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીનો સમયગાળો આપવામાં આવ્યો છે. રજૂ થયેલા દાવા અને વાંધાઓનો નિકાલ ૨૮ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં કરી દેવામાં આવશે અને અંતે ૦૪ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ ફાઈનલ મતદાર યાદી જાહેર થશે.

૨૦૨૭માં ૧૮ વર્ષ પૂરા કરનારા યુવાનો કરી શકશે એડવાન્સ નોંધણી

ચૂંટણી પંચે આ વખતે યુવા મતદારો માટે એક મોટી સુવિધા આપી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭ ઉપરાંત તે પછીની અન્ય ત્રણ લાયકાતની તારીખો પણ નક્કી કરવામાં આવી છે. એટલે કે ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂરા કરનારા યુવાનો પણ મતદાર યાદી માટે અગાઉથી અરજી કરી શકશે. આ સુવિધાથી વર્ષની વચમાં લાયક બનતા યુવાનોને પણ મતદાનનો અધિકાર સરળતાથી મળી રહેશે.

બાકીના રાજ્યોમાં એસએસઆર કાર્યક્રમ પાછળથી કેમ જાહેર કરાશે?

જે રાજ્યોમાં હાલમાં એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી છે અથવા તાજેતરમાં પૂર્ણ થઈ છે, ત્યાં એસએસઆરનું સમયપત્રક પછીથી જાહેર કરવામાં આવશે. આવા રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, હરિયાણા અને ઝારખંડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પહાડી વિસ્તારોમાં હવામાનની સ્થિતિને પણ ધ્યાનમાં લેવાશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ જેવા વિસ્તારોમાં હવામાનને અનુકૂળ સમય મુજબ યોગ્ય સમયે સમયપત્રક જાહેર કરવામાં આવશે.

#### એસએસઆર...

આ પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પોતે ઘરે-ઘરે જઈને તપાસ કરે છે. મતદાતા ત્યાં રહે છે કે નહીં તેની પુષ્ટિ કરીને મોટા પાયે ડેટા ઓડિટ કરવામાં આવે છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### હર્ષ સંઘવી...

પરિવારોની વ્યથા અને યાતનાના કિસ્સાઓનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, આ પરિવારો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે નવું જીવન મળ્યું હતું અને આજે ભારતીય નાગરિકતા પ્રમાણપત્રથી આ પરિવારોને તંદુરસ્ત નવું જીવન પ્રાપ્ત થયું છે. આ સાથે કહ્યુ હતું કે, મા હિંગળાજે આશીર્વાદ આપીને તમને મા અંબા પાસે મોકલ્યા છે.

પાકિસ્તાનના થરપારકરમાં મહિલાઓ ઘરની બહાર પણ નીકળી શકતી નથી. ત્યારે ત્યાંથી સ્થળાંતરિત થયેલાં મોરબીનાં કવિતાબેન સહિતનાં બહેનો માટે આજના દિવસને નાયબ મુખ્યમંત્રીએ આઝાદીનો દિવસ ગણાવ્યો હતો. પાકિસ્તાનના હૈદરાબાદના રાણીબાગમાં ગોળીબાર વખતે જીવ બચાવવા હિન્દુ લોકોએ નામ બદલવા પડ્યા હતા. હવે આ ભારતીય નાગરિકો આજીવન વટભેર પોતાના સાચા નામ સાથે આ દેશમાં જીવી શકશે એવું પણ તેમણે જણાવ્યું હતું.

પાકિસ્તાનના પાસપોર્ટ કરતાં રાજકોટના ગરબાના પાસનું મૂલ્ય વધુ હોવાનો કટાક્ષ પણ તેમણે કર્યો હતો.

રાજકોટમાં ગતરાત્રે થયેલી સોનાની લૂંટ અને હત્યા કેસના આરોપીઓને અલગ અલગ દિશાઓમાંથી ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી લેવાની રાજકોટ શહેર પોલીસ કમિશનર, શહેર પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ તેમજ અન્ય જિલ્લાની પોલીસનો આભાર પણ નાયબ મુખ્યમંત્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો.

આ સાથે તેમણે કહ્યું હતું કે, આરોપીઓને ૨૪ કલાકમાં પકડી લેવાના સંકલ્પ સાથે રાજકોટ પોલીસ તથા અન્ય જિલ્લાની પોલીસની ૫૦ જેટલી ટીમોએ રાતદિવસ કામ કર્યું છે. રાજકોટ પોલીસે ખડેપગે કામ કરીને નાગરિકોના ગરબાના આયોજનને પણ આંચ ન આવવા દીધી અને આરોપીઓને પણ પકડી લીધા. આ વિશેષ સફળતા બદલ તેમણે પોલીસને ખાસ બિરદાવી હતી.

ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર તમામ લોકોને તેમણે અભિનંદન પાઠવીને તેમના બાળકોના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પણ પાઠવી હતી.

ગુજરાતની દીકરીઓને સુરક્ષા પૂરી પાડવા બદલ આભારની લાગણી પ્રગટ કરતાં એક કિશોરીએ નાયબ મુખ્યમંત્રીના ભાલે કુમકુમ તિલક કરીને હાથમાં રાખડી બાંધી હતી.

આ અવસરે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ સી.એ.એ.ને કેન્દ્ર સરકારનો માનવતાવાદી અભિગમ ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ કાયદો કોઈની નાગરિકતા રદ કરવા માટે નહીં, પરંતુ વર્ષો પહેલાં વતનની વાટે આવ્યા બાદ નિરાધાર બની ગયેલા લોકોને પોતાના જ દેશમાં સન્માનભેર સમાવી લેવા માટેનો માનવતાપૂર્ણ કાયદો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જે લોકો ભૂતકાળમાં પડોશી દેશમાં અસહ્ય પીડા અને મુશ્કેલીઓ વેઠીને આપણા દેશમાં આવ્યા હતા, તે શરણાર્થીઓના જીવનમાં ભારતીય નાગરિકતા કાયદો ઉજાસ લઈને આવ્યો છે. આ માનવતાવાદી પહેલ બદલ તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને અભિનંદન પાઠવ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ...

પાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્યના નાગરિકોને પોતાના જ જિલ્લામાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ તબીબી સારવાર ઉપલબ્ધ થાય અને સરકારી હોસ્પિટલોમાં નિષ્ણાત તબીબોની ઉપલબ્ધતા વધે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. જાહેર-ખાનગી ભાગીદારીના ધોરણે શરૂ થનારી આ ચાર મેડિકલ કોલેજોના પરિણામે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં પણ ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓનો વ્યાપ વધશે.

#### અમિત શાહ...

વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે બપોરે ૩.૧૫ કલાકે ગચ્છાધિપતિ પ.પૂ. ઉદયપ્રભ સુરીશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. ત્યારબાદ તેઓ સાંજે ૫.૪૫ કલાકે ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે શ્રી વરદાયિની માતાજીના મંદિરે માતાજીના દર્શન કરી પૂજા અર્ચના કરશે. ત્યારબાદ ભગવાન શિવની ૮૧ ફૂટ ઉંચી પ્રતિમાનો શિલાન્યાસ કરશે. સાંજે ૭.૧૫ કલાકે માણસામાં બહુચર માતાજીના મંદિરે માતાજીની આરતીમાં સામેલ થશે. આજના ગુજરાત પ્રવાસના અંતિમ કાર્યક્રમમાં કોલવડા સ્થિત નવરાત્રી ચોકમાં શ્રી રામજી મંદિર ખાતે નવરાત્રી યુવક મંડળ દ્વારા આયોજીત ગરબા મહોત્સવમાં હાજરી આપશે.

---

# દુ:ખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** દશા સોરઠિયા વણિક રાજકોટ નિવાસી સુર્યકાંતભાઈ (નટુભાઈ) હરખચંદભાઈ સાંગાણી (ઉ.વ.૮૦) તે વનિતાબેન સાંગાણીના પતિ પ્રિતેશભાઈ સાંગાણી, ભાવિનીબેન ગગલાણી, તથા તૃપ્તિબેન માયાણીના પિતા જીજ્ઞા સાંગાણી અને સચિનભાઈ માયાણીના સસરા, હંસાબેન, ચંદ્રિકાબેન અને કુમુદબેનના ભાઈનું તા. ૧૫ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા આજે શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન શ્રી પંચશીલ કો.ઓ. હા.સો.લી. માલવિયાનગર ૨ નો છેડો દોશી હોસ્પિટલ પાસે ગોંડલ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** દશા સોરઠિયા વણીક (સરસપુર) અમદાવાદ નિવાસી કીરીટકુમાર જયંતિલાલ મલકાણ (ઉ.વ.૬૬) તા. ૧૪ ના રોજ ંસિાન પામેલ છે. તે મધુબેનના પતિ, તે જીજ્ઞેશ, સુમિત તથા ગૌરાંગના પિતા તે સ્વ. વિજયભાઈ તથા સ્વ. મધુબેન નગીનભાઈ તલાટી, નયનાબેન ધીરજલાલ વસ્તાણીના ભાઈ તે મહેન્દ્રભાઈ ચત્રભુજભાઈ મુંજીયાસર-રાજકોટ તથા દિનેશભાઈ તથા સ્વ. નયનાબેન પ્રફુલ કુમાર ભુપતાણી તથા નીતાબેન ભાવેશકુમાર માધાણીના બનેવી તેમની સાદડી રાજકોટ મુકામે જાગનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૧૭ ના રોજ શનિવારે સાંજે ૪ થી ૫ રાખેલ છે.

**રાજકોટ:** ભાયાવદર નિવાસી હાલ રાજકોટ સ્વ.નટવરલાલ ચુનીલાલ પોપટ ના ધર્મપત્ની પ્રફુલાબેન નટવરલાલ પોપટ *ઉંમર ૭૯ વર્ષ*, જે રૂહિલ , હેનિશ તથા ડિમ્પલબેન ના માતૃશ્રી તેમજ અમિત તથા વિધિન ના કાકી, નિલેશકુમાર, પૂનીતા , પુનમ તેમજ અનુના સાસુજી , સ્વ.ચંપકભાઈ ના લઘુબંધુ ના પત્ની, જસવંતીબેન ના દેરાણી તથા હરજીવનદાસ પ્રાગજીભાઈ કોટેચાના પુત્રી, સ્વ . હસમુખભાઈ , સ્વ. ધીરજભાઈ, ભરતભાઈ અને જયેશભાઈ કોટેચા ના બહેન તારીખ ૧૬-૧૦-૨૦૨૬ ના અવસાન પામેલ છે. સદગતનું બેસણું અને પીયર પક્ષની સાદડી તારીખ ૧૭.૧૦.૨૦૨૬ ને શનિવાર ના રોજ સાંજે ૪ થી ૬ સોપાન હિલ રૈયા ધાર , રાજકોટ, ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ભાયાવદર નિવાસી અને હાલ રાજકોટ ખાતે રહેતા સ્વ. નટવરલાલ ચુનીલાલ પોપટના ધર્મપત્ની સ્વ. પ્રફુલાબેન નટવરલાલ પોપટ ઉ.વ.૭૯ અવસાન થયેલ છે. તેઓ રૂહિલ, હેનિશ તથા ડિમ્પલબેનના માતા, અમિત તથા વિધિનના કાકી, નિલેશકુમાર, પુનીતા, પુનમ તથા અનુનાં સાસુ, સ્વ. ચંપકભાઈનાં લઘુબંધુના પત્ની, જસવંતીબેનના દેરાણી તથા હરજીવનદાસ પ્રાગજીભાઈ કોટોના પુત્રી હતા. તેઓ સ્વ. હસમુખભાઈ, સ્વ. ધીરજભાઈ, ભરતભાઈ તથા જયેશભાઈ કોટેચાના બહેનનું તા. ૧૬-૧૦ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણુ તથા પિયર પક્ષની સાદડી શનિવાર તા.૧૭ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સોપાન હિલ, રૈયાધાર, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાત્રી સફાઈની કામગીરી સામે ભાજપના કોર્પોરેટરોમાં જ અસંતોષ: દરખાસ્ત પેન્ડિંગ

## વ્યાજ માફી યોજનાની મુદત ૩૦ નવેમ્બર સુધી નહીં પરંતુ ૩૧ ડિસેમ્બર સુધી લંબાવતી સ્ટેન્ડિંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે ચેરમેન પરેશભાઈ પીપળિયાના અધ્યક્ષ સ્થાને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૩૨ પૈકી ૩૦ દરખાસ્તોને બહાલી આપી રૂા. ૪૯.૪૨ કરોડના વિકાસ કામો મંજુર કરવામાં આવ્યા હતાં. રાત્રી સફાઈની કામગીરી માટે ત્રણ વર્ષનો રેઈટ કોન્ટ્રાક્ટ કરવાની અને બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે દ્વી વાર્ષીક કોન્ટ્રાક્ટ કરવાની દરખાસ્ત વધુ અભ્યાસ અર્થે પેન્ડિંગ રાખવામાં આવી છે. સ્ટેન્ડિંગ પૂર્વે સંકલન બેઠક અંદાજે એક કલાકથી વધુ સમય ચાલી હતી. જેમાં કોર્પોરેટરોએ અનેક તર્કબતર્ક મુદ્દાઓ રજૂ કર્યા હતાં.

શહેરના મુખ્ય માર્ગની રાત્રી દરમિયાન સફાઈની કામગીરીમાં રોકાયેલા ટ્રક માઉન્ટન્ડ મેકેનીકલ પાવર રોડ, વેક્યુ સ્વીપીંગ મશીનના ત્રણ વર્ષ માટે રેઈટ કોન્ટ્રાક્ટ કરવા રૂા. ૧૧ કરોડનો ખર્ચ મંજુર કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. એક તરફ રાત્રી


તસ્વીર: શૈલેષ વાડોલીયા

### બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે દ્વી વારસી રેઈટ કોન્ટ્રાક્ટની દરખાસ્તથી ખુદ આરોગ્ય સમિતિના ચેરમેન જ અજાણ હોય અભ્યાસ અર્થે દરખાસ્ત પેન્ડિંગ રખાઈ: રૂ.૪૯.૪૨ કરોડના વિકાસ કામોને બહાલી

સફાઈ માટે નવી મશીનરી ખરીદવાની વાતો ચાલી રહી છે. બીજી તરફ જૂના મશીનો ચાલતા નથી. તેવું કહેવામાં આવે છે તો જૂની મશીનરી ચલાવવા માટે રેઈટ કોન્ટ્રાક્ટ પાછળ ત્રણ વર્ષમાં ૧૧ કરોડનું આંધણ કરવાની શું જરૂરિયાત છે? તેવો સવાલ ભાજપના જ કોર્પોરેટરોએ ઉઠાવ્યો હતો. બીજી તરફ કેટલાક કોર્પોરેટરોએ એવુ પણ કહ્યું હતું કે, રાત્રી સફાઈની કામગીરી વ્યવસ્થિત થતી નથી. વેઠ ઉતારવામાં આવે છે દરખાસ્ત મંજુર કરવાના બદલે કેટલોક મેનપાવર અને ડિઝલનો ખર્ચ થશે તેની સંપૂર્ણ વિગત સાથે આવવાના સુચન સાથે દરખાસ્તને પેન્ડિંગ રાખી દેવામાં આવી છે. આ ઉપરાંત કોર્પોરેશનના આરોગ્ય શાખા હસ્તકના યુ.પી.એચ.સી અને યુ.સી.એચ.સી. તથા અન્ય શાખાઓના બાયો મેડિકલ વેસ્ટના નિકાલ અર્થે દ્વી વાર્ષીક રેઈટ કોન્ટ્રાક્ટ કરવા અને ડિસ્ટ્રોમેડ બાયોકલીન પ્રા.લી.મીને બાયો મેડીકલ વેસ્ટ માટે પ્રતિ કિલો રૂા. ૪૦.૫૦ ચુકવવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આરોગ્ય સમિતિના ચેરમેન ડો. રિંકલ મેઘાણી જ અજાણ હતાં. જેના કારણે દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી છે. સાથો સાથ તમામ શાખા અધિકારીઓને એવી સ્પષ્ટ સુચના આપી દેવામાં આવી છે કે, કોઈ પણ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કરો તે પૂર્વે જે તે સમિતિના ચેરમેનનું ધ્યાન દોરી દેવું જો ચેરમેન સહમતી આપે ત્યાર બાદ જ દરખાસ્ત સ્ટેન્ડિંગ સમક્ષ આવવુ અન્ય ૩૦ દરખાસ્તોને બહાલી આપવામાં આવી છે અને રૂા. ૪૯.૪૨ કરોડનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો હતો.

વ્યાજમાફી યોજનાની મુદત ૩૦ નવેમ્બર સુધી લંબાવાની મંજુરી માંગવામાં આવી હતી. જેની સામે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ૩૧ ડિસેમ્બર સુધી મુદત વધારી દેવામાં આવી છે. સાથો સાથ મુદલથી વધુ વ્યાજ ન વસુલવાની દરખાસ્તને પણ મંજુરી અપાઈ છે. વોર્ડ નં. ૧૦ માં આરોગ્ય કેન્દ્ર, ફૂડ લાયબ્રેરી અને મેલેરિયા ઓફિસ બનાવવાનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે.

# ડિમોલીશન બીલકાંડ તપાસ રિપોર્ટનો કોંગ્રેસનો સવાલ બોર્ડમાંથી મેયરે હટાવી દીધો !!

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આવતી કાલે સવારે ૧૧ કલાકે મેયર ડો. નેહલ શુક્લના અધ્યક્ષ સ્થાને જનરલ બોડની બેઠક મળશે જેમાં પ્રશ્નોતરી કાળમાં ભાજપના ૭ કોર્પોરેટરોના ૧૭ અને કોંગ્રેસના ૩ કોર્પોરેટરોના ૬ પ્રશ્નોની ચર્ચા થશે. સૌથી વિવાદાસ્પદ એવા જંગલેશ્વર ડિમોલીશન ખર્ચના બિલકાંડનો કોંગ્રેસના નગરસેવીકાનો સવાલનો

## એક જ સવાલ વારંવાર પુછવામાં આવતો હોય નિયમાનુસાર પ્રશ્નનો પ્રશ્નોતરી કાળમાં સમાવેશ ન કરવામાં આવ્યો હોવાનું અપાતુ કારણ : કાલે જનરલ બોર્ડમાં ૧૦ કોર્પોરેટરોના ૨૩ સવાલોની થશે ચર્ચા

પ્રશ્નોતરી કાળમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. સતત ત્રણ બોર્ડથી એક જ પ્રશ્ન પુછવામાં આવતો હોય મેયરે નિયમાનુસાર પ્રશ્નને જ હટાવી દીધો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કાલે બોર્ડમાં માન્ય કોન્ટ્રાક્ટર પાણી વિતરણ વ્યવસ્થા સહિતના પ્રશ્ને જનપ્રતિનિધિઓ અધિકારીઓ પર તુટી પડે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. વોર્ડ નં. ૧૬ના કોર્પોરેટર અને કોંગ્રેસના નેતા દિપ્તીબેન સોલંકીએ જંગલેશ્વર ડિમોલીશનની તપાસ ક્યાં પહોંચી, તપાસ રિપોર્ટ ક્યારે જાહેર થશે, તપાસની કોઈ નિયત સમય મર્યાદા નક્કી કરાઈ છે કે કેમ અને તપાસ કેટલા દિવસથી ચાલુ છે અને વિલંબ થવાનું કારણ શું છે તે સવાલ પુછ્યો હતો. છેલ્લા ત્રણ જનરલ બોર્ડમાં જંગલેશ્વર ડિમોલીશન બિલકાંડ તપાસ રિપોર્ટ અંગે પ્રશ્ન પુછવામાં આવતો હોય બીપીએમસી એક્ટના નિયમ અનુસાર મેયર ડો. નેહલ શુક્લએ કાલે મળનારી બોર્ડ બેઠકમાં દિપ્તીબેન સોલંકીનો આ પ્રશ્ન સામેલ કર્યો નથી. તેઓએ રાજકોટમાં પાણી વિતરણનું આયોજન શું છે ન્યારી, ભાદર અને આજીમાં કેટલા દિવસનું પાણી છે નર્મદાના નિર ન મળે કે ઓછું મળે તે માટે વૈકલ્પીક આયોજન શું છે તેની માહિતી માગી છે અને કન્ટીજન્સી પ્લાન તૈયાર કર્યો હોય તો તેની નકલ આપવા પણ માંગણી કરી છે. ડામર કામમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કામો થયા તેની પણ માહિતી માગી છે. બોર્ડમાં સૌપ્રથમ ભાજપના કોર્પોરેટર રક્ષિત કલોલાના પ્રશ્નની ચર્ચા થશે. રોડ રસ્તાના કામ માટે માન્ય કોન્ટ્રાક્ટરો કેટલાક છે. કેટલાક કોન્ટ્રાક્ટરોની અવધી પૂર્ણ થઈ ગઈ છે તેની માહીતી માગીં છે. આ ઉપરાંત પાઈપલાઈન માટે કેટલાક કોન્ટ્રાક્ટર છે તેની પણ માહિતી માગી છે. કુલ ૧૦ કોર્પોરેટરોના ૨૩ પ્રશ્નો અંગે ચર્ચા થશે. બોર્ડમાં અલગ અલગ ૭ દરખાસ્તો મંજુરી અર્થે રજૂ કરવામાં આવી છે. જેમાં મ્યુનિસિપલ કોર્ટ બંધ કરવા, ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરનાર લોકો સામે આકરી શિક્ષાત્મક અને દંડાત્મક કાર્યવાહી કરવા, ઘન કચરા વ્યવસ્થા પણ નિયમો અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડેલ બાયલોઝની અમલવારી કરવા અને મેયર એવોર્ડનું નામ ફેરવી રાજકોટ ગૌરવ મેયર એવોર્ડ કરવા સહિતની દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

# કેપ્ટન સ્મૃતિ મંધાનાનો યુગ શરૂ: આજે ઝિમ્બાબ્વે સામે પ્રથમ ટી૨૦

**અબતક, રાજકોટ**

ભારતની મહિલા ક્રિકેટમાં આજથી સ્મૃતિ મંધાનાની કેપ્ટન્સીનો ઉદય થઈ રહ્યો છે અને એ સાથે હાલમાં તો ટી-૨૦ ટીમ નવા અવતારમાં જોવા મળશે, કારણકે ઝિમ્બાબ્વે સામે આજથી ત્રણ મેચની ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે અને તેમાં ખેલાડીઓ પહેલી વખત સત્તાવાર રીતે સ્મૃતિના સુકાનમાં રમશે. જોઝેફીન એન્કોમો ઝિમ્બાબ્વેની કેપ્ટન છે.હિલા ક્રિકેટમાં ભારત અને ઝિમ્બાબ્વે પહેલી જ વખત દ્વિપક્ષી શ્રેણી રમશે. ભારતીય ટી-૨૦ ટીમે તાજેતરમાં જ એશિયન ગેમ્સમાં વર્ચસ્વ સાબિત કર્યું હતું એટલે એશિયન ચેમ્પિયન બન્યા પછી ઝિમ્બાબ્વે સામે જીતની પરંપરા જાળવી રાખવા સ્મૃતિ એન્ડ કંપનીની કસોટી



થશે. ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની વહેલી એક્ઝિટ થઈ એ જોતાં ભારતીય ટીમે ઝિમ્બાબ્વેની ટીમ સામે સાવચેતીથી રમવું પડશે.

પહેલી વખત સ્મૃતિની કેપ્ટન્સીમાં હરમનપ્રીત કૌર રમતી જોવા મળશે એ પણ એક નવાઈનો મુદ્દો છે. ગયા વર્ષે નવેમ્બરમાં અને આ વર્ષે હરમનપ્રીતના સુકાનમાં અને અમોલ મુઝુમદારના કોચિંગમાં ભારતે અનુક્રમે વન-ડેનો વર્લ્ડ કપ અને એશિયા કપ જીતી લીધો હતો. વાસ્તવમાં ભારતીય ટીમે બેટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગ, ત્રણેયમાં સુધારો બતાવવાની જરૂર છે.આવતા વર્ષે ઘરઆંગણે પહેલી જ વિમેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી યોજાશે અને એમાં ચેમ્પિયનપદ મેળવવાનો પણ ભારત માટે મોટો પડકાર બની રહેશે. એ જોતાં, સ્મૃતિ મંધાનાની નવી કેપ્ટન્સીમાં ખેલાડીઓએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બતાવવો પડશે.

### ભારતીય ટીમ

સ્મૃતિ મંધાના (કેપ્ટન), શેફાલી વર્મા (વાઈસ-કેપ્ટન), હરમનપ્રીત કૌર, નિકી પ્રસાદ, અનુષ્કા શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જી. કમલિની (વિકેટકીપર), દીપ્તિ શર્મા, પ્રેમા રાવત, શ્રી ચરની, નંદની શર્મા, ક્રાંતિ ગૌડ, અરુંધતી રેડ્ડી, જિન્તીમની કલિતા અને મિનુ મની.

# સિલવાસામાં તહેવારો પૂર્વ ફૂડ વિભાગની કડક કાર્યવાહી

**અબતક, રાજકોટ**

સિલ્વાસામા તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના આરોગ્ય વિભાગોએ તેમના ખાદ્ય સુરક્ષા નિરીક્ષણ ઝુંબેશને વધુ તીવ્ર બનાવી દીધી છે.

પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલની સૂચના પર, ગંભીર અસ્વચ્છતા અને સ્વચ્છતા ધોરણોના ઉલ્લંઘનને કારણે દમણમાં ત્રણ અને દાદરા અને નગર હવેલીમાં છ સહિત કુલ નવ ખાદ્ય મથકોને આગામી સૂચના સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિભાગે મીઠાઈઓ, માવા, ચીઝ, ઘી અને અન્ય ખાદ્ય પદાર્થોની ગુણવત્તા તપાસ પણ તીવ્ર બનાવી છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે ખાદ્ય ભેળસેળ અને અસ્વચ્છ પરિસ્થિતિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.



# ન્યૂઝીલેન્ડ સામે વન ડે શ્રેણીમાંથી જસપ્રીત બુમરાહ બહાર!, રેડ બોલ ક્રિકેટમાં ફોકસ કરશે

## બુમરાહ અમદાવાદમાં તૈયારી કરી રહ્યો છે અને બેંગલુરૂ સ્થિત સેન્ટર ઑફ એક્સેલન્સમાં હાજરી આપશે, ઈન્ડિયા-એ માટે ત્રીજી અનઓફિશિયલ ટેસ્ટ પણ રમે તેવી શક્યતા

**અબતક, રાજકોટ**

જસપ્રીત બુમરાહ ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝમાં નહીં રમે. પાંચ મેચોની વન-ડે સિરીઝ ૪ નવેમ્બરથી શરૂ થશે, પરંતુ વર્કલોડ મેનેજમેન્ટના કારણે બુમરાહ આ સિરીઝમાં નહીં રમશે. એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે બુમરાહ સંપૂર્ણપણે ફિટ થઈ ચૂક્યો છે, પરંતુ મેનેજમેન્ટ તેમને રેડ બોલ સિરીઝ માટે બચાવીને રાખવા માંગે છે, જે ૧૯ નવેમ્બરથી શરૂ થશે.

બુમરાહ ગત વર્ષે નવેમ્બર પછી કોઈ ટેસ્ટ મેચ નથી રમ્યો. એક અહેવાલ પ્રમાણે બુમરાહ ૪ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી રમાનારી વન-ડે સિરીઝમાં નહીં રમશે, પરંતુ ૧૯ નવેમ્બરે ભારત દત ન્યૂઝીલેન્ડ પ્રથમ ટેસ્ટ શરૂ થતાં પહેલા ઈન્ડિયા-એ માટે ત્રીજી અનઑફિશિયલ ટેસ્ટ રમી શકે છે. વાસ્તવમાં ૨૪ ઓક્ટોબરથી ઈન્ડિયા-એ અને ન્યૂઝીલેન્ડ-એની ૩



અનઑફિશિયલ મેચોની ટેસ્ટ સિરીઝ શરૂ થશે. ૯ નવેમ્બરથી ૧૦ નવેમ્બર સુધી રમાનારી ત્રીજી અનઑફિશિયલ ટેસ્ટમાં બુમરાહ રમી શકે છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, બુમરાહે અમદાવાદમાં રેડ બોલ ટીમમાં વાપસી માટે તૈયારી શરૂ કરી દીધી છે. તે આ મહિનાના અંત સુધીમાં બેંગલુરુ સ્થિત સેન્ટર ઑફ એક્સેલન્સમાં પોતાની હાજરી નોંધાવી શકે છે. ૨૮ ઑક્ટોબર તે તારીખ છે, જ્યારે ભારતીય વન-ડે અને ટેસ્ટ ટીમ ન્યૂઝીલેન્ડ માટે રવાના થઈ જશે. ૨૨ ઑક્ટોબરથી બંનેની પાંચ મેચોની ટી૨૦ સિરીઝ શરૂ થવા જઈ રહી છે.બીસીસીઆઈના સૂત્રએ જણાવ્યું કે, બુમરાહને રેડ-બોલ ક્રિકેટમાં રમાડવું હાલમાં પ્રાથમિકતા છે. બુમરાહને પહેલા વન-ડે અને પછી તરત ટેસ્ટ સિરીઝમાં રમાડવાથી ફાયદો થશે નહીં. ઈજામાંથી એકદમ ફ્રેશ થઈને આવી રહેલા બુમરાહને સીધા ટેસ્ટ સિરીઝ માટે મેદાન પર ઉતારવામાં આવશે.

### બુમરાહનો વર્કલોડ મેનેજ કરવો મહત્ત્વપૂર્ણ

આ જ વર્ષે ઘૂંટણની ઈજાના કારણે તે શ્રીલંકા સામેની ૨ ટેસ્ટ મેચોની સિરીઝમાં રમી નહોતો શક્યો. તેના રિપ્લેસમેન્ટ તરીકે આકિબ નબીની પહેલીવાર ટીમ ઈન્ડિયામાં પસંદગી કરવામાં આવી હતી. મેનેજમેન્ટ માત્ર ન્યૂઝીલેન્ડ સિરીઝ જ નહીં પરંતુ આવતા વર્ષે ઓસ્ટ્રેલિયા સામેની ૫ મેચોની ટેસ્ટ સિરીઝ પર પણ વિચાર કરી રહ્યું છે. આવી સ્થિતિમાં જસપ્રીત બુમરાહનો વર્કલોડ મેનેજ કરવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ પાસું હશે.

# કાલે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ફરી પુનરાવર્તન થશે ૨૦૨૪ની ઐતિહાસિક મેચ જેવો ડ્રામા?

**અબતક, રાજકોટ**

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પાંચ મેચની ટી૨૦ સિરીઝ હાલમાં ૨-૨ની બરાબરી પર છે. કાલે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સિરીઝનો નિર્ણાયક પાંચમો અને અંતિમ મુકાબલો રમાશે. આ હાઈ-વોલ્ટેજ મેચ પહેલા ક્રિકેટ જગતમાં ઐતિહાસિક મેચની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે, જ્યારે ભારતે છેલ્લે આ જ મેદાન પર અફઘાનિસ્તાન સામે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ગત ૧૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રમાયેલી તે મેચ ક્રિકેટ ઈતિહાસની સૌથી નાટકીય અને રોમાંચક મેચોમાં સ્થાન પામી હતી. તે મુકાબલામાં ભારતીય ટીમની શરૂઆત અત્યંત કંગાળ રહી હતી અને માત્ર ૨૨ રનના સ્કોર પર જ યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, શિવમ દુબે અને સંજુ સેમસન જેવી દિગ્ગજ વિકેટો પત્તાના મહેલની

## ૨૨ રનમાં ૪ વિકેટથી લઈ ૨૧૨ રન અને બે સુપર ઓવરની રોમાંચક યાદો ફરી તાજી થઈ, રોહિત શર્માએ શાનદાર બેટિંગ કરતા ૬૯ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી અણનમ ૧૨૧ રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી

જેમ ધરાશાયી થઈ ગઈ હતી. ચારેય તરફ હારનો ખતરો તોળાઈ રહ્યો હતો ત્યારે કેપ્ટન રોહિત શર્મા અને રિંકુ સિંહે મોરચો સંભાળ્યો હતો.રોહિત શર્માએ શાનદાર બેટિંગ કરતા ૬૯ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી અણનમ ૧૨૧ રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી. આ તેમની ટી૨૦ આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પાંચમી સદી હતી, જેની સાથે તેઓ આ ફોર્મેટમાં પાંચ સદી ફટકારનાર વિશ્વના પ્રથમ બેટ્સમેન બન્યા હતા. બીજી બાજુ, રિંકુ સિંહે પણ શાનદાર સાથ આપતા ૩૯ બોલમાં અણનમ ૬૯ રન બનાવ્યા હતા. બંને ખેલાડીઓએ પાંચમી વિકેટ માટે અણનમ ૧૯૦ રનની રેકોર્ડ ભાગીદારી નોંધાવી હતી, જે ટી૨૦ ક્રિકેટમાં ભારત માટે કોઈપણ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી છે.



ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૧૨ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.જવાબમાં ઉતરેલી અફઘાનિસ્તાનની ટીમે પણ શાનદાર લડત આપી હતી. રહમાનુલ્લા ગુરબાઝ, ઈબ્રાહીમ ઝદરાન અને ગુલબદીન નાયબ (અણનમ ૫૫) ના શાનદાર પ્રદર્શનની મદદથી અફઘાનિસ્તાને પણ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૧૨ રન બનાવીને મેચ ટાઈ કરી દીધી હતી.આ પછી મેચમાં અદ્ભુત ડ્રામા શરૂ થયો અને પરિણામ લાવવા માટે એક નહીં પરંતુ બે 'સુપર ઓવર' રમાડવી પડી હતી. પ્રથમ સુપર ઓવરમાં બંને ટીમોએ ૧૬-૧૬ રન બનાવ્યા હતા. ત્યારબાદ બીજી સુપર ઓવરમાં ભારતે ૧૧ રન બનાવ્યા અને સ્પિનર રવિ બિશ્નોઈએ શાનદાર બોલિંગ કરી અફઘાનિસ્તાનને માત્ર ૧ રનમાં આઉટ કરીને ભારતને ૧૦ રનથી રોમાંચક વિજય અપાવ્યો હતો. આ શાનદાર પ્રદર્શન માટે રોહિત શર્માને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.હવે વર્તમાન સિરીઝની વાત કરીએ તો, ભારતે લખનૌ અને ઈન્દોરમાં વિજય મેળવ્યો છે, જ્યારે વેસ્ટ ઈન્ડિઝે રાંચી અને હૈદરાબાદની મેચો જીતીને સિરીઝ રોમાંચક બનાવી દીધી છે. ચિન્નાસ્વામી સ્ટેડિયમની નાની બાઉન્ડ્રીઝ અને હાઈ-સ્કોરિંગ પિચ હંમેશા બેટ્સમેનોની અનુકૂળ રહી છે. શનિવારે રાત્રે ૭ વાગ્યે શરૂ થનાર આ નિર્ણાયક મુકાબલામાં ૨૦૨૪ જેવો જ રોમાંચ અને ચોગ્ગા-છગ્ગાનો વરસાદ જોવા મળે તેવી ક્રિકેટપ્રેમીઓને પ્રબળ આશા છે.

### કુલદીપને બહાર રાખવો સામાન્ય બુદ્ધિનો અભાવ: ટીમ મેનેજમેન્ટ પર રવિચંદ્રન અશ્વિન પ્રહાર

વેસ્ટ ઈન્ડીઝ સામે ચાલી રહેલી ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં સ્ટાર ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવને ટીમમાંથી બહાર રાખવાના નિર્ણય પર પૂર્વ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિને રોષ વ્યક્ત કર્યો છે. અશ્વિને પોતાની યુટ્યુબ ચેનલ 'અશ કી બાત' પર સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનો સામે કુલદીપ જેવા વિકેટટેકર બોલરને રમાડવો જ જોઈએ અને તેને બેંચ પર બેસાડવાના નિર્ણયમાં સામાન્ય સમજનો સંપૂર્ણ અભાવ જોવા મળે છે.કુલદીપ યાદવે શ્રેણીની પ્રથમ બે મેચમાં ભાગ લીધો હતો. લખનૌમાં રમાયેલી પ્રથમ ટી૨૦ મેચમાં તેણે ૨ વિકેટ ઝડપીને ૩૩ રન આપ્યા હતા. જોકે, રાંચીમાં રમાયેલી બીજી મેચમાં તેણે ૫૩ રન આપ્યા હતા અને ભારતીય ટીમનો પરાજય થયો હતો. આ હાર બાદ ટીમ મેનેજમેન્ટે તેને ઈન્દોર અને હૈદરાબાદની મેચોમાં પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી દીધો હતો. હૈદરાબાદ ટી૨૦ મેચમાં વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનોએ આક્રમક બેટિંગ કરતા ૨૪૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો અને ભારતને ૨૪ રને હારનો સામના કરવો પડ્યો હતો.અશ્વિને પોતાની ચેનલ પર આ નિર્ણય અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું, જે મેદાન પર બાઉન્સ મળતો હોય ત્યાં સ્પિનરો માટે પરિસ્થિતિ ભલે સંપૂર્ણ સાનુકૂળ ન હોય, છતાં વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનોને કુલદીપની ગૂગલી અને લેગ-સ્પિન સમજવામાં ભારે મુશ્કેલી પડે છે. આવા સમયે જો તમે કુલદીપને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખો છો, તો તેમાં સામાન્ય બુદ્ધિનો અભાવ સ્પષ્ટ દેખાય છે. મને પૂરો વિશ્વાસ છે કે હૈદરાબાદ મેચમાં તેની હાજરી ઓછામાં ઓછી ૧૫ થી ૨૦ રનનો ફરક લાવી શકી હોત.

# "બિલાડીના ટોપ" ની જેમ ફૂટી નિકળેલા પત્રકાર અને પત્રકારત્વ વચ્ચેનો ભેદ ઉકેલવાનો સમય પાકી ગયો છે

## જો દરેક નાગરિક પત્રકાર બની જશે તો બધા માટે મુશ્કેલી ઊભી થશેઃ સુપ્રીમ કોર્ટનું લાલબત્તી સમાન અવલોકન



**અબતક, નવી દિલ્હી**

ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાના સહારે ગલીએ-ગલીએ ''બિલાડીના ટોપ''ની જેમ ફૂટી નીકળેલા સ્વયંભૂ પત્રકારો અને વાસ્તવિક પત્રકારત્વ વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરવાનો સમય હવે પાકી ગયો છે. સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન સાવચેતીનો સૂર ઉચ્ચારતાં ટિપ્પણી કરી છે કે, જો દેશનો પ્રત્યેક નાગરિક પત્રકાર બનવા લાગશે તો સમગ્ર સમાજ અને વ્યવસ્થા માટે ગંભીર મુશ્કેલીઓ ઊભી થશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની ખંડપીઠ સમક્ષ ફ્રીલાન્સર્સ, સ્વતંત્ર પત્રકારો અને સોશિયલ મીડિયા રીલ-મેકર્સને પ્રદર્શન સ્થળોએ કવરેજ દરમિયાન વિશેષ સુરક્ષા અને વાણી સ્વાતંત્ર્ય આપવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આપણે એક મૂળભૂત વાત ધ્યાને લેવી પડશે કે જો દરેક વ્યક્તિ પોતાની જાતને પત્રકાર માનવા લાગશે, તો તે સામાન્ય નાગરિકો અને સમગ્ર તંત્ર માટે મુશ્કેલીરૂપ બનશે. તેમણે ઉમેર્યું હતું કે અમુક ચોક્કસ કેટેગરીના પત્રકારોને વધારાનું કાનૂની રક્ષણ મળવું જોઈએ કે કેમ, તે અંગે હવે ઊંડાણપૂર્વક ચકાસણી થવી અનિવાર્ય છે.

અરજદાર પક્ષ તરફથી વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે રજૂઆત કરી હતી કે વિરોધ પ્રદર્શનોના કવરેજ વખતે પોલીસ માત્ર પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો એક્રેડિટેશન ધરાવતા લોકોને જ મંજૂરી આપે છે અને અન્ય મીડિયાકર્મીઓને રોકે છે, જેથી સ્વતંત્ર રીતે ફિલ્ડમાં કામ કરતા પત્રકારો માટે રાષ્ટ્રીય સ્તરનો પ્રોટોકોલ હોવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અધિકારોના નામે સનસનાટી ફેલાવતા તત્ત્વો અને જવાબદાર પત્રકારત્વ વચ્ચેનો તફાવત નક્કી કરવા માટે હવે કાયદાકીય માળખાનું વિગતવાર પરીક્ષણ કરવામાં આવશે.

### વાણી સ્વાતંત્ર્ય એટલે પત્રકારત્વનું લાઈસન્સ નહીં

જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ અવલોકન કર્યું હતું કે શું વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય દેશના દરેક નાગરિકને આપોઆપ 'પત્રકાર' બનાવી દે છે? માન્યતા પ્રાપ્ત (એક્રિડિટેડ) સંવાદદાતાઓ, રજિસ્ટર્ડ મીડિયા હાઉસ સાથે જોડાયેલા વ્યાવસાયિક પત્રકારો અને સોશિયલ મીડિયા પર વ્યૂઝ મેળવવા માટે ફરતા ફ્રીલાન્સર્સ, ઈન્ફ્લુએન્સર્સ કે રીલ-મેકર્સ વચ્ચે સુરક્ષા અને જવાબદારીના અલગ-અલગ માપદંડો હોવા જરૂરી છે. 'વર્કિંગ જર્નાલિસ્ટ્સ એક્ટ' હેઠળ પત્રકારોનું વર્ગીકરણ સ્પષ્ટ છે, જેને ધ્યાને લેવું પડશે.

### રીલ્સ બનાવી સનસનાટી ફેલાવવી એ પત્રકારત્વ નથી

કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ડિજિટલ પ્લેટફોર્મ્સના દુરુપયોગ અંગે કોર્ટનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, આજના સ્માર્ટફોન યુગમાં હાથમાં મોબાઈલ લઈને કોઈપણ વ્યક્તિ સ્વતંત્ર કે ફ્રીલાન્સ પત્રકાર હોવાનો દાવો કરવા લાગે છે. વાસ્તવમાં આવા મોટાભાગના લોકો ઘટનાસ્થળે માત્ર સોશિયલ મીડિયા પર લાઈક્સ, વ્યૂઝ અને પૈસા કમાવવા માટે રીલ્સ બનાવે છે અને અર્ધસત્ય કે સનસનાટીપૂર્ણ કન્ટેન્ટ પીરસીને માહોલ ડહોળે છે.

---

### શું ભારતમાં વિદેશી લોકો વિરોધ પ્રદર્શન કરી શકે?

# વિદેશી નાગરિકતા સ્વીકારનાર "અભિનેતા" ઈમરાનખાનને વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર ખરો!

## અભિનેતા ઈમરાન ખાનને ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડવાના મુંબઈ પોલીસની નોટિસ સામે ઈમરાનના વકીલો હાઈકોર્ટ જવાની તૈયારીમાં

**અબતક, રાજકોટ**

ભારતમાં રહેતા વિદેશી નાગરિકો અને ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા કાર્ડધારકોને કયા કાનૂની અને બંધારણીય અધિકારો મળે છે તે મુદ્દે હાલ મોટો વિવાદ ઊભો થયો છે. બોલિવૂડના જાણીતા અભિનેતા અને સુપરસ્ટાર આમિર ખાનના ભત્રીજા ઈમરાન ખાન મુંબઈમાં એક રાજકીય આંદોલનમાં જોડાતાં જ કાનૂની અડચણોમાં સપડાયા છે. વિદેશી નાગરિક હોવા છતાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ તેમને કેન્દ્ર સરકાર તરફથી 'ભારત છોડવાની' નોટિસ ફટકારવામાં આવી છે, જેનાથી દેશમાં નવો બંધારણીય જંગ શરૂ થયો છે.

આ સમગ્ર ઘટનાની શરૂઆત ૧૦ ઓક્ટોબરના રોજ થઈ હતી, જ્યારે ઈમરાન ખાન મુંબઈના ઐતિહાસિક ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે યોજાયેલા એક વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. આ પ્રદર્શન મહાત્મા ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીના નેતૃત્વ હેઠળના 'હમ ભારત કે લોગ' જૂથ દ્વારા મતદાર યાદીઓના વિશેષ તીવ્ર સુધારણામાં કથિત અનિયમિતતાઓ સામે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે યોજવામાં આવ્યું હતું.

આ આંદોલનમાં ઈમરાન ખાન તેમની પાર્ટનર લેખા વોશિંગ્ટન, માતા નુસ્રત અને પિતરાઈ ભાઈ ઝૈન મરી ખાન સાથે હાજર રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન મુંબઈ પોલીસ દ્વારા સેંકડો લોકો સાથે તેમની પણ અટકાયત કરવામાં આવી હતી. પોલીસ વાનમાંથી ફોટો શેર કરતા ઈમરાન ખાને લખ્યું હતું કે, ''દેખીતી રીતે હું ડ્રાઈવ પર જઈ રહ્યો છું.'' પોતાની હાજરી અંગે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું હતું કે, તેઓ કોઈ ચોક્કસ માંગ સાથે નહીં, પરંતુ એક નાગરિક તરીકે લોકોના અવાજ અને હિલચાલની સ્વતંત્રતાને દબાવાતી અટકાવવાના સમર્થનમાં આવ્યા છે.

આ ઘટના બાદ રાજકારણ ગરમાયું હતું અને ભાજપના નેતા કિરીટ સોમૈયાએ ગામદેવી પોલીસ સ્ટેશનમાં ઈમરાન ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે અમેરિકી નાગરિકત્વ ધરાવતા અભિનેતાએ વિદેશી નાગરિકો માટેના નિયમોનું અનાદર કરીને રાજકીય પ્રદર્શનમાં ભાગ લીધો છે, જે દેશમાં અરાજકતા ફેલાવવાના મોટા પ્લાનનો ભાગ છે. આ સામે તુષાર ગાંધીએ સોમૈયા પર પક્ષપાતી રાજકારણ કરવાનો અને મુસ્લિમ હોવાના કારણે ઈમરાન ખાનને નિશાન બનાવવાનો આક્ષેપ કર્યો હતો.




દરમિયાન, બુધવારે મુંબઈ પોલીસના ફોરેનર્સ રીજનલ રજીસ્ટ્રેશન ઓફિસ દ્વારા ઈમરાન ખાનને નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં તેમને ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ નોટિસમાં ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટની કલમ ૭(૨)(સી) અને કલમ ૨૯ નો ઉલ્લેખ કરાયો છે, જે સરકારને વિદેશી નાગરિકોની ગતિવિધિઓ પર અંકુશ મૂકવાની અને દેશ નિકાલ કરવાની સત્તા આપે છે.

બીજી તરફ, ઈમરાન ખાનના વકીલોએ આ દેશનિકાલના આદેશને અતિશય કઠોર ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે નોટિસમાં કયા ચોક્કસ નિયમનો ભંગ થયો છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. આથી, તેમની કાનૂની ટીમ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરવાની તૈયારી કરી રહી છે, જેમાં એવી દલીલ કરવામાં આવશે કે કાયદામાં ઓસીઆઈ કાર્ડધારકોને શાંતિપૂર્ણ વિરોધમાં ભાગ લેવાથી રોકતી કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.

આ કેસે હવે મોટા બંધારણીય પ્રશ્નો ઊભા કર્યા છે. ભારતીય બંધારણની કલમ ૧૯ હેઠળ મળતી વાણી, અભિવ્યક્તિ અને શાંતિપૂર્ણ સભાની સ્વતંત્રતા માત્ર ભારતીય નાગરિકો માટે આરક્ષિત છે. વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીના મતે ઓસીઆઈ ધારકોને આ અધિકાર મળતો નથી. જોકે, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગનું માનવું છે કે કલમ ૧૯ નો સીધો દાવો ન કરી શકાય એનો અર્થ એ નથી કે વિદેશી નાગરિકનું પ્રદર્શનમાં જવું ગેરકાયદે બની જાય છે. આ સિવાય, કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા) જેવા રક્ષણ વિદેશી નાગરિકોને પણ પ્રાપ્ત થાય છે, જે રાજ્યની મનસ્વી કાર્યવાહી સામે રક્ષણ આપે છે.

---

# આયાત-નિકાસ ખાધ ઘટીને રૂ.૫૦ હજાર કરોડે પહોંચી

## વિદેશી ભંડોળ અને એનઆરઆઈ ડિપોઝિટમાં તોતિંગ ઉછાળો આવતા બેલેન્સ ઓફ પેમેન્ટમાં જંગી સરપ્લસ નોંધાયો

**અબતક, નવી દિલ્હી**

દેશના અર્થતંત્ર માટે ઓગસ્ટ મહિનાના આંકડા અત્યંત રાહત આપનારા સાબિત થયા છે, જેમાં દેશની કરંટ એકાઉન્ટ ડેફિસિટમાં નોંધપાત્ર ઘટાડો થઈ ૫૦ હજાર કરોડે પહોંચી છે. ખાસ કરીને વિદેશમાં વસતા ભારતીયો દ્વારા મોટા પાયે જમા કરાવવામાં આવેલી રકમને કારણે એકંદર બેલેન્સ ઓફ પેમેન્ટ વિક્રમી સરપ્લસમાં પહોંચી ગયું છે. આ સમયગાળા દરમિયાન વેપાર અને સેવા ક્ષેત્રે પણ હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે, જ્યારે વિદેશી રોકાણમાં પણ આકર્ષક વધારો નોંધાયો છે. દેશના વિદેશી હૂંડિયામણને સુરક્ષિત રાખવા માટે તાજેતરમાં જ અમલમાં મૂકવામાં આવેલા નવા રિઝર્વ નિયમો બાબતે પણ મધ્યસ્થ બેંક દ્વારા વિસ્તૃત સ્પષ્ટતા કરવામાં આવી છે. આર્થિક મોરચે આવેલા આ સુધારા વિદેશી ભંડોળને આકર્ષવા માટે લેવાયેલા તાજેતરના પગલાંઓની મોટી સફળતા દર્શાવે છે.

તાજેતરના ડેટા અનુસાર, ઓગસ્ટ ૨૦૨૬માં ભારતનું એકંદર બેલેન્સ ઓફ પેમેન્ટ ૪૫.૪ બિલિયન ડોલર સરપ્લસ સાથે નોંધાયું છે, જે ગયા વર્ષે સમાન મહિનામાં ૫.૬ બિલિયન ડોલર ખાધ દર્શાવતું હતું. આટલા મોટા ઉછાળા પાછળ બેન્કિંગ કેપિટલ ઈનફ્લો મુખ્ય કારણ છે, જે ઓગસ્ટ ૨૦૨૫ના ૪.૭ બિલિયન ડોલરનો આઉટફ્લો સામે વધીને આ વખતે ૬૪.૭ બિલિયન ડોલર થઈ ગયો છે. જેમાં સૌથી મોટો ફાળો એનઆરઆઈ ડિપોઝિટનો છે, જે ગયા વર્ષના માત્ર ૧ બિલિયન ડોલરની સરખામણીએ જબરદસ્ત ઉછાળો મારીને ૮૩ બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. જુલાઈ મહિનામાં પણ બીઓપી સરપ્લસ ૨૦.૮ બિલિયન ડોલર નોંધાયો હતો, જે દર્શાવે છે કે દેશની બાહ્ય નાણાકીય સ્થિતિમાં મજબૂત સુધારો આવ્યો છે.

આ સાથે જ ભારતની કરંટ એકાઉન્ટ ડેફિસિટ ગયા વર્ષના ૬.૧ બિલિયન ડોલર ઘટીને ઓગસ્ટમાં ૫.૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. જોકે, મર્ચેન્ડાઈઝ ટ્રેડ ડેફિસિટ હજુ પણ નોંધપાત્ર રહી છે અને તે ૨૬.૬ બિલિયન ડોલર નોંધાઈ છે, જે ગયા વર્ષે ૨૭.૬ બિલિયન ડોલર હતી. બીજી તરફ, સેવા ક્ષેત્ર (સર્વિસ ટ્રેડ) સતત અર્થતંત્રને મજબૂત ટેકો આપી રહ્યું છે. સેવાઓનો સરપ્લસ ગયા વર્ષના ૧૫.૬ બિલિયન ડોલર વધીને આ વર્ષે ૧૬.૫ બિલિયન ડોલર થયો છે. આ આંકડાઓ દર્શાવે છે કે વેપાર ખાધમાં સામાન્ય ઘટાડો અને સેવા ક્ષેત્રની મજબૂતીએ એકંદર ખાધ ઘટાડવામાં મદદ કરી છે.

વિદેશી રોકાણની વાત કરીએ તો, ઓગસ્ટમાં વિદેશી સીધું રોકાણ પણ સુધર્યું છે અને તેમાં ૩.૩ બિલિયન ડોલરનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો છે, જે ગયા વર્ષે ૦.૧ બિલિયન ડોલરનો આઉટફ્લો હતો. આ ઉપરાંત, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટમાં પણ ૧.૭ બિલિયન ડોલરનું નેટ રોકાણ આવ્યું છે. જોકે, એપ્રિલથી ઓગસ્ટના પાંચ મહિનાના સંચિત આંકડાઓ દર્શાવે છે કે કરંટ એકાઉન્ટ પર હજુ પણ દબાણ છે, જે આ સમયગાળા માટે વધીને ૧૮.૩ બિલિયન ડોલર થયું છે (ગયા વર્ષે ૧૨.૮ બિલિયન ડોલર હતું). તેમ છતાં, આ એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન એકંદર બીઓપી સરપ્લસ વિક્રમી ૫૮ બિલિયન ડોલર નોંધાયો છે.

અલગથી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નવા 'ફોરેન એક્સચેન્જ રિસ્ક રિઝર્વ' ની જરૂરિયાતો અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. રૂપિયા સામે વિદેશી ચલણની ખરીદી સાથે સંકળાયેલા નિર્દિષ્ટ ફોરેન એક્સચેન્જ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સ પર જ આ નિયમો લાગુ પડશે. જો યુઝર્સ દેશી ચલણ સામે વિદેશી ચલણ વેચતા હશે તો આ રિઝર્વ નિયમ લાગુ પડશે નહીં. રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને ૧૦ ઓક્ટોબરના રોજ આ નિયમનકારી પગલાંની જાહેરાત કરવામાં આવી હતી. ૨ મિલિયન ડોલર સમકક્ષ અથવા તેનાથી ઓછી નોશનલ વેલ્યુ ધરાવતા કોન્ટ્રાક્ટ્સ આ નિયમની બહાર રહેશે, તેમજ ઓથોરાઈઝ્ડ ડીલરોને આ જોગવાઈઓથી બચવા માટે ટ્રાન્ઝેક્શનને ખોટી રીતે સ્ટ્રક્ચર ન કરવા આરબીઆઈ દ્વારા ચેતવણી પણ આપવામાં આવી છે.

---

# શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજકોટ સહિત ૨૮ જિલ્લાઓમાં ૧૦૧ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ

## અમદાવાદના ચાણક્યપુરી ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નવા કેન્દ્રનું લોકાર્પણ; બાંધકામ સાઈટ પર જઈને અત્યાર સુધી ૨૭ લાખ ભોજન પીરસાયા

**અબતક, રાજકોટ**

રાજ્યના બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારોને પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ મોટા પાયે વધારવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત ૨૮ જિલ્લાઓમાં ૧૦૧ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવા કેન્દ્રો સાથે સમગ્ર ગુજરાતમાં યોજના હેઠળના કુલ વિતરણ કેન્દ્રોની સંખ્યા વધીને ૩૭૨ થઈ જશે. આ વ્યાપ વધવાથી દરરોજ વધુ ૧૦,૦૦૦ ભોજનનો ઉમેરો થશે, જેનાથી પ્રતિદિન અંદાજે ૪૫,૦૦૦ બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને સીધો લાભ મળશે.

સરકારી સત્તાવાર નિવેદન અનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના ચાણક્યપુરી ખાતે શુક્રવારે આ નવા કેન્દ્રનું વિધિવત ઉદ્ઘાટન કરશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા સંચાલિત આ યોજના હેઠળ બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને માત્ર ₹૫ પ્રતિ વ્યકિતના અત્યંત સબસિડી વાળા દરે પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. આ ભોજનમાં રોજિંદા ધોરણે રોટલી, શાક, દાળ, ભાત, અથાણું, મરચાં અને ગોળ પીરસવામાં આવે છે, જ્યારે અઠવાડિયામાં એક વાર સુખડી અથવા શીરો જેવી મીઠાઈ પણ આપવામાં આવે છે.

શ્રમિકો માટે ભોજન મેળવવાનું વધુ સરળ બને તે માટે કડિયાનાકા પરના સ્થિર કેન્દ્રો ઉપરાંત 'ડોરસ્ટેપ મીલ ડિલિવરી' ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે બાંધકામ સાઈટ પર ૫૦થી વધુ શ્રમિકો સેવા મેળવવાનો વિકલ્પ પસંદ કરે છે, ત્યાં સીધું જ ભોજન પહોંચાડવામાં આવે છે. શ્રમિકોના જમાવડા વાળા સ્થળો સિવાય માત્ર બાંધકામ સાઈટ્સ પર જ સીધા ભોજન વિતરણની આ સુવિધા દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૨૭ લાખ ભોજન સફળતાપૂર્વક પીરસવામાં આવ્યા છે.

---

### ભૂલકાઓની માનસિક સ્થિતિ ક્યાં સુધી કથળી?!!!

# ૧૦ વર્ષની બાળકીએ ૧૮ મહિનાના બાળકને રમત રમતમાં છઠ્ઠા માટેથી ફેંકી દીધી !!

## બાળકી લાંબા સમય સુધી ન દેખાતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી, ત્યારે તેના ભાઈએ નીચે માસૂમની લાશ જોઈ

**અબતક, મુંબઈ**

આજનું આધુનિક અને ડિજિટલ યુગ બાળકોને ભલે વૈજ્ઞાનિક રીતે આગળ લઈ ગયું હોય, પરંતુ તેની સાથેસાથે બાળકોની માનસિકતામાં એક એવું ચિંતાજનક પરિવર્તન આવ્યું છે જેણે વાલીઓ, શિક્ષકો અને સમગ્ર સમાજને ઊંડા વિચારમાં મૂકી દીધા છે.

એક સમય હતો જયારે બાળકોનું વિશ્વ શેરીની રમતો, કુદરત, પરિવારના પ્રેમ અને નિર્દોષ મનોરંજનની આસપાસ ફરતું હતું. પરંતુ આજે, સ્માર્ટફોન, સોશિયલ મીડિયા, હિંસક વિડિઓ ગેમ્સ અને આ દોડધામ ભરેલા સ્પર્ધાત્મક માહોલે બાળકોના કોમળ મન પર એક અલગ જ અને ઘાતક છાપ છોડી છે.

બાળકી છઠ્ઠા માળના સામાન્ય કોરિડોરમાં રમી રહી હતી. ૧૦ વર્ષની સગીરાએ તેને ઉંચકીને સીડીના ડક્ટ વિસ્તારમાંથી નીચે ફેંકી દીધી. બાળકી લાંબા સમય સુધી ન દેખાતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી, ત્યારે તેના ભાઈએ નીચે માસૂમની લાશ જોઈ. બાળકીને ગંભીર ઈજાઓ થવાથી મૃત જાહેર કરાઈ. પોલીસે સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે અને મામલો ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કર્યો છે. ભારતીય કાનૂન મુજબ ૭ થી ૧૨ વર્ષના સગીરો માટે તેમની સમજશક્તિના આધારે કાર્યવાહી નક્કી થાય છે.આ ઘટના માત્ર એક ગુનો નથી, પરંતુ આપણા સમગ્ર સમાજ અને બાળ ઉછેર માટે એક ગંભીર ચેતવણી છે. માસૂમ બાળકોના કોમળ મનને યોગ્ય સંસ્કાર, પ્રેમ અને માર્ગદર્શન આપવું આપણી પ્રાથમિક જવાબદારી છે, જેથી ભવિષ્યમાં આવી અસહ્ય અને દર્દનાક ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

ઘણીવાર બાળકો તેમના પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવા કે અન્ય કોઈ અજ્ઞાત બાળમાનસિક કારણો કારણે આવું જોખમી પગલું ભરી બેસતા હોય છે. આજના સમયમાં ડિજિટલ માધ્યમો પર ઉપલબ્ધ હિંસક સામગ્રી ઘણીવાર નાની વયના બાળકોના કોમળ મન પર નકારાત્મક અને જોખમી અસર છોડે છે. બાળકના વર્તનમાં થતા ફેરફારોને સમયસર ન ઓળખી શકવાને કારણે આવી દુર્ઘટનાઓ સર્જાતી હોય છે.

---

# ડિજિટલ મીડિયાનું નવું રૂપઃ માત્ર શોખ નહીં પરંતુ હવે ક્રિએટર યુવાનો પોતાનું મીડિયા પાવરહાઉસ ખોલી રહ્યા છે

## ગૂગલ અને પબ્લિક ફર્સ્ટના રિપોર્ટ મુજબ એઆઈ ટૂલ્સના ઉપયોગથી ક્રિએટિવ વર્કર્ઝની પ્રોડક્ટિવિટીમાં ૨૦%નો વધારો થયો

**અબતક, નવી દિલ્હી**

ભારતનું ક્રિએટર ઈકોનોમી હવે માત્ર શોખ કે મનોરંજન પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે એક મજબૂત મિડિયા પાવરહાઉસ અને મોટા આર્થિક એન્જિનમાં પરિવર્તિત થઈ ગયું છે. સીઆઈઆઈ બિગ પિક્ચર સમિટ ૨૦૨૬માં યુટ્યુબ ઈન્ડિયાના એમડી ગુજન સોનીએ ભારતીય ક્રિએટર્સની આ અદ્ભુત સફર, વૈશ્વિક સ્તરે વધી રહેલા પ્રભાવ અને ભવિષ્યની સંભાવનાઓ વિશે એક વ્યાપક વિઝન રજૂ કર્યું છે. ડિજિટલ કન્ટેન્ટ ક્રિએશનથી લઈને આર્થિક વિકાસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પ્રભાવ સુધીની આ મહત્વપૂર્ણ માહિતી મીડિયા જગત માટે એક નવો વળાંક સાબિત થઈ રહી છે. ૨૦૨૫માં યુટ્યુબના ક્રિએટિવ ઈકોનોમીએ ભારતના જીડીપીમાં ૧૮,૦૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે અને અંદાજે ૧૦ લાખ લોકોને રોજગારી પૂરી પાડી છે. આશરે ૨૦૦,૦૦૦ ભારતીય ચેનલોએ પહેલીવાર મોનિટેશન શરૂ કર્યું છે, અને ૭-અંકની કમાણી કરનાર ક્રિએટર્સોની સંખ્યામાં ૨૦% નો વધારો થયો છે. મરાઠી ગીત 'ગુલાબી સાડી' જેવું લોકલ કન્ટેન્ટ હવે વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય દર્શકો સુધી ધૂમ મચાવી રહ્યું છે. રમતો અને ખેલાડીઓ પાછળની વાતો સાથે દર્શકોની સક્રિય ભાગીદારી વધી છે. ગૂગલ અને પબ્લિક ફર્સ્ટના રિપોર્ટ મુજબ એઆઈ ટૂલ્સના ઉપયોગથી ક્રિએટિવ વર્કર્ઝની પ્રોડક્ટિવિટીમાં ૨૦% નો વધારો થયો છે, જેનાથી ૭૫,૦૦૦ કરોડનું વધારાનું જીડીપી અને ૩૬૦,૦૦૦ નવી નોકરીઓનું સર્જન થઈ શકે છે.

દેશના નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારો સુધી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને સ્માર્ટફોન સરળતાથી ઉપલબ્ધ થવા. યુટ્યુબ જેવા પ્લેટફોર્મ્સ દ્વારા ક્રિએટર્સને તેમની પ્રતિભાના આધારે આર્થિક રીતે સધ્ધર બનવાની તકો મળી છે. વૈશ્વિક સ્તરે દર્શકો હવે પરંપરાગત મિડિયા કરતાં અનોખી, મૌલિક અને પ્રાદેશિક વાર્તાઓ માણવા વધુ આતુર છે. આધુનિક એડિટિંગ અને એઆઈ ટૂલ્સ સરળતાથી ઉપલબ્ધ થવાથી કન્ટેન્ટની ગુણવત્તા અને સ્પીડ બંને વધ્યા છે.

### ગુંજન જોશી કોણ છે?

ગુજન સોની હાલમાં યુટ્યુબ ઈન્ડિયાના કન્ટ્રી મેનેજિંગ ડિરેક્ટર તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. ટેક્નોલોજી, મિડિયા અને ઈ-કોમર્સ ક્ષેત્રે તેઓ બે દાયકા કરતાં વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. ગુજન સોની યુટ્યુબ ઈન્ડિયાના કન્ટ્રી મેનેજિંગ ડિરેક્ટર છે. આ પદ પર રહીને તેઓ ભારતમાં યુટ્યુબના વિકાસ, ક્રિએટર ઈકોનોમી અને ઈનોવેશનની ગતિને વેગ આપી રહ્યા છે. તેમણે ભોપાલની બરકતુલ્લાહ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં બેચલર ડિગ્રી મેળવી છે. ત્યારબાદ તેમણે પ્રખ્યાત સંસ્થા એક્સએલઆરઆઈ એક્સ એલ જામશેડપુરમાંથી ફાઈનાન્સમાં એમબીએ પૂરું કર્યું છે.

### આવું થવાનું કારણ શું છે?

દેશમાં સસ્તા સ્માર્ટફોન અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટનો વ્યાપક ફેલાવો. અંદાજે ૨૦૦,૦૦૦ જેટલી નવી ભારતીય ચેનલોનું મોનિટેશન શરૂ થવું અને ૭-અંકની કમાણી કરનાર ક્રિએટર્સ વધવા. 'ગુલાબી સાડી' જેવા પ્રાદેશિક ગીતો અને સ્થાનિક વાર્તાઓનું વૈશ્વિક સ્તરે લોકપ્રિય થવું. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ્સ દ્વારા ક્રિએટિવ કામગીરીમાં ૨૦% સુધીનો પ્રોડક્ટિવિટી બૂસ્ટ મળવો.બીયુટ્યુબના ઈકોનોમી દ્વારા ભારતના જીડીપીમાં ૧૮,૦૦૦ કરોડથી વધુનું યોગદાન અને ૧૦ લાખથી વધુ લોકોને રોજગારી મળી છે. સેલ્ફી સ્ટિકથી વીડિયો બનાવનાર યુવાનો હવે પ્રોફેશનલ સ્ટુડિયો અને મિડિયા કંપનીઓના સીઈઓ બની રહ્યા છે. ભારતની સંસ્કૃતિ, સંગીત અને પ્રાદેશિક વાર્તાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત બ્રાન્ડ તરીકે ઉભરી રહી છે.

# સરકાર સાથે મંત્રણા નિષ્ફળ: સબ રજિસ્ટ્રાર કચેરીના કર્મચારીઓ કાલે કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવશે

## લેખિત બાંહેધરી ન મળતાં કર્મચારીઓમાં ભારે રોષ: સમગ્ર ગુજરાતની ૨૮૭ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં વિરોધનું બ્યુગલ, દશેરા-દિવાળી ટાણે જ દસ્તાવેજ નોંધણી ખોરવાવાની ભીતી

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર અને સબ રજિસ્ટ્રાર કચેરીના કર્મચારીઓ વચ્ચે ચાલી રહેલી મંત્રણા નિષ્ફળ જતાં કર્મચારીઓએ આવતીકાલથી આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સરકાર સાથે બે દિવસ સુધી ચાલેલી વાટાઘાટો છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતાં અને સરકાર દ્વારા હજુ સુધી લેખિતમાં કોઈ બાંહેધરી આપવામાં ન આવતાં કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, આવતીકાલથી કર્મચારીઓ કાળી પટ્ટી બાંધીને પોતાની ફરજ બજાવીને વિરોધ નોંધાવશે. આ ઉપરાંત તેઓ વોટ્સએપ ગ્રૂપમાંથી લેફ્ટ થઈને પણ પોતાનો વિરોધ પ્રદર્શિત કરશે. આ આંદોલનમાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની ૨૮૭ કચેરીઓના આશરે ૬૦૦ કર્મચારીઓ જોડાય તેવી શક્યતા છે. આંદોલનના ભાગરૂપે કર્મચારીઓએ અગાઉ રાજ્યભરના જિલ્લા મથકોએ આવેદનપત્રો પણ સુપરત કર્યા હતા. જોકે, તેમ છતાં તેમના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં હવે તેઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

આ આંદોલનને કારણે તહેવારોના સમયમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી પર અસર પડવાની શક્યતા વધી ગઈ છે. આગામી દિવસોમાં દશેરા અને દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે. તહેવારોના સમયગાળા દરમિયાન મિલકત અને અન્ય મહત્ત્વના દસ્તાવેજોની નોંધણી માટે સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નાગરિકોની અવરજવર અને કામગીરીમાં નોંધપાત્ર વધારો થતો હોય છે. આવા સંજોગોમાં કર્મચારીઓના આંદોલનને કારણે દસ્તાવેજ નોંધણીની કામગીરીમાં વિક્ષેપ પડવાની સંભાવના છે. જો આ વિવાદનો વહેલી તકે ઉકેલ ન આવે તો તહેવારોના સમયમાં દસ્તાવેજ નોંધણી કરાવવા આવતા સામાન્ય નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન થતાં તેઓ વધુ કડક પગલાં લેવાની શક્યતા પણ વ્યક્ત કરી રહ્યા છે. સરકાર તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ જવાબ મળ્યો નથી, તેથી આંદોલન વધુ તીવ્ર બને તેવી શક્યતા પણ નકારી શકાય નહીં.

# માધાપરમાં વોંકળા પરના ગેરકાયદે દબાણો દૂર કરવા કલેક્ટરને રજૂઆત

## વર્ષોથી સરકારી જમીન પર દબાણ કરનારાઓ સામે દંડ વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવે: અશોકસિંહ વાઘેલા

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના માધાપર વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૧૧ પૈકી ગાંધી સોસાયટીમાં પાણીના વહેણ પર થયેલાં ગેરકાયદેસર બાંધકામો અને દબાણો દૂર કરવા માટે એડવોકેટ અશોકસિંહ વાઘેલા દ્વારા રાજકોટ જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. અગાઉ એક પ્રતિનિધિ મંડળ દ્વારા રાજકોટ તાલુકા મામલતદારને રૂબરૂ મળીને આ અંગે લેખિત રજૂઆત કરવામાં આવી હત. આ રજૂઆતમાં ટી.પી. ના સૂચિત વોંકળા દર્શાવતા નકશાઓ અને સ્થળ-સ્થિતિના પુરાવાઓ પણ સામેલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અનેક વખત મામલતદારનો રૂબરૂ તથા ટેલિફોનિક સંપર્ક કરીને ન્યાયોચિત અને યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું. તાલુકા મામલતદાર તરફથી જાહેર હિતની આ રજૂઆત અંગે આજદિન સુધી કોઈ જ નક્કર કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી. આ બાબત વ્યાપક જનહિતને અસર કરતી હોવાથી એડવોકેટ અશોકસિંહ વાઘેલા દ્વારા જિલ્લા કલેક્ટર કચેરીમાં ફરીથી રજૂઆત કરી કલેક્ટર કક્ષાએથી ત્વરિત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. તેમણે માંગ કરી છે કે સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે અને વર્ષોથી સરકારી જમીન પર દબાણ કરનારાઓ સામે નિયમ અનુસાર દંડનીય રેવન્યુ વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવે.

# રશિયાના કામચાટકામાં ૭ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

## જાપાનમાં ૯.૯ની ખોટી ચેતવણીથી મચી દોડધામ

**અબતક, રાજકોટ**

રશિયાના દૂર પૂર્વમાં આવેલા કામચાટકા દ્વીપકલ્પમાં ૧૬ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ૭.૦ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર વિલ્યુચિન્સ્ક શહેરથી આશરે ૧૨૩ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં નોંધાયું હતું. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટરના પ્રાથમિક આંકડા મુજબ, ભૂકંપનું કેન્દ્ર જમીનથી લગભગ ૧૪૦ કિલોમીટર ઊંડે હતું. આ ઘટનાને પગલે જાપાનમાં પણ ભૂકંપ અંગેની ચેતવણી જારી કરવામાં આવી હતી, પરંતુ ત્યાં ૯.૯ની તીવ્રતાનો આંકડો ખોટી રીતે દર્શાવાયો હતો. રાહતની વાત એ છે કે પ્રાથમિક અહેવાલો અનુસાર, રશિયામાં આ ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી નહોતી. ભૂકંપનું કેન્દ્ર જમીનની અંદર ઘણું ઊંડે હોવાથી તેની અસરનું મૂલ્યાંકન કરવા માટે વધુ માહિતી જરૂરી હતી. સ્થાનિક સમય પ્રમાણે બપોરે ૩:૩૫ વાગ્યે ભૂકંપ નોંધાયો હતો, જ્યારે ભારતીય સમય પ્રમાણે તે સવારે આશરે ૯:૦૫ વાગ્યે આવ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રીય સુનામી ચેતવણી કેન્દ્રે આ ઘટના બાદ સુનામીનું જોખમ ન હોવાનું જણાવ્યું હતું.

રશિયાના કામચાટકા નજીક આવેલા ભૂકંપ બાદ જાપાનમાં પણ ચેતવણીને લઈને ભારે ગૂંચવણ ઊભી થઈ હતી. જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સી દ્વારા શરૂઆતમાં ૯.૯ની તીવ્રતાનો ભૂકંપ આવવાની શક્યતા દર્શાવતી ચેતવણી જાહેર કરવામાં આવી હતી. આ ચેતવણીમાં જાપાનના ઉત્તર, પૂર્વ અને મધ્ય વિસ્તારોમાં જોરદાર આંચકા અનુભવાઈ શકે તેવી આગાહી કરવામાં આવી હતી. જોકે, ત્યારબાદ આ ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી. અહેવાલો અનુસાર, વાસ્તવિક ભૂકંપની તીવ્રતા ૬.૯ હતી અને પ્રાથમિક ચેતવણીમાં દર્શાવાયેલો ૯.૯નો આંકડો ખોટો હતો. આ ઘટનાએ ભૂકંપની આગોતરી ચેતવણી આપતી વ્યવસ્થામાં ચોકસાઈ કેટલી મહત્ત્વની છે તે ફરી દર્શાવ્યું હતું.

# ઓબીસી પ્રમાણપત્ર મુદ્દે મજોકઠા આહીર સમાજ લાલઘૂમ: ૨૮ ડિસેમ્બરે 'ધર્મ પરિવર્તન કૂચ'ની ચીમકી

## મુઘલ કાળથી અન્યાય વેઠતા સમાજને આઝાદીના દાયકાઓ પછી પણ જાતિ વિસંગતતાને કારણે પ્રમાણપત્રથી વંચિત રહેવું પડતું હોવાનો આક્ષેપ, કલેક્ટરને આવેદન પાઠવ્યું

**અબતક, રાજકોટ**

સરકારી રેકોર્ડમાં જાતિ વિસંગતતાના કારણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રથી વંચિત રહેલા મજોકઠા આહીર સમાજે હવે પોતાના બંધારણીય અધિકારો મેળવવા માટે લડત તેજ કરી છે. સમાજ દ્વારા રાજકોટ જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનરને પત્ર પાઠવીને ૩૦ દિવસમાં પ્રશ્નનો ઉકેલ લાવવા માંગ કરી છે. જો નિયત સમયમાં ઉકેલ નહીં આવે તો આગામી ૨૮ ડિસેમ્બરના રોજ રાજકોટમાં 'ધર્મ પરિવર્તન કૂચ' યોજવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, આશરે સાડા ચારસો વર્ષ પહેલાં મુઘલ બાદશાહના દબાણ સામે ધર્મ પરિવર્તન ન સ્વીકારતાં આહીરોના પૂર્વજોને કેદ કરીને સજા રૂપે હજામતનું કામ સોંપવામાં આવ્યું હતું. જેના પગલે સરકારી રેકોર્ડમાં 'આહીર હજામ' કે 'આહીર વાણંદ' તરીકે નોંધ થઈ હતી. વર્ષ ૧૯૯૦માં જૂનાગઢ ખાતે મળેલા સમાજના સંમેલનમાં સરકારી રેકોર્ડમાં ફક્ત 'આહીર' લખવાનો ઠરાવ થયો હતો.

આ કારણોસર વાલીઓના ૦૧-૦૪-૧૯૭૮ પહેલાના રેકોર્ડમાં 'આહીર હજામ/વાણંદ' અને બાળકોના રેકોર્ડમાં 'આહીર' લખાતાં સર્જાયેલી જાતિ વિસંગતતાના કારણે નવી પેઢીને ઓબીસી પ્રમાણપત્ર મેળવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.નોકરીઓ ગુમાવવાનો વારો આવ્યો હતો.

ઓબીસી પ્રમાણપત્ર ન મળવાના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને સરકારી નોકરીમાં પસંદગી પામેલા સમાજના યુવા-યુવતીઓએ નોકરી ગુમાવવી પડી હોવાના દાખલા સામે આવ્યા છે. જેમાં સિવિલ હોસ્પિટલના સ્ટાફ નર્સ અને મહાનગરપાલિકાના ક્લાર્ક વર્ગ-૩ જેવા ઉમેદવારો આ અન્યાયનો ભોગ બન્યા હોવાનું જણાવાયું છે.

અન્ય પછાત વર્ગોના પંચ દ્વારા આ અંગે ઐતિહાસિક પુરાવા, બારોટના ચોપડા અને દસ્તાવેજો ચકાસીને 'આહીર હજામ' એ મૂળ આહીર જ હોવાનો અહેવાલ સોંપવામાં આવ્યો હતો. પંચે હયાત યાદીમાં ''મજોકઠા આહીર'' શબ્દ પર્યાયવાચી તરીકે ઉમેરવા સરકારમાં સ્પષ્ટ ભલામણ કરી હોવા છતાં યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. માનવ અધિકાર આયોગમાં થયેલી સુનાવણી બાદ પણ યોગ્ય કાર્યવાહી ન થતાં સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.મજોકઠા આહીર સમાજે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ૩૦ દિવસની અંદર સરકાર કક્ષાએથી ન્યાયપૂર્ણ આદેશ કરવામાં નહીં આવે, તો આગામી ૨૮ ડિસેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે જ્યુબિલી ગાર્ડનથી કલેક્ટર કચેરી સુધી વિધિવત ધર્મ પરિવર્તન ફોર્મ સાથે 'ધર્મ પરિવર્તન કૂચ' યોજવામાં આવશે. આ અંગે મુખ્યમંત્રી તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીને પણ રજૂઆત મોકલી આપવામાં આવી છે.

# દારૂના દુષણ પર પોલીસની લાલ આંખ : સાત દરોડામાં આઠ શખ્સો શરાબ સાથે ઝડપાયા

## ૧૫૯ બોટલ દારૂ સહીત રૂ. ૪.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે : પીસીબી, એલસીબી ઝોન-૨, માલવીયાનગર, યુનિવર્સિટી, કુવાડવા અને એરપોર્ટ પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરમાં દારૂના દુષણ પર પોલીસે લાલ આંખ કરી હોય તેમ દારૂના સાત દરોડામાં વિદેશી દારૂની કુલ ૧૫૯ બોટલ દારૂ કાર- મોપેડ સહિત કુલ રૂ.૪.૮૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂના દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, એલસીબી ઝોન-૨ની ટીમે આંબેડકરનગર શેરી નં.૧૧ના ખૂણે ભાવેશ બાબુભાઈ પરમારને અલગ અલગ બ્રાન્ડની દારૂની કુલ ૯૬ બોટલ સાથે ઝડપી લઇ રૂ.૨૯,૭૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ જ વિસ્તારમાં એસ.ટી. વર્કશોપ પાછળ ખોડિયારનગરમાં સાહિલ ઈકબાલભાઈ લીંગડિયા પાસેથી દારૂની ચાર બોટલ મળી આવતા તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પી.સી.બી.ની ટીમે પેટ્રોલીંગ દરમિયાન વાવડીના તથાગત ગૌતમબુદ્ધનગરમાં શેરી નં.૨ ઓમ સુપર માર્કેટ પાસે મોપેડમાં શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલા શખસને અટકાવી તેના મોપેડમાં તપાસ કરતા દારૂની ૪૮ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે આ શખસની પુછતાછ કરતા તેણે પોતાનું નામ નિલેશભાઈ ચંદુભાઈ મકવાણા(ઉ.વ.૩૦ રહે. તથાગત ગૌતમબુધ્ધનગર) હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે દારૂનો આ જથ્થો અને વાહન મળી કુલ રૂ.૫૬,૦૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે મવડી મેઈન રોડ પર સાવન હાઈટ્સ પાસેથી શંકાસ્પદ વર્ના કાર પસાર થતા પોલીસે કાર અટકાવી તલાશી લેતા તેમાંથી દારૂની ચાર બોટલ મળી આવી હતી. જેથી પોલીસે કારચાલક ગૌતમકુમાર બટુકભાઈ હીરપરા(ઉ.વ.૩૫ રહે. સાવન સર્કલ મવડી બાયપાસ મવડી સ્મશાન નજીક) સામે ગુનો નોંધી દારૂની બોટલ અને વર્ના કાર સહિત રૂ.૪.૦૦,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ ઝડપાયેલો શખસ ગેરેજ સંચાલક હોવાનું જાણવા મળ્યું છે.

એરપોર્ટ પોલીસ સ્ટેશને વાદીપરા ત્રણ રસ્તા પાસેથી જયેશ જોરુભાઈ ધાંધલ(ઉ.વ. ૨૧ રહે. પીપળીયા તા. ચોટીલા) ને એક બોટલ સાથે ઝડપી લીધો હતો. જયારે યુનિવર્સિટી પોલીસે ન્યૂ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર વર્ધમાન સોસાયટીની પાછળ ગુહણી એપાર્ટમેન્ટમાં એ વીંગ ફલેટ નં.૨૦૩ માં રહેતા સનલેષ નરશીભાઈ લીંબાડિયા(ઉ.વ.૩૪) ના ફલેટમાં દરોડો પાડતા અહીંથી ચાર બોટલ મળી આવી હતી.

કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નવાગામ (આણંદપર) બસ સ્ટેન્ડ પાસે મેહુલભાઈ ધીરજલાલ પરમાર(ઉ.વ.૩૬) ને રોયલ ચેલેન્જ વિસ્કીની બે બોટલ સાથે ઝડપી લીધો હતો. દારૂ સાથે ઝડપાયેલા આ શખસની પુછતાછ કરતા દારૂની હેરાફેરીમાં ક્રિપાલસિંહ સોલંકી(ઉ.વ.૨૪ રહે. લાતી પ્લોટ શેરી નં.૧૦) નું નામ ખુલતા પોલીસે તેને ઝડપી લીધો હતો. જયારે અન્ય એક આરોપી ભરત ભરવાડ(રહે. નવાગામ) ને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# નીલકંઠ સિનેમા પાસે ચાલીને રોડ ક્રોસ કરતા વૃધ્ધનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

## ભક્તિનગર પોલીસ વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી: પરિવારમા શોક

**અબતક, રાજકોટ**

શહેરના નીલકંઠ સિનેમા પાસે ચાલીને રોડ ક્રોસ કરી રહેલા ૮૦ વર્ષીય વૃધ્ધને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા જ તબીબે વૃધ્ધને મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા ભક્તિનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યું હતું

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે અકસ્માતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે કોઠારીયા રોડ ઉપર સૂર્યદીપ સોસાયટીમાં રહેતા પરસોત્તમભાઈ મોહનભાઈ પરમાર ઉંમર વર્ષ ૮૦ વર્ષીય વૃધ્ધ ગત તા ૧૪ ના રોજ રાત્રે ચાલીને નીલકંઠ સિનેમા પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહનને ઠોકરે લેતા ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળેતે પહેલા વૃધ્ધએ દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા ભક્તિનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ અને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક સંતાનમાં બે પુત્ર બે પુત્રીએ પરિવારનો સ્તંભ ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે ભક્તિનગર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ અને શોધખોળ હાથ ધરી છે

# માધાપર ચોકડી નજીક એક માળની ઊંચાઈ પરથી નીચે પટકાયેલા વૃદ્ધાનું મોત

## સુંદરમાં સોસાયટી કપડાં સૂકવતી વેળા ચક્કર આવતા સર્જાય દુર્ઘટના: પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે સુંદરમ સોસાયટીમાં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધા ગઈકાલે બાલ્કનીમાં કપડાં સૂકવતી વખતે ચક્કર આવતા ૧માળ જેટલી ઊંચાઈથી નીચે પટકાતા માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા વૃદ્ધાએ દમ તોડ્યો હતો. ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે અકસ્માતે મોત બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે માધાપર ચોકડી પાસે સુંદરમ સોસાયટીમાં રહેતા શાંતાબેન સુરેશભાઈ રાઠોડ ૬૨ વર્ષિય વૃધ્ધા ગઈ કાલે પોતાનાં ઘરે કપડાં સૂકવતી વેળા ચક્કર આવતા બાલ્કની ૧ માળેથી નીચે પટકાયા હતા જેમાં ગંભીર રીતે ઘાયલ થતા તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા વૃધ્ધાએ દમ તોડી નાખ્યો હતો આ અંગે ચક્કર આવતા આશરે ૧૦ ફૂટની ઊંચાઈ પરથી નીચે પટકાયા હોવાથી મોત નીપજ્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે અને સંતાનમાં બે પુત્રોએ માતાની મમતા ગુમાવતા પરિવારમાં હતી આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# માધાપરમાં અગમ્ય કારણોસર આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત

## માનસિક તકલીફ હોવાથી આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ: પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

શહેરની માધાપર ગામે રહેતા ૪૧ વર્ષીય આધેડ ગઈ કાલે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતા ટીમના ઈએમટીએ ઘટના સ્થળે આધેડને મૃત જાહેર કર્યા હતા અને ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને માનસિક તકલીફ હોવાને કારણે આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે શહેરના માધાપરમાં રહેતા જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ નડિયાપરા ઉંમર ૪૧ વર્ષીય આધેડ ગઈ બપોરે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ ટીમ ને જાણ કરતા ટીમના ઈએમટી દ્વારા આધેડને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકે માનસિક તકલીફ હોવાથી આપઘાત કર્યા હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક બે ભાઈ માં નાના અને અપરણિતના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભાવદીપસિંહ વધુ તપાસ ચાલવી રહ્યા છે

# વેપારી પેઢીમાં લૂંટ અને ખુનની ઘટના અંગે ગ્રેટર ચેમ્બરનું પોલીસ કમિશનરને આવેદન

## જીઆઈડીસી વિસ્તારમાં સુરક્ષા વધારવા અને કાયમી સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવવાની રજૂઆત

**અબતક, રાજકોટ**

હાલમાં રાજકોટ શહેર ખાતે આજી જી.આઈ.ડી.સી.માં આવેલ નિકાસ ક્ષેત્રે સંકળાયેલ વેપારી પેઢી તન્વી ગોલ્ડના કર્મચારીને લુંટના ઈરાદે ગોળીબાર કરીને હત્યા નિપજાવ્યા બાદ તેમની પાસે રહેલ સોના-ચાંદીની લુંટ કરીને ભાગી ગયેલાની ઘટનાના વેપારી સમાજ ઉપર ઘેરા પ્રત્યાઘાતો પડેલ છે.

જે સંદર્ભે આજરોજ ગ્રેટર રાજકોટ ચેમ્બરના પદાધિકારીઓ માંહેથી ચેરમેન ધનસુખભાઈ વોરાની આગેવાનીમાં બનેલું પ્રતિનિધિમંડળ જેમાં મંત્રી મયુરભાઈ શાહ, રમેશભાઈ ઝાલાવડીયા, જગદીશભાઈ સોની, હર્ષદભાઈ ખુંટ, પ્રાગજીભાઈ પરસાણા તથા કુંશાગભાઈ દોશી દ્વારા શહેર પોલીસ કમીશ્નરશ્રીને રજુઆત કરતું લેખીત આવેદનપત્ર પાઠવેલ હતું.જેમાં આજી જી.આઈ.ડી.સી. ખાતે આવેલ પોલીસ ચોકી કાયમી ધોરણે પૂર્ણ સમયની કાર્યરત કરવા અને શહેરમાં અવારનવાર આવા રકતરંજીત બનાવોને ડામવા માટે સ્પેશીયલ ટાસ્ક ફોર્સ બનાવીને તેની કામગીરીથી શહેરના વેપારીઓ અને ઉદ્યોગકારોને ભયમુકત વાતાવરણ ઉભુ કરવા તેમજ સોના-ચાંદીની કામગીરી કરતા વેપારીઓને સુરક્ષા પુરી પાડવા તથા છાશવારે બનતા આવા બનાવોને નાબુદ કરવા કડક પગલા લેવા જણાવેલ છે.

# કલોલ છત્રાલ જીઆઈડીસીની કેમિકલ કંપનીમાં બ્લાસ્ટ થતા ચારના મોત

## પાઈપ ફિટિંગની કામગીરી દરમિયાન ૮૦ ડિગ્રી સેલ્સિયસ ગરમ કેમિકલના અચાનક ભારે પ્રેશરથી શ્રમિકો ફંગોળાયા

**અબતક, રાજકોટ**

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ છત્રાલ જીઆઈડીસી માં ફેઝ ૪ માં અત્યંત ગંભીર ઘટના સામે આવી હતી જેમાં કોવિકા ડાયસ એન્ડ ઈન્ટરમિડીયેટ કંપનીમાં ગઈકાલે કામકાજ દરમિયાન અચાનક કેમિકલ ફેક્ટરીના પાઈપ ફીટીંગ દરમિયાન ભારે પ્રેશર આવતા મોટો અકસ્માત સર્જાયો હતો જ્યાં ચાર શ્રમિક કામદારોના ઘટના સ્થળ પર મોત નીપજ્યા હતા ઘટનાને પગલે ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો દોડી ગઈ હતી અને મૃતદેહોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા માં આવેલ છત્રાલ જીઆઈડીસી માં ફેઝ ૪ માં કોવિકા ડાયસ એન્ડ ઈન્ટરમિડીયેટ કંપનીમાં ગઈકાલે સાંજે કેમિકલ ની પાઈપ ફિટ કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક ભારે પ્રેશર આવતા ગરમ કેમિકલ પ્રેસર સાથે શ્રમિકો ફગોળાયા હતા જેમાં શ્રમિકોને શરીર પર કેમિકલ પડતા ચાર શ્રમિકો ગંભીર રીતે ઘવાયા હતા અને ઘટના સ્થળ પર જ ઝારખંડના વિનોદકુમાર નંદલાલસિંહ ઉંમર વર્ષ ૪૨, સિકંદર લખન દેહરિ, તેડા કાલુ દેહરી ઉંમર વર્ષ ૧૮, ઉદયપુર નો લક્ષ્મણ મીણાનું મોત નીપજ્યું હતું જેથી કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ અને ફાયર બ્રિગેડ ૧૦૮ ની એમ્બ્યુલન્સનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા આ અંગે કેમિકલ કંપનીમાં પાઈપ ફીટીંગ દરમિયાન કંપનીમાં ૭૦ થી ૮૦ ડિગ્રી સેલ્સિયસ ઊંચા તાપમાનમાં ગરમ કેમિકલની પ્રોસેસ ચાલી રહી હતી તે દરમિયાન દુર્ઘટના સર્જાય હતી જેમાં મૃતક શ્રમિકો ગરમ કેમિકલ માથે પડતા કાળા પડી ગયા હતા આ અંગે એફએસએલની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી અને કંપનીના પ્લાન્ટમાં કયા કારણોસર ખામી સર્જાય, કંપની પાસે ફાયર સેફ્ટીના સાધનો તેમજ મંજૂરી અને સલામતી માટે કયા પ્રકારના પગલાં લેવામાં આવ્યા હતા નિયમનું પાલન થતું હતું કે નહીં તે દિશામાં આગળ તપાસ ચાલુ છે ટેકનિકલ કારણો ની તપાસ બાદ સ્પષ્ટ થશે આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# ધોળકિયા સ્કૂલની પ્રાચીન નવરાત્રીના ચાચર ચોકમાં ઉમટ્યો માનવ મહેરામણ

## પાંચમા નોરતે મા સ્કંદમાતાની પૂજા-અર્ચના સાથે વિદ્યાર્થીઓની સુખાકારી માટે પ્રાર્થના; માતાજીના પ્રસાદનો લાભ લઈ ભક્તો ધન્ય બન્યાં

**અબતક, રાજકોટ**

સંસ્કૃતિનો શ્વાસ અને ભકિતનો વિશ્વાસ એટલે ધોળકિયા સ્કૂલની પ્રાચીન નવરાત્રિ. પરંપરાગત ગરબાની ધૂન, માતાજીની આરાધના અને ભકિતમય વાતાવરણ વચ્ચે પાંચમા નોરતે ચાચર ચોકમાં માનવમહેરામણ ઉમટ્યો હતો. માતાજીના દર્શન અને પ્રસાદનો લાભ લઈ ભકતોએ ધન્યતા અનુભવી હતી.

'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...' સહિતના પરંપરાગત ગરબાઓની રમઝટથી સમગ્ર ચાચર ચોક ભક્તિરસમાં તરબોળ બન્યો હતો. 'ચોટીલે ડાકલા', 'બોંડલ ખમકારી' અને 'આજ યમુનાજી પધાર્યા મારા ઘેર રે' જેવા લોકપ્રિય ગરબાઓની ધૂન પર ખેલૈયાઓ ઝૂમી ઊઠ્યા હતા.



પાંચમા નોરતે મા સ્કંદમાતાની પૂજા-અર્ચના કરીને વિદ્યાર્થીઓ અને બાળકોની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી અને પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરિયા, ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી અને મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, રાજકોટના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ રાકેશ દેસાઈ (આઈપીએસ), બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય અને રાજકોટના ધારાશાસ્ત્રી અંશભાઈ ભારદ્વાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ આ ભવ્ય આયોજન બદલ ધોળકિયા સ્કૂલના ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા અને જીતુભાઈ ધોળકિયાને બિરદાવ્યા હતા.

ધોળકિયા સ્કૂલની પ્રાચીન નવરાત્રિનું યુટ્યુબ અને ફેસબુક પર જીવંત પ્રસારણ કરવામાં આવી રહ્યું છે, જેને દેશ-વિદેશના અનેક લોકો નિહાળી રહ્યા છે. પરંપરા, સંસ્કૃતિ અને ભક્તિના અનોખા સંગમ સમાન આ નવરાત્રિ મહોત્સવ ભકતો અને ખેલૈયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# બાલભવનના કિડ્સ એન્ડ મોમ્સ નવરાત્રી મહોત્સવમાં ૭૦૦ જેટલાં બાળકો-બહેનોએ ગરબે ઘૂમી રંગત જમાવી

## ૭૦ જેટલાં બાળકો-બહેનોને પ્રિન્સ-પ્રિન્સેસ જાહેર કરી ઈનામોથી સન્માનિત કરાયાં

**અબતક, રાજકોટ**

રાજકોટ બાલભવન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકો અને બહેનો માટે 'કિડ્સ એન્ડ મોમ નવરાત્રિ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧થી ૨૦ ઓક્ટોબર દરમિયાન યોજાતા આ મહોત્સવમાં બાલભવનના વિશાળ જોકર ગ્રાઉન્ડમાં ઓરકેસ્ટ્રા વસંત સાઉન્ડના તાલે બાળકો અને બહેનો ગરબા-દાંડિયારાસની રમઝટ બોલાવી રહ્યાં છે.

બાલભવનના ટ્રસ્ટી ડો. યજ્ઞેશભાઈ જોષી અને ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન)ના માર્ગદર્શન હેઠળ ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮:૩૦થી ૧૧:૩૦ દરમિયાન યોજાતા આ મહોત્સવમાં ૫થી ૧૦ વર્ષ, ૧૧થી ૧૬ વર્ષ અને ૧૬ વર્ષથી મોટી બહેનો એમ ત્રણ વિભાગમાં ખેલૈયાઓ ભાગ લઈ રહ્યાં છે. ગરબા ઉપરાંત



સનેડો, ભાઈભાઈ અને ટીટોડાના તાલે પણ ખેલૈયાઓ ઝૂમી રહ્યાં છે. બાલભવનની વિશેષ કૃતિ 'વંદે માતરમ' સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ દિવસે અંદાજે ૭૦૦ બાળકો-બહેનોમાંથી ૭૦ જેટલાં વિજેતાઓની પસંદગી નિર્ણાયકો શીતલબેન રાવલ, ખુશીબેન રાજાણી, અવનીબેન મજીઠિયા અને નિતાબેન દિહોરાએ કરી હતી. ટ્રસ્ટી ડો. યજ્ઞેશભાઈ જોષી, ડો. અલ્પનાબેન ત્રિવેદી અને મહેમાનોના હસ્તે વિજેતાઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરરોજ ૫૦થી ૭૦ જેટલાં બાળકો-બહેનોને પ્રિન્સ-પ્રિન્સેસ જાહેર કરી ઈનામો આપવાની પરંપરા આ વર્ષે પણ જાળવવામાં આવી છે.

કાર્યક્રમનું સંચાલન માલાબેન રાઠોડે કર્યું હતું.

# સમસ્ત પ્રજાપતિ યુવા ગ્રુપ દ્વારા દશેરાના દિવસે 'બાય-બાય નવરાત્રી' રાસોત્સવ

## રેસકોર્સ સહિયર ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આયોજન; રાહુલ મહેતા અને તેજસ શિશાંગીયાના સુમધુર સ્વરે જામશે રાસની રમઝટ, વિજેતાઓને લાખેણાં ઈનામો



**અબતક, રાજકોટ**

રાજકોટના સમસ્ત પ્રજાપતિ સમાજ માટે સમસ્ત પ્રજાપતિ યુવા ગ્રુપ (જ્ઙ્ઢ્રૠ) દ્વારા સતત ૧૨મા વર્ષે દશેરાના પર્વે મંગળવાર, તા. ૨૦ ઓક્ટોબરના રોજ રેસકોર્સ સ્થિત સહિયર ગ્રાઉન્ડ ખાતે 'બાય-બાય નવરાત્રી' અંતર્ગત એક દિવસીય ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજના યુવાનોને સાંસ્કૃતિક અને સામાજિક મંચ મળી રહે તે હેતુથી પ્રજાપતિ સમાજના યુવાનો દ્વારા સ્થાપિત જ્ઙ્ઢ્રૠ છેલ્લા ૧૧ વર્ષથી વિવિધ લોકહિતલક્ષી કાર્યક્રમો યોજી રહ્યું છે. આ પરંપરાને આગળ ધપાવતાં આ વર્ષે પણ સમાજના બહેન-દીકરીઓ અને પરિવારો માટે પરંપરાગત માહોલમાં રાસોત્સવ યોજાશે.

### અબતકની શુભેચ્છા મુલાકાતમાં સમસ્ત પ્રજાપતિ યુવા ગ્રુપ ના સભ્યોએ આપી માહિતી

રાસોત્સવમાં જાણીતા કલાકારો રાહુલ મહેતા અને તેજસ શિશાંગીયાના સુમધુર સ્વરે ગરબાની રમઝટ બોલશે. સાથે જ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ માટે લાખેણાં ઈનામો રાખવામાં આવ્યાં છે. કાર્યક્રમમાં રાજકીય આગેવાનો, સમાજના શ્રેષ્ઠીઓ અને દાતાઓ ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કરશે.

સમાજના સભ્યોને પાસ સરળતાથી મળી રહે તે માટે ૧૫૦ ફૂટ રિંગ રોડ, નાનામવા રોડ પર બેકબોન શોપિંગ સેન્ટરની સામે ટેકનોન કરિયર, આર.કે. એમ્પાયર, સંત કબીર મેઈન રોડ પર રાજન વેફર, ગ્રીનલેન્ડ ચોકડી, શિવનગર-૨, ચામુંડા કલબ રોડ, મવડી ચોકડી સહિતનાં વિવિધ સ્થળોએ પાસ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. પાસ મેળવવાનો સમય સાંજે ૭થી ૮ વાગ્યા સુધીનો રહેશે.

રાસોત્સવને સફળ બનાવવા અતુલભાઈ સુરાણી, રમેશભાઈ સોરઠિયા, વિકીભાઈ ટાંક, વિજયભાઈ મુલીયા, અનિલભાઈ મુલીયા, જાબાલ કટકિયા, આકાશ પ્રજાપતિ, કપિલ પ્રજાપતિ, કૌશલ પ્રજાપતિ, મંથન પ્રજાપતિ, અમિત પ્રજાપતિ, સંજય સરવૈયા, દિલીપ વેગડ સહિતના યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જૈનમ રાસોત્સવમાં મહેમાનોએ મોડી રાત સુધી રાસોત્સવનો આનંદ માણ્યો

## નવરાત્રીના પાંચમા નોરતે જૈનમ નવરાત્રી મહોત્સવમાં સંઘ અગ્રણીઓ, ખ્યાતનામ તબીબો અને રાજકીય આગેવાનો સહિતના મહેમાનો ઉમટ્યા:વિવિધ કેટેગરીમાં વિજેતા ખેલૈયાઓને ઈનામો એનાયત

**અબતક રાજકોટ,**

જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રિ મહોત્સવ-૨૦૧૬માં નવરાત્રિના પાંચમા નોરતે રાસોત્સવના આંગણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણીઓ, રાજકોટના ખ્યાતનામ તબીબો, વિવિધ સમાજના આગેવાનો તથા રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા ૧૧ વર્ષથી એક જ સ્થળે જૈન સમાજ માટે વિશિષ્ટ રીતે યોજાતા આ રાસોત્સવની ઉપસ્થિત મહાનુભાવોએ સરાહના કરી હતી. મહેમાનોએ મોડી રાત સુધી રાસોત્સવનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘચાલક મુકેશભાઈ મલકાણ, રાજકોટ વિભાગ સંઘચાલક ડો. સંજીવભાઈ ઓઝા, પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણી, મહાનગર સહકાર્યવાહ





અમરીશભાઈ આંબડિયા, રાજકોટ મહાનગર સંઘચાલક ડો. જીતેન્દ્રભાઈ અમલાણી સહિતના સંઘ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજકોટના જાણીતા તબીબો, વિવિધ ક્ષેત્રના આગેવાનો અને મહાનુભાવોએ પણ રાસોત્સવમાં ભાગ લીધો હતો.

પાંચમા નોરતાના સ્પેશિયલ ગેસ્ટ તરીકે જી.ડી. અજમેરા અને એમ. પાવર મેનેજમેન્ટ પરિવારના સભ્યો તેમજ એન.ડી.કે. બિલ્ડકોનના નેમિષભાઈ મહેતા પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. બંને પરિવારોએ મા જગદંબાની આરતીનો લાભ લીધો હતો અને સમગ્ર રાસોત્સવ માણી આયોજનની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન વિક્રમભાઈ પુજારા સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાસોત્સવ દરમિયાન રાજકોટના વિવિધ જાણીતા તબીબો અને જૈનમ પરિવારની મેડિકલ વિંગના સભ્યોએ સહયોગ આપ્યો હતો. મેડિકલ યુનિટ માટે જરૂરી ફર્નિચરની વ્યવસ્થા કરનાર હિતેશભાઈ તલસાણીયાનું પણ યોગદાન રહ્યું હતું. વંદે માતરમ ગીત દરમિયાન ઉપસ્થિત આગેવાનો તિરંગા સાથે જોડાયા હતા.

પાંચમા નોરતે વિવિધ કેટેગરીમાં યોજાયેલી સ્પર્ધાઓમાં વિજેતા ખેલૈયાઓને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રિન્સ, પ્રિન્સેસ, કિડ્સ તથા સિનિયર અને જુનિયર કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે નિલેશભાઈ જલુ, અદિતીબેન ઝાલા, અમિતભાઈ કેશરીયા અને અમીબેન કેશરીયાએ સેવા આપી હતી.

વિજેતા ખેલૈયાઓને વિવિધ દાતા અને મહાનુભાવોના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. જૈનમ પરિવારના શુભેચ્છકો, દાતા અને સ્પોન્સર્સનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

રાસોત્સવને સફળ બનાવવા જૈનમ ટીમના વૈભવભાઈ સંઘવી, મેહુલભાઈ શાહ, જીનેશભાઈ મહેતા, કોમિલભાઈ વોરા, માનસભાઈ રૂપાણી, ઉમેશભાઈ શાહ, પ્રણવભાઈ મહેતા, નિલેશભાઈ દેસાઈ સહિત ટીમના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીગ્રામમાં રવિ રાંદલ ગરબી મંડળમાં નાની - નાની બાળાઓએ ભક્તિભાવસભર રાસની રંગત જમાવી

## નાની બાળાઓએ અદ્ભૂત રાસ-ગરબાની પ્રસ્તુતિ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા



**અબતક, રાજકોટ**

માતાજીની આરાધના, ભક્તિ અને શક્તિના પવિત્ર સંગમ સમી પરંપરાને જાળવી રાખતાં ગાંધીગ્રામ ખાતે રવિ રાંદલ ગરબી મંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું ભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વર્ગસ્થ ચારૂબેન ચૌધરીએ ૪૦ વર્ષ પૂર્વે ભક્તિ અને શક્તિની આરાધનાના જે દિવ્ય સંકલ્પ સાથે આ પરંપરાનો પ્રારંભ કર્યો હતો, તેને આગળ ધપાવી આયોજક તથા કોર્પોરેટર શ્રીમતી સેજલબેન ચૌધરી અને અમિતરાજ ચૌધરી દ્વારા પરંપરાનું જતન કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે વોર્ડ નં.૧નાં કોર્પોરેટર શ્રીમતી અંજનાબેન મોરઝરિયા, રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળ, વોર્ડ નં.૧ના પૂર્વ કોર્પોરેટર અલ્પેશભાઈ મોરઝરિયા, આદિજાતિ મોરચાના વિજયભાઈ રાઠોડ, ભરતભાઈ મૂલિયાણા, હર્ષાબેન નિર્મળ સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ બાળાઓને શુભેચ્છાઓ પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

# યુડી ક્લબ નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓએ મન મુકી ગરબા રમી માતાજીની આરાધના કરી

## નવરાત્રી મહોત્સવમાં કાલે જેન-ઝી ૨.૦ ડાયરો અને રવિવારે માં જગદંબાની મહાઆરતીનું આયોજન

**અબતક, રાજકોટ**

મુંજકા ખાતે આવેલ લાડાણી ઓર્બિટના મેદાનમાં પાંચમે નોરતે યુડી ક્લબ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવને ખેલૈયાઓમાં જોમ અને જુસ્સો જોવા મળ્યો. યુડી ક્લબમાં રમી રહેલા ખેલૈયાઓ તાલ સાથે રમતા ખુબ જ ઉત્સાહી જોવા મળ્યા છે. યુડી ક્લબની હાઈટેક સાઉન્ડ સિસ્ટમમાં અલગ - અલગ ડ્રેસકોડ સાથે રાસ રમતા ખેલૈયાઓએ ગ્રાઉન્ડને જીવંત બનાવી દીધુ છે ત્યારે એકથી એક ચડિયાતા ગ્રુપો મન મુકીને વિવિધ ગરબાઓ સુર અને તાલ સાથે મગ્ન બનીને રમી રહ્યા છે. આ રાસ ગરબા નીહાળવા માટે આવનાર માનવંતા મહેમાનો અને શહેરીજનો રાસ ગરબા જોઈને આફરીન થઈ ગયા છે.

યુડી કલબના પ્રમુખ પંકજભાઈ કાલાવડીયાએ જણાવ્યું હતું કે કાલની રાતના રોજ સુફી સરગમના સથવારે નવલા નોરતાની આ રાતને સંગીતમય રાત અને યાદગાર રાત બનાવવા તથા ભક્તિનો રંગ ચઢાવવા ખ્યાતનામ



ગાયક ભરતદાન ગઢવી અને વૃષ્ટી છેડા સુફી સરગમમાં સુરીલા રંગ રેલાવી સૌને મંત્રમુગ્ધ કર્યા. ત્યારે ખેલૈયાઓમાં ખાસ ઉત્સાહ અને થનગનાટ અનુભવાય રહ્યો હતો.યુડી ક્લબ દ્વારા શનિવારે સાતમાં નોરતે જેન-જી ૨.૦ ડાયરાનું સુંદર મજાનું આયોજન કરેલ છે. જેમાં દેશની ભાવિ પેઢીના વિવિધ મુદ્દાઓને વણીને વિવિધ હૃદય સ્પર્શી વાતો રજુ કરવામાં આવશે. યુડી ક્લબ દ્વારા આઠમાં નોરતે જગત જનની માં જગદંબાની મહા આરતીનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવનાર છે. જેની સમગ્ર રાજકોટ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે.યુડી ક્લબના નિમંત્રણને માન આપીને પધારેલા શહેરના વિવિધ ક્ષેત્રના નામાંકિત અગ્રણીઓ જેવા કે પરસોતમભાઈ રૂપાલા સાંસદ, રમેશભાઈ ટીલાળા ધારાસભ્ય, કાંતિલાલ અમૃતિયા ધારાસભ્ય, નેહલભાઈ શુક્લ મેયર, આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ મહા મંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ પૂ.સ્વામી હરિહરાનંદ ભારતી મહારાજ ભારતી આશ્રમ સહિતના મહેમાનોએ માં ઉમાની આરતીનો લ્હાવો લીધો.

યુડી ક્લબમાં આ વર્ષે પણ ભવ્ય ડોમ, પેવેલીયન, બેઠક વ્યવસ્થા ગ્રાઉન્ડ, ગેલેરી, આઈડી સ્ક્રીન અને મીક્સર સ્પેસ સહિતની વ્યવસ્થાઓ ઉડીને આંખે વળગે તેવી છે ત્યારે પારિવારિક માહોલમાં ખેલૈયાઓ મન મૂકીને મા જગદંબાની આરાધના કરી રહ્યા છે. આકર્ષક લાઈટિંગમાં મનમોહક વેષભુષાઓ સાથે ખેલૈયાઓ આકર્ષણ જમાવ્યું છે.

# નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં ૩૦ દિવસના માસક્ષમણ તપની પૂર્ણાહુતિએ પરમ સમાધિજી મહાસતીજીની ભાવભીની અનુમોદના

**અબતક,રાજકોટ**

અસાધારણ મનોબળ, અખૂટ આત્મશક્તિ અને ગુરુ પ્રત્યેની અતૂટ સમર્પણભાવનાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડતાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં સુશિષ્યા પરમ સમાધિજી મહાસતીજીએ ૩૦ દિવસના માસક્ષમણ તપની પૂર્ણાહુતિ કરી. હિંગવાલા લેન સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન મહાસતીજીના પારણા અવસરે સર્વ દ્વારા ભાવભીની તપ અનુમોદના કરવામાં આવી હતી.

જૈન ધર્મમાં સળંગ ૩૦ દિવસના આકરા ઉપવાસને "માસક્ષમણ તપ" કહેવામાં આવે છે. આ તપ અંતર્ગત તપસ્વી સળંગ એક મહિના સુધી (૩૦ દિવસ) અન્નનો સંપૂર્ણ ત્યાગ કરે છે અને



બીજાની સેવામાં તત્પર રહેનારને સ્વયંની તપશ્ચર્યામાં કોઈની સેવાની જરૂર ન પડેઃ નમ્રમુનિ

નિયમોનુસાર માત્ર સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચે ઉકાળેલું પાણી જ ગ્રહણ કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦ દિવસના ઉપવાસ પછી પણ ઘાટકોપરના ઘરે ઘરે મહાસતીજી માસક્ષમણ તપના પારણાની ગૌચરી માટે પધાર્યા હતા એક સંકલ્પ સાથે કે જે ઘરમાં રડતી આંખ, માથું ઢાંકેલું અને સાકરના પાણીનો યોગ થશે ત્યાં સંકલ્પ પૂર્ણ થશે ત્યાંથી ગૌચરી વહોરાવીને પારણું કરશે. આ સંકલ્પ સાથે ઘરે ઘરે જતાં પારૂલબેન પરિમલભાઈ શાહના નિવાસ્થાને તેમનો સંકલ્પ (અભિગ્રહ) પૂર્ણ થતાં અહો દાનમ્ અહો દાનમ્ ના જયઘોષ ગુંજ્યો.

તપ અનુમોદના અવસરે પરમ ગુરુદેવે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ૩૦ દિવસની તપસ્યા દરમિયાન મહાસતીજી એ કોઈની સેવા લીધી નહોતી અને સદૈવ શાતામાં રહ્યાં છે. સંયમજીવનમાં તેમનું આ બીજું માસક્ષમણ છે. સંસારમાં પણ તેઓ મજબૂત હતાં અને સંયમજીવનમાં પણ તેમની દૃઢતા પ્રેરણારૂપ છે. તપશ્ચર્યા કરી શકે તે તો ધન્ય બને જ છે પરંતુ જે નથી કરી શકતાં તેઓ અનુમોદના કરીને સ્વયંની તપશ્ચર્યાના બીજ વાવી ધન્ય બની જતાં હોય છે. આવા તપસ્વી આત્મા પ્રત્યે સહજતાથી સહુના હૃદયમાં નતમસ્તક થઈ જવાની ભાવના જાગી જતી હોય છે. આ અવસરે સમગ્ર ચાતુર્માસના લાભાર્થી માનસીબેન તથા પરાગભાઈ શાહ અને મહાસતીજીનાં સાંસારિક માતા નીતાબેન, હિંગવાલા સંઘના પ્રમુખ દર્શકભાઈ રૂપાણી તેમજ મુકેશભાઈ કામદાર સહિત વિવિધ સંઘો દ્વારા મહાસતીજીની તપસ્યાની ભાવપૂર્વક અનુમોદના કરવામાં આવી હતી.

# ભીમ પેમેન્ટ એપ પર તાત્કાલીક એનપીએસ સુવિધા શરૂ : ઘરે બેઠા ખોલાવી શકાશે ખાતુ

## બેંક દ્વારા ચકાસાયેલા કેવાયસીનો ઉપયોગ કરી યુપીઆઈ મારફતે નાણા જમા કરાવી શકાશે

**અબતક, રાજકોટ**



એનપીસીઆઈ ભીમ સર્વિસિસ લિમિટેડ જે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની છે, તેણે આજે જાહેરાત કરી છે કે ભીમ પેમેન્ટ્સ ઍપ પર 'તત્કાલ એનપીએસ' સુવિધા હવે ઉપલબ્ધ છે. પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી દ્વારા શરૂ કરવામાં આવેલી આ સુવિધા વપરાશકર્તાઓને બેંકની શાખામાં ગયા વિના અથવા નવા દસ્તાવેજો જમા કરાવ્યા વિના, માત્ર ત્રણ પગલાંમાં ઍપ દ્વારા નેશનલ પેન્શન સિસ્ટમ ખાતું ખોલવાની સુવિધા આપે છે.ખાતું ખોલવાની આ પ્રક્રિયામાં બેંક દ્વારા અગાઉથી ચકાસાયેલ કેવાયસી વિગતોનો ઉપયોગ કરવામાં આવે છે. વપરાશકર્તાઓએ માત્ર પોતાની જન્મતારીખ દાખલ કરવાની, પાત્ર બેંક ખાતું પસંદ કરવાનું અને યુપીઆઈ દ્વારા એનપીએસમાં પ્રથમ વખત નાણાં જમા કરાવવાનાં રહેશે. હાલમાં ભીમ એપ પર સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઍક્સિસ બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને બેંક ઑફ બરોડાના ગ્રાહકો માટે 'તત્કાલ એનપીએસ' સુવિધા ઉપલબ્ધ છે. આગામી સમયમાં આ સુવિધા હેઠળ વધુ બેંકોને પણ સામેલ કરવામાં આવે તેવી અપેક્ષા છે.એનપીએસ વિશે વધુ માહિતી અને લાગુ નિયમો તથા શરતો જાણવા માટે વપરાશકર્તાઓ પીએફઆરડીએના સત્તાવાર એનપીએસ સંસાધનોનો સંદર્ભ લઈ શકે છે.

# અબતક સુરભી રાસોત્સવનું આંગણું અણમોલ અતિથિઓથી દીપી ઊઠ્યું: રાસવીરોની રંગત







## ખ્યાતનામ ગાયક કલાકારોના સુરીલા કંઠ, જિલ એન્ટરટેઈનમેન્ટના ઓરકેસ્ટ્રા અને દમદાર સાઉન્ડ સિસ્ટમ સાથે ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ; સુરક્ષા, કેન્ટીન અને સુવ્યવસ્થિત આયોજનથી રાસોત્સવ બન્યો રાજકોટની પહેલી પસંદ



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**ધારાસભ્ય ડો. દશિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રીઓ લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, વલ્લભ દુધાત્રા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી અને પૂર્વ ઉપાધ્યક્ષ રાજદીપસિંહ જાડેજા (વાવડી) સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા**

**અબતક, રાજકોટ**

રાજકોટના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલા 'અબતક સુરભી રાસોત્સવ'માં નવરાત્રીના રંગો ખીલી ઊઠ્યા છે. ભક્તિ, સંગીત અને ગુજરાતી સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમા આ રાસોત્સવમાં અણમોલ અતિથિઓની ઉપસ્થિતિએ આયોજનની શોભામાં વધારો કર્યો હતો, જ્યારે હજારો ખેલૈયાઓના થનગનાટથી સમગ્ર મેદાન ગરબામય બન્યું હતું. ભવ્ય આયોજન, ખ્યાતનામ કલાકારોની સંગીતમય રજૂઆત અને આધુનિક ટેકનોલોજીના સમન્વયે 'અબતક સુરભી રાસોત્સવ' રાજકોટના નવરાત્રી મહોત્સવમાં આગવી ઓળખ ઊભી કરી રહ્યો છે.

રાસોત્સવના આંગણે માર્ગી પટેલ, મિલન મહેર, જીગરદાન ગઢવી, શ્યામલ જાદવ, અનિતા શર્મા અને અલંકાર મોહતલિયાના સુરીલા કંઠે ગરબાની મહેફિલ જામી હતી. કલાકારોએ પ્રાચીન ગરબા, પરંપરાગત ધૂન અને લોકપ્રિય ગીતોની રજૂઆતથી ખેલૈયાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ગાયકી સાથે તાલ મિલાવતા જિલ એન્ટરટેઈનમેન્ટના ઓરકેસ્ટ્રાના અનુભવી સાજિંદાઓએ સંગીતની એવી જમાવટ કરી હતી કે ખેલૈયાઓ લાંબા સમય સુધી ગરબાના તાલે ઝૂમતા રહ્યા હતા.

'અબતક સુરભી રાસોત્સવ'માં સંગીતની ગુણવત્તા અને ભવ્યતા વિશેષ

વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા, વિશાળ અને મોકળું મેદાન, બેઠકની સુવિધા, આકર્ષક લાઈટિંગ અને સુવ્યવસ્થિત અવરજવરથી ખેલૈયાઓ નિરાંતે ગરબાનો આનંદ માણી શકે તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે.રાસોત્સવમાં આવતાં પરિવારો અને રાસરસિકો માટે કેન્ટીન તથા ફૂડ ઝોનની વ્યવસ્થા પણ વિશેષ ઉપયોગી બની રહી છે. ગરબા રમવાની સાથે નાસ્તા અને ખાણીપીણીની સુવિધા ઉપલબ્ધ થવાથી લોકો પરિવાર અને મિત્રો સાથે લાંબો સમય ઉત્સવનો આનંદ માણી શકે છે. સંગીત, સુરક્ષા અને ખાણીપીણીની સુવિધાઓનો સમન્વય રાસોત્સવને વધુ આકર્ષક

આકર્ષણ બની રહી છે. જિલ એન્ટરટેઈનમેન્ટના ઓરકેસ્ટ્રા ગ્રુપની તાલબદ્ધ સંગીતમય રજૂઆત, દમદાર સાઉન્ડ સિસ્ટમ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મેદાનમાં ઉત્સાહભર્યો માહોલ સર્જાય છે. ગરબાના દરેક તાલ સાથે ખેલૈયાઓનાં પગલાં અને સંગીતના સૂરનો અદ્ભુત મેળ જામે છે.

આકર્ષક રંગબેરંગી રોશનીથી ઝળહળતા વિશાળ ગ્રાઉન્ડમાં પરંપરાગત ગરબા અને આધુનિક સંગીતનો સમન્વય રાસોત્સવની રોનકમાં વધારો કરે છે.

વિશાળ સંખ્યામાં ઉમટતા ખેલૈયાઓ અને પરિવારજનોને સુખદ અનુભવ મળે તે માટે રાસોત્સવમાં સુવિધાઓ અને વ્યવસ્થાનો

બનાવે છે. પરંપરાગત ગુજરાતી સંસ્કૃતિને જીવંત રાખતા 'અબતક સુરભી રાસોત્સવ'માં ખ્યાતનામ ગાયકો, જિલ એન્ટરટેઈનમેન્ટનું ઓરકેસ્ટ્રા, આધુનિક સાઉન્ડ સિસ્ટમ, આકર્ષક રોશની અને સુવ્યવસ્થિત આયોજનનો સમન્વય જોવા મળી રહ્યો છે. ખેલૈયાઓનો વધતો ઉત્સાહ અને પરિવારજનોની ઉપસ્થિતિ રાજકોટના નવરાત્રી ઉત્સવની રંગતને વધુ ઉજળી બનાવી રહ્યાં છે.

## અબતક સુરભી રાસોત્સવના આંગણે મહાનુભાવોની ઉત્સાહવર્ધક ઉપસ્થિતિ

'અબતક સુરભી રાસોત્સવ'ના આંગણે રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, રાજકોટ શહેર ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ અને ક્ષત્રિય સમાજના અગ્રણી રાજદીપસિંહ જાડેજા, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, જિલ્લા કારોબારી ચેરમેન નરશીભાઈ સોજીત્રા, જિલ્લા પંચાયતના સભ્ય અશોકભાઈ ઉંધાડ, તાલુકા ભાજપ પ્રમુખ રસિકભાઈ સાખિયા, જયંતિભાઈ કાકડિયા, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા મહામંત્રી લલીતભાઈ વાડોલીયા મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા તથા તીર્થરાજસિંહ જેતપુર તાલુકા ભાજપના મહામંત્રી દર્શનભાઈ વલાણી, ઈન્ડિયન ઓઈલના નૈમિષ દેસમુખ તેમજ પીજીવીસીએલના અધિકારીઓ પી.જે. મહેતા, બી.આર. વડાવીયા, નીતિનભાઈ રૂઘાણી અને જીતુભાઈ ભટ્ટ પરિવાર સાથે તેમજ રિલાયન્સના પરીશભાઈ જોશી તેમજ તેમના ધર્મપત્ની હાર્દિકબેન જોશી અને જાણીતા તારા શાસ્ત્રી વિજયભાઈ વ્યાસ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.









તસવીરઃ પ્રવિણ દોંગા

















સત્ય, સાહસ અને સમર્પણના
વધુ એક યશસ્વી વર્ષ
બદલ અબતક સાંધ્ય દૈનિકને
સ્થાપના દિવસની અનંત
શુભેચ્છાઓ

એક શુભેચ્છક



# વીવીપી કોલેજમાં નવરાત્રી મહોત્સવની જાજરમાન ઉજવણી

**અબતક, રાજકોટ**

વીવીપી કોલેજમાં નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી થઈ હતી. માઁ આદ્યાશકિતની આરતી અને આરાધનાના આ પર્વ નિમિત્તે વીવીપી ડીગ્રી એન્જીનીયરીંગ, ડીપ્લોમાં એન્જીનીયરીંગ, આર્કીટેકચર અને કીચ સ્કૂલ ઓફ ડિઝાઈન કોલેજના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, પરિવારજનો અને આમંત્રીતોએ રાસગરબાના તાલે નાચીને રમઝટ બોલાવી હતી.



## વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ પરિવારજનો ગરબાના તાલે ડોલીને રમઝટ બોલાવી

રાસોત્સવના આ કાર્યક્રમમાં ભાનુબેન બાબરીયા-ધારાસભ્ય, વલ્લભભાઈ કથીરીયા-રાષ્ટ્રીય કામધેનું આયોગના ચેરમેન, તુષારભાઈ મહેતા, પ્રવિણભાઈ ધોળકીયા, નિકુંજભાઈ ધોળકીયા, ચંદ્રેશભાઈ ધોળકીયા, વિશ્વ હિન્દુ પરીષદના શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, નિતેશભાઈ કથીરીયા, દિનેશભાઈ પાઠક-ચેરમેન રા.ના.સહ.બેંક, કોર્પોરેટ મનીષભાઈ ભટ્ટ-શોશ્યલ વેલફેર એન્ડ કલ્ચર કમિટિના ચેરમેન, ક્રિશ્નકાંતભાઈ ધોળકીયા- ધોળકીયા સ્કૂલ, ડી. વી. મહેતા-જીનીયસ સ્કૂલ, સુદિપભાઈ મહેતા-શક્તિ સ્કૂલ, કપુરસાહેબ-વિદ્યાનિકેતન સ્કૂલ, ડો. અલ્પેશભાઈ જોષી-સ્વતિક સ્કૂલ ઓફ સાયન્સ, જયેશભાઈ જાની-એડવોકેટ, મહિલા અગ્રણીઓ શ્રીમતી કાંતાબેન કથીરીયા, જસ્મીનબેન પાઠક તેમજ નામાંકીત ઈન્ડસ્ટ્રીઝના સંચાલકો તથા વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ તથા વીવીપીના ટ્રસ્ટીઓ ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠ ઉપિસ્થત રહ્યા હતા.

# સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન દ્વારા રવિવારે કન્યા વિદ્યોતેજક સ્કોલરશીપ અને વ્યાજમુક્ત લોન સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ

## ધો. ૯ થી ૧૨ ની વિદ્યાર્થિનીઓ અને ઉચ્ચ વ્યવસાયીક અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓને અપાશે સહાય

**અબતક, રાજકોટ**

સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન-રાજકોટ તથા વોરા વેલફેર ફાઉન્ડેશન, રાજકોટ તેમજ અન્ય દાતાઓના આર્થિક સહયોગથી ગ્રામીણ તેમ જ શહેરી વિસ્તારની આર્થિક રીતે જરૂરિયાતમંદ તેજસ્વી કન્યાઓને ધોરણ-૯થી ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરવા માટે શ્રીમતી ઉષાબહેન જાની કન્યા વિદ્યોત્તેજક સ્કોલરશિપ વિતરણ તેમ જ યુવા પ્રગતિ, યુ. એસ. એ. તથા અન્ય દાતાઓના આર્થિક સહયોગથી આર્થિક રીતે જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ વ્યાવસાયિક અને ટેકનિકલ અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે વ્યાજમુક્ત લોન ફ સ્કોલરશિપ વિતરણનો કાર્યક્રમ તા. ૧૮મી, ઓકટોબર, ૨૦૨૬ ને રવિવારે બપોરના ૩-૦૦ વાગ્યે સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન સંચાલિત ઈન્સ્ટિટયુટ ઓફ કવોલિટિ એજયુકેશન, ૯, જલારામ પ્લોટ-૨, મેઈન રોડ, મહર્ષિ ટાવર સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.

આ યોજનાઓ અંતર્ગત છેલ્લાં સતર વર્ષ દરમિયાન કન્યા વિદ્યોત્તેજક સ્કોલરશિપ યોજના હેઠળ ૮૧૧૨ આર્થિક જરૂરિયાતમંદ કન્યાઓ લાભાન્વિત થયેલ છે, જેમને કુલ મળીને રૂ. ૫, ૦૦, ૧૬, ૪૯૦/- ની સહાય કરવામાં આવી છે.

# આયુર્વેદના અભ્યાસમાં ગાર્ડી વિદ્યાર્થીઓ સફળતાનો શતક

## વી.એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદના બી.એ.એમ.એસ. બેચના તમામ વિદ્યાર્થીઓ ઉતીર્ણ



**અબતક, રાજકોટ**

આણંદપર સ્થિત ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત વી. એમ. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદે શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બી.એ.એમ.એસ.ની અંતિમ વર્ષની પરીક્ષામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ની બેચના તમામ વિદ્યાર્થીઓ સફળ થતાં સંસ્થાએ ૧૦૦ ટકા પરિણામ મેળવી ગૌરવ વધાર્યું છે.

વિદ્યાર્થીઓની અથાગ મહેનત, અભ્યાસ પ્રત્યેની નિષ્ઠા, અધ્યાપકોનું સચોટ માર્ગદર્શન અને સંસ્થાના ગુણવત્તાસભર શિક્ષણના સંયુક્ત પ્રયાસોથી આ સફળતા પ્રાપ્ત થઈ છે. આ પરિણામે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં આનંદની લાગણી પ્રસરી છે. આ સિદ્ધિ બદલ ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડિરેક્ટર જયભાઈ મહેતા, વી. એમ. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદના પ્રિન્સિપાલ ડો. રવિકાંત ગોયલ તેમજ અધ્યાપકોએ તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં અને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# સરગમ કલબ દ્વારા પંચામૃત સાંસ્કૃતિક મહોત્સવ

## ડી.એચ.કોલેજના મેદાનમાં તા.૨૧ થી ૨૫ સુધી સરગમી રાસોત્સવ, સંગીત સંધ્યા, હસાયરો, લોકડાયરો, અને મ્યુઝીકલ નાઈટ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

યાજ્ઞિક રોડ ઉપર ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ) નાં ગ્રાઉન્ડમાં ગોપી રાસોત્સવનું આયોજન કર્યા બાદ હવે સરગમ કલબ અને સરગમ લેડીઝ કલબ દ્વારા રાજકોટની કલા પ્રેમી જનતા માટે વિનામૂલ્યે એક એક થી ચડિયાતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ પંચામૃત સાંસ્કૃતિક મહોત્સવ અંતર્ગત રાસોત્સવ, સંગીત સંધ્યા, લોકડાયરો,હસાયરો, અને મ્યુઝીકલ નાઈટ જેવા કાર્યક્રમો યોજાશે અને તેમાં જાણીતા કલાકારો રાજકોટ ની પ્રજાનું મનોરંજન કરશે.

આ કાર્યક્રમો અંગે વિગતો આપતા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મૌલેશભાઈ પટેલ એ કહ્યું છે કે, નવરાત્રી પૂરી થાય એટલે તરત જ તા. ૨૧/૧૦/૨૬ થી વિવિધ કાર્યક્રમો યોજાશે.

તા. ૨૧/૧૦/૨૬ના બુધવાર ની રાત્રે ૮/૦૦ વાગ્યે સરગમ કલબ અને મારવાડી/ ચંદારાણા એજ્યુકેશનના સંયુકત ઉપક્રમે રાસોત્સવ યોજાશે. આ કાર્યક્રમમાં સરગમ પરિવારના સભ્યો અને સરગમ જેન્ટ્સ કલબ, સરગમ કપલ કલબ, સરગમ સીનીયર સિટીઝન કલબ, સરગમ લેડીઝ કલબ, ઈવનિંગ પોસ્ટ ના સભ્યો જોડાશે. આ રાસોત્સવ નિહાળવા માટે જાહેર જનતાને આમંત્રણ આપવામાં આવેલ છે.

સરગમ કલબ, ક્લાસીક નેટવર્ક પ્રા.લી અને સન ફોર્જ પ્રા.લી ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨/૧૦/૨૬ ને ગુરુવાર રાત્રે ૮/૦૦ વાગ્યે સંગીત સંધ્યા યોજાશે. રાજકોટ ની જાહેર જનતા તેમજ સરગમ પરીવાર ના તમામ સભ્યો ને વિનામૂલ્યે પ્રવેશ મળશે.

સરગમ કલબ, એચ.પી. રાજગુરુ તેમ જ કેર ફોર હોમના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩/૧૦/૨૬ ને શુક્રવારે રાત્રે ૮/૦૦ વાગ્યે હસાયરો યોજાશે. આ હસાયરામાં સાંઈરામ દવે (રાજકોટ), ધીરુભાઈ સરવૈયા (ખીરસરા), અવનીબેન વ્યાસ (રાજકોટ), ગુણવંતભાઈ ચુડાસમા વગેરે હાસ્યરસ પીરસશે.

સરગમ કલબ અને જે.પી. સ્ટ્રકચરર્સ પ્રા.લી. અને બાન લેબના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪/૧૦/૨૬ મી ને શનિવારે રાત્રે ૮/૦૦ વાગ્યે લોકડાયરો યોજાશે. આ લોકડાયરામાં માયાભાઈ આહીર, રાજભા ગઢવી, ધીરુભાઈ સરવૈયા, સંગીતાબેન લાબડિયા, અભયસિંહ રાઠોડ, ફરિદાબેન મિર પોતાની કલા પીરસશે. સરગમ કલબ, The DML Group અને પૂજારા નાં સંયુક્ત ઉપક્રમે તા. ૨૫/૧૦/૨૬ મી રવિવારે રાત્રે ૮/૦૦ વાગ્યે ભવ્ય મ્યુઝીકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું છે. આ મ્યુઝીકલ નાઈટમાં બોલીવુડના પ્લેબેક સિંગર દેવયાની બેન્દ્રે, સન્ની, આનંદ પલવકર, શેફાલી ટગરશી અને મોહસીન શેખ વગેરે જાહેર જનતાને ગીત સંગીતનાં મહાસાગરમાં લઈ જશે.




# બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટની માનવતા ભરી પહેલ થકી ૩ લાખ દર્દીઓને મળ્યો મેડિકલ સાધનોનો સાથ

## બિન-ઉપયોગી મેડિકલ સાધનો સંસ્થાને અનુદાન રૂપે આપવા પ્રમુખની અપીલ

**અબતક, રાજકોટ**

આજની કાળઝાળ-મધ્યમ વર્ગને દઝાડતી મોંઘાવારી અને આવા સમયે પરિવારના કોઈ સદસ્યની બિમારી ખર્ચાળ મેડીકલ સેવાઓ. આવા કપરા સમયે ''માનવ સેવા એ જ પ્રભુ સેવા'' ના સૂત્રને વાસ્તવરૂપે અનુસરતુ ટ્રસ્ટ જરૂરતમંદ દરદીઓને મેડીકલ સાધનોની સેવા પુરી પાડીને અનેક લોકોના આશિર્વાદ મેળવી રહયુ છે.

બોલબાલા મેડિકલ સાધન સેવા પ્રોજેકટ દ્વારા જરૂરીયાતમંદ દર્દીઓની સેવાનું ઉમદા કાર્ય કરવામાં આવી રહયુ છે આ પ્રોજેકટ અંતર્ગત અત્યાર સુધીમાં ૩ લાખથી વધુ દર્દીઓને મેડિકલ સાધનનો લાભ આપવામાં આવ્યો છે.

## રાંદલ માતાજીના ૨૨૫ સમૂહ લોટાનું ગુરૂવારે ભવ્ય આયોજન

બીમારી, અકસ્માત, શારીરિક અશકતતા કે લાંબા સમય સુધી પથારીવશ રહેવાની પરિસ્થિતમાં દર્દી અને તેના પરિવારને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવા સમયે જરૂરિયાત મુજબનાં સાધનો ઉપયોગ માટે ઉપલબ્ધ થાય તો દર્દી તથા તેના પરિવારને મોટી રાહત મળી શકે છે.

શહેર જિલ્લા તથા સૌરાષ્ટ્ર ગુજરાતમાં ૪ થી ૫ બ્રાંચ ટુંક સમયમાં પ્રારંભ કરવા ત્યારીઓ કરવામાં આવી રહી છે. વધુ વિગત માટે બોલબાલા મુખ્ય કાર્યાલયનો સંપર્ક ૦૨૮૧-૨૨૩૭૦૦૦ કરવાનો રહેશે.

### ધુન-કિર્તન, રાસ-ગરબાની રમઝટ દ્વારા માઁ રાંદલને પ્રસન્ન કરવાનો અનોખો અવસર

બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ગુરૂવારે મોઢ વણિક જ્ઞાતિની વાડી રજપુતપરા ગોંડલ રોડ ખાતે ૨૫૨ રાંદલ માતાજીના સમુહ લોટા ધાર્મીક આયોજન કરવામાં આવ્યુ છે. ૨૦૦૦ થી વધુ ગોરણીના પગ ધોઈ પૂજન કરી પ્રસાદ સાથે ગીફ્ટ આપવામાં રાંદલની ઉપાસના કરી આર્શીવાદ પ્રાપ્ત થાય તે હેતુ આ ધાર્મીક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. વહેલી સવાર થી માતાજીની પુજા-વીધી તેમજ બપોરે ગરબા તેમજ સાંજે ૭ કલાકે ૧૦૦૧ દિવાની દિપમાળા કરી માહાઆરતી તેમજ આખી રાતનું જાગરણ કરી માં રાંદલ ને રાજી કરવામાં આવશે.

# પ્રશાસક પ્રફુલ પટેલે દાદરાનગર હવેલીમાં વિવિધ વિકાસ કામોની સમીક્ષા કરી

## નાગરિકોને વધુ સારી જાહેર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા પ્રફુલ પટેલે અધિકારીઓને દિશાનિર્દેશ આપ્યા

**અબતક, સેલવાસ**



દાદરા અને નગરહવેલીના પ્રશાસક પ્રફુલ્લ પટેલે ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દાદરા અને નગરહવેલીમાં તેમના નિરીક્ષણ પ્રવાસના પ્રથમ દિવસે વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની સ્થળ પર જઈને ઝીણવટભરી સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે મુખ્ય માળખાકીય સુવિધાઓ અને જાહેર ઉપયોગિતાના પ્રોજેક્ટ્સનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું તથા સંબંધિત અધિકારીઓને તમામ ચાલુ કામગીરીમાં સમયસર પૂર્ણતા, ઉચ્ચ ગુણવત્તાનું ધોરણ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે સ્પષ્ટ નિર્દેશો આપ્યા હતા.

પોતાના નિરીક્ષણ પ્રવાસ દરમિયાન પ્રશાસકશ્રીએ સિલવાસાના વિવિધ વિસ્તારો અને સરકારી પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. જેમાં જાહેર માળખાકીય સુવિધાઓ, નરોલી પ્રવેશદ્વાર, નરોલી ઉચ્ચતર માધ્યમિક શાળા, અથલ ટી-જંક્શન એફઓબી, પીપરીયા રિંગ રોડ, યાત્રી નિવાસ, ધ્યાન કળશ શાળા, પંચાયત બજાર, સેન્ટ્રલ પાર્ક, ક્વાઈટ રોડ, શાકભાજી બજાર, નમો હોસ્પિટલ ફેઝ II, બાયપાસ એફઓબી અંડરપાસ જંક્શન, સિલવાસા બસ સ્ટેન્ડ, મસ્જિદ સ્કૂલ અને વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળોએ પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સની મુલાકાત લઈને તેમણે સંબંધિત અધિકારીઓને ચાલુ કામો નિર્ધારિત સમયમર્યાદામાં ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા અને ક્ષેત્રના નાગરિકોને વધુમાં વધુ તથા શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા માટે જરૂરી તમામ સૂચનાઓ આપી હતી.

# સહિયર રાસોત્સવમાં ડાકલા, ટીમલી અને છલડો રાસના તાલે ખેલૈયાઓ ઝૂમ્યાં

## આવતીકાલે 'સફેદ પરિંદે' થીમ પર ગરબાનું આયોજન

**અબતક, રાજકોટ**

સહિયર કલબ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં નવલા નોરતાની પાંચમી રઢિયાળી રાત્રે ખેલૈયાઓની ભારે ભીડ જોવા મળી હતી. સહિયર કલબના પ્રેસિડેન્ટ સુરેન્દ્રસિંહ વાળા, ક્રિષ્નાપાલસિંહ વાળા સહિતના તમામ આયોજકોના નિમંત્રણ પર આદ્યાશક્તિની મહાઆરતી કરવા મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનને બિરદાવવા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા યુવા સાંસદ કેશરીદેવસિંહ જાડેજા, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, પૂર્વ મંત્રી ગોવિંદ પટેલ, ગોંડલના યુવા આગેવાન જ્યોતિરાદિત્યસિંહ જાડેજા (ગણેશભાઈ) સહિત અનેક રાજકીય, સામાજિક શ્રેષ્ઠીઓ અને વિશિષ્ટ મહેમાનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદા (હીરો) ઈ-વ્હૂટરના પ્રતિનિધિ અશોકભાઈ પટેલ, રોહિત શર્મા, ચિંતન દવે તેમજ દિલ્હીથી પધારેલા બેઈ પ્રોડક્શનના ફાઉન્ડર કરન મદનજીનું સહિયરના પ્રેસિડેન્ટ સુરેન્દ્રસિંહ વાળા દ્વારા ભાતીગળ ઉપવસ્ત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.



ખેલૈયાઓ ડાકલા, ટીમળી, ગરબી અને છકડો પેટર્ન પર રસોત્સવમાં મોજથી રમી રહ્યા છે. જાણીતા ગાયક રાહુલ મહેતા અને પૂનમ ગોંડલિયાના મધુર કંઠે ગરબાનો સુમેળ જામ્યો છે, જ્યારે મંચનું શબ્દ સંચાલન તેજસ શિશાંગિયા અને સંગીત સંચાલન 'જીલ એન્ટરટેઈનમેન્ટ' દ્વારા કરવામાં આવી રહ્યું છે.

રાસ-ગરબા સ્પર્ધામાં સીનિયર પ્રિન્સ તરીકે સમીર વસાણી અને પ્રિન્સેસ તરીકે નિયતિ રઘુવંશી તથા કરન ડાભી અને વિધી રાયચુરા વિજેતા જાહેર થયા હતા. આ ઉપરાંત જુનિયર કેટેગરીમાં હિરેન હળવદિયા, અમન પટેલ, ભાવેશ ડાભી, રાજ જેસાણી, આદેશ દમાઈ, વંશ વાઘેલા, રચના જોષી, અવની અગ્રાવત, નિકીતા વેદિયા, રૂહી વેકરિયા, ક્રિષ્ના લોટિયા અને આરાધ્ય રાબડિયા વિજેતા બન્યા હતા, જ્યારે બેસ્ટ ગ્રુપનો પુરસ્કાર માલધારી ગ્રુપને આપવામાં આવ્યો હતો. સહિયર કલબ દ્વારા શનિવારે 'સફેદ પરીધાં'થીમ રાખવામાં આવી છે.

# મોટલ ધ વિલેજ ખાતે 'આદ્યશક્તિ નવરાત્રી'માં કે ટ્યુન બેન્ડના તાલે યુવાનો ગરબે ઘૂમ્યા

## ડમરૂ' ફિલ્મના કલાકારો મૌલિક ચૌહાણ અને નિરાલી ઓઝાએ ખેલૈયાઓ સાથે ગરબે ઘૂમી ઉત્સવની રૌનક વધારી

**અબતક, રાજકોટ**



નવલા નોરતા દરમિયાન મોટલ ધ વિલેજના સુંદર અને રળિયામણા વાતાવરણમાં આયોજિત ''આદ્યશકિત નવરાત્રી'' મહોત્સવમાં હજારો ખેલૈયાઓ મન મૂકીને રાસ-ગરબે ઘૂમી રહ્યા છે. સુંદર આયોજન, ભવ્ય ડેકોરેશન અને કે - ૨૪ ઓર્કેસ્ટ્રાના ધમાકેદાર સૂર-તાલ તેમજ બેકગ્રાઉન્ડ મ્યુઝિકના કારકિર્દી પ્રદર્શનથી ગરબાપ્રેમી ખેલૈયાઓની મજા પડી ગઈ છે.

આદ્યશક્તિ નવરાત્રી પરિવારના ખાસ આમંત્રણને માન આપીને 'ડમરુ' ફિલ્મના કલાકારો મહોત્સવમાં પધાર્યા હતા. આ ફિલ્મ બોલિવૂડ/ગુજરાતી કલાકારો 'મૌલિક ચૌહાણ' અને 'નિરાલી ઓઝા'એ ખેલૈયાઓ સાથે રાસ રમીને નવરાત્રી ઉત્સવમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. ડમરુ ફિલ્મના કલાકારોએ પણ આદ્યશકિત નવરાત્રીના ભવ્ય આયોજનના ભરપૂર વખાણ કર્યા હતા. સામે પક્ષે ''આદ્યશક્તિ નવરાત્રી'' ટીમ દ્વારા પણ તેમને તેમની આગામી ફિલ્મ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.એમ.ટી.વી અને યુવી બિઝનેસ પ્રસ્તુત - ''આદ્યશકિત નવરાત્રી'' મહોત્સવમાં સંસ્કૃતિ, પ્રકૃતિ અને સંતૃપ્તિનો શુભ સમન્વય રચાયો છે આયોજનની વધુ વિગત અને પાસ માટે ૯૪૨૭૫ ૬૪૦૯૪, ૯૭૨૭૨ ૩૩૨૯૭ તથા ૯૯૭૯૩ ૧૪૧૪૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# 'ઉમિયાજી ગરબી'માં ભૂલકાંઓ દ્વારા શિવતાંડવ અને પૌરાણિક વેશભૂષાની આકર્ષક પ્રસ્તુતિ

**અબતક, રાજકોટ**

શહેરના નાનામૌવા રોડ સ્થિત દીપવન પાર્કમાં 'શ્રી ઉમિયા ગરબી મંડળ' દ્વારા નવરાત્રિ મહોત્સવની ભકિતભાવ અને પરંપરાગત ઉત્સાહ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ મહોત્સવ અંતર્ગત નાની બાળાઓ અને ભૂલકાંઓ દ્વારા 'ભગવાન-ભક્ત' થીમ પર આધારિત દેવી-દેવતાઓની પૌરાણિક વેશભૂષા તથા આકર્ષક શિવતાંડવની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બાળકો દ્વારા રજૂ થયેલ શિવગણ અને કંકાલના વિશિષ્ટ પરિધાન સાથેની કૃતિ સમગ્ર કાર્યક્રમમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## શિવગણ અને કંકાલના વિશિષ્ટ પરિધાન સાથેની કૃતિ બની આકર્ષણનું કેન્દ્ર



આ પ્રસંગે ગરબી મંડળના સભ્યો દિપ્તીબેન, રશ્મિબેન, અલ્પાબેન, બિન્દુબેન, વર્ષાબેન, વસંતભાઈ તથા અનિલભાઈએ જણાવ્યું હતું કે, આવા આયોજનો માત્ર મનોરંજન પૂરતા મર્યાદિત ન રહેતાં નવી પેઢીમાં ભક્તિ, ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના સંસ્કારોનું સિંચન કરી ભગવાન સાથે જોડાણ કરાવવાનો અમારો મુખ્ય હેતુ છે.

# ગીર સોમનાથ, બોટાદ, મહિસાગર અને ખેડામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ સ્થપાશે

## ડાયાલિસિસ માટે ઓછામા ઓછી ૧૦ પથારી ધરાવતું યુનિટ રાખવું પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં તબીબી શિક્ષણનો વ્યાપ વધારવા અને આરોગ્ય સેવાઓને વધુ સુદઢ બનાવવા માટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડા, મહીસાગર, બોટાદ અને ગીર-સોમનાથ જિલ્લાની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને ત્યાં આધુનિક સુવિધાઓથી સજ્જ બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજો સ્થાપવા માટે સંબંધિત સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી છે.



આ યોજના હેઠળ ખેડા જિલ્લામાં ગયાપ્રસાદ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. મહીસાગર જિલ્લામાં શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુલ, કલોલ (સ્વામિનારાયણ યુનિવર્સિટી), ગીર-સોમનાથ જિલ્લામાં ચાણક્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાવળ તથા બોટાદ જિલ્લામાં ડેલ્ટા મિલેનિયમ મેડિકેર પ્રાઈવેટ લિમિટેડ, ભડિયાદ (મોરબી) દ્વારા આધુનિક મેડિકલ કોલેજો અને હોસ્પિટલો વિકસાવવામાં આવશે.

આ અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ

(અનુ. આઠમા પાને)

### હાલની નિ:શુલ્ક સુવિધાઓ યથાવત જ રહેશે

પસંદગી પામેલી સંસ્થાઓએ સંબંધિત હોસ્પિટલોમાં નાગરિકોને હાલ આપવામાં આવતી તમામ નિ:શુલ્ક સુવિધાઓ યથાવત રાખવાની રહેશે. આ ઉપરાંત, સગર્ભા મહિલાઓને પ્રસૂતિ બાદ તથા ૨૦ દિવસથી એક વર્ષ સુધીનાં બાળકોને સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર પૂરી પાડવાની રહેશે. ડાયાલિસિસ સેવાઓ માટે ઓછામાં ઓછા ૧૦ પથારી ધરાવતું યુનિટ કાર્યરત કરવાનું રહેશે. તેમજ ટ્રોમા અને અકસ્માતના દર્દીઓને તાત્કાલિક નિ:શુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે,

### રોગી કલ્યાણ સમિતિની રચના કરાશે

દર્દીલક્ષી સેવાઓના સુચારુ સંચાલન અને આયોજન માટે સંબંધિત જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં નવી રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવશે. આ પ્રોજેક્ટના અમલીકરણથી સ્થાનિક સ્તરે તબીબી શિક્ષણની બેઠકોમાં વધારો થવાની સાથે નાગરિકોને આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ વધુ સરળતાથી મળી રહેશે, તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતુ.

# ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં: વરદાયિની માતાજીના દર્શન કરશે

## માણસામાં બહુચર માતાજીના મંદિરે આરતીમાં સામેલ થશે



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજે એક દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે તેઓ બપોરથી રાત્રી સુધી ૭ કલાકના રોકાણ દરમિયાન અલગ અલગ પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે.

આજે બપોરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહનું ગુજરાતમાં આગમન થશે તેઓ સૌ પ્રથમ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા પ્રેરણાતીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. નરરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે ત્યારબાદ પાલડી સ્થિત શ્રી

(અનુ. આઠમા પાને)


RKUNIVERSITY
इलेक्ट्रॉनिकी एवं सूचना प्रौद्योगिकी मंत्रालय MINISTRY OF ELECTRONICS AND INFORMATION TECHNOLOGY
MeitY Startup Hub
Digital India
KSPCFE | RKU
K S Patel Centre for Entrepreneurship

CALL FOR APPLICATIONS
MeitY GENESIS Pilot 2.0

Turn Your Solution Into Real-World Impact
Funding Up To
Rs. 40 Lakh
Pilot POs/WOs per Startup
To register, visit:
www.rku.ac.in/cfe/cfa26
Scan QR Code for Registration:
Last date to submit application: October 30, 2026
Contact: +91 93289 03508
Email: cfe@rku.ac.in



BEST COMPLIMENTS
ABTAK NEWSPAPER
VAGHANI
SHARES AND SECURITIES PVT. LTD





JEET VAGHANI
(DIRECTOR)
Mo.8320673366 / 9408894614
311, Jasal Comlex, 150 Feet Ring Road, NanaVati Chaok, Opp. Sterling Hospital, Rajkot - 360005



અબતક સાંધ્ય દૈનિક
સફળતાના શિખરો સર કરે તેવી
જન્મદિને હાર્દિક શુભેચ્છા...





RPBC
પરિવાર



સફળતાના 15 વર્ષ પૂર્ણ કરી 16 મા વર્ષમાં
મંગલ પ્રવેશ પ્રસંગે સાંધ્ય દૈનિક ન્યૂઝ પેપર
અબતક સાંધ્ય દૈનિક ને હાર્દિક શુભેચ્છા
MUTUAL FUNDS Sahi Hai
SIP KARO MAST RAHO





ભરોસા માં રોકાણ અને રોકાણ પર ભરોસો





SINCE : 2000
શ્રી મેહુલ એમ. રવાણી
અરિહંત ઈન્વેસ્ટમેન્ટ
રાજકોટ
Mob. 98258 82579 Customer Care No.: 98258 82539
Mutual Fund Investments Are Subject To Market Risks.
Please Read All Schemes Related Documents Carefully Before Investing.


